શ્રી

रसिक स्तवनावळी.

ભાગ ૧ લો.

ચૈતવંદનો, સ્તવનો, થોયો, સઝાયો, ગાવાનાં
ગીતો, લાવણીઓ, ગુંહલીઓ, પારણું,
ઓચ્છવ, આરતીઓ, મંગળદીવા,
તથા ચૈતવંદન કરવાની
વિધિ સુદ્ધાંત.

સંગ્રહ કરીને પ્રસિદ્ધ કરનાર.

મુ. પ્રેમચંદ નગીનદાસ.

અમદાવાદમાં.

પાનકોરને નાકે ઘાંચીની વાડીમાં
એંગ્લો વર્નાક્યુલર પ્રિન્ટિંગ પ્રેસમાં
શા૦ નથુભાઈ રતનચંદે છાપી.

સંવત ૧૯૪૫—સને ૧૮૮૯

કિંમત રૂ ૦-૮-૦

श्री

रसिक स्तवनावळी.

ભાગ ૧ લો.

ચૈતવંદનો, સ્તવનો, થોયો, સઝાયો, ગાવાનાં
ગીતો, લાવણીઓ, ગુંહલીઓ, પારણું,
ઓચ્છવ, આરતીઓ, મંગળ
દીવો, તથા ચૈતવંદન
કરવાની વિધિ
સુદ્ધાંત.

છપાવી પ્રસિદ્ધ કરનાર
શા૦ પ્રેમચંદ નગીનદાસ.

સંવત ૧૯૪૫—સને ૧૮૮૯
કીંમત ૦-૮-૦.

અમદાવાદમાં

પાનકોરને નાકે ઘાંચીનીવાડીમાં "એંગ્લો વર્નાક્યુલર પ્રીટીંગ પ્રેસમાં"

નથુભાઈ રતનચંદે છાપી.

સાંકળિયું

થોયો.

સઝાયો.

ગાવાનાં ગીત.

લાવણીઓ

ગુંહુલીઓ.

ચોવીસ તિર્થંકરોનાં નામ તથા માતા પીતાનાં નામ વિગેરેનો કોઠો.

નંબર	તિર્થંકરનાં નામ.	માતાનાં નામ	પીતાનાં નામ	લંછન	જન્મભુમી.
૧	રીખવદેવ.	મરૂદેવામાતા.	નાભિરાજા.	રૂષભ.	વિનીતા.
૨	અજીતનાથ.	વીજયામાતા.	જીતશત્રુરાજા.	હાથી.	અયોધ્યા.
૩	સંભવનાથ.	સેનામાતા.	જીતારીરાજા	ઘોડો.	સાવછી.
૪	અભિનંદન.	સિદ્ધાર્થામાતા.	સંવરરાજા.	વાંદરો.	વિનીતા.
૫	સુમતીનાથ.	મંગલામાતા.	મેઘરાજા.	ક્રૌંચપક્ષી.	કોશલા.
૬	પદમપ્રભુ	સુશિલામાતા.	ધરરાજા.	રાતુકમલ.	કોશંબી.
૭	સુપાર્શ્વનાથ.	પ્રથ્વીમાતા.	પ્રતીષ્ટરાજા.	સાથીઓ.	વણારસી.
૮	ચંદ્રપ્રભુ.	લક્ષમણામાતા.	મહાસેનરાજા.	ચંદ્રમા.	ચંદ્રપુરી.
૯	સુવિધિનાથ.	રાંમામાતા.	સુગ્રીવરાજા.	મચ્છમધર.	કાકંદી.
૧૦	શિતળનાથ.	નંદામાતા.	દ્રઢરથરાજા.	શીવછ.	ભદ્દિલપુર.

૧૧	શ્રેયાંસનાથ.	વિષ્નુમાતા.	વિષ્નુરાજા.	ખડગી.	સિંહપુર.
૧૨	વાસુપુન્ય.	જયામાતા.	વસુપુજ્યરાજા.	પાડો.	ચંપાપુરી.
૧૩	વીમળનાથ.	સ્યામામાતા.	સુતવર્મરાજા.	સુઅર.	કંપીલપુર.
૧૪	અનંતનાથ.	સુયસામાતા.	સિંહસેનરાજા.	સેચાંણો.	અયોધ્યા.
૧૫	ધરમનાથ.	સુવ્રતામાતા.	ભાનુરાજા.	વજર.	રત્નપુરી.
૧૬	સાંતિનાથ.	અચિરામાતા	વીશ્વસેન.	હરણ.	આશીનાઉર.
૧૭	કુંથુંનાથ.	શ્રીમાતા.	સુરરાજા.	બોકડો.	ગજપુરી.
૧૮	અરનાથ.	દેવીમાતા.	સુંદર્શનરાજા.	નંદાવ્રતસાથીયો.	નાગપુરી.
૧૯	મલ્લીનાથ.	પ્રભાવતીમાતા.	કુંભરાજા.	કળસ.	મિથિલા.
૨૦	મુનીસુવ્રત.	પદ્માવતા.	સુમિત્રરાજા.	કાચબો.	રાજગીરી.
૨૧	નમીનાથ.	વિપ્રામાતા.	વીજયરાજા.	નીલકમલ.	મહીલા.
૨૨	નેમનાથ.	સીવાદેવીમાતા.	સમુદ્રવીજય.	સંખ.	સોરિપુર.
૨૩	પારશ્વનાથ.	વીમામાતા.	અશ્વસેન.	સર્પ.	વનારસી.
૨૪	મહાવીર.	ત્રિસલામાતા.	સિદ્ધાર્થરાજા.	સિંહ.	ખત્રિકુંડ.

३९४९

અથ શ્રી
રસિક સ્તવનાવળી.

ભાગ ૧ લો.

દોહરો.

જ્ઞાન સમો કોઈ ધન નહી, સમતા સમો નહી સુખ;
જીવીત સમ આશા નહીં, લોભ સમો નહીં દુઃખ. ૧

નમો અરિહંતાણું, નમો સિદ્ધાણું, નમો આયરીઆણું, નમો ઉવઝાયણું, નમો લોએસુવ્વ સાહુણું, એસોપંચ નમુકારો, સવ્વપાવપણાસણો મંગળાણુંચસવ્વેસિં, પઢમં, હવઈમંગલં, ઈતિ નવકાર.

પ્રભુ દર્શન સુખ સંપદા, પ્રભુ દર્શન નવ નિદ્ધ;
પ્રભુ દર્શનથી પામીએ, સકળ પદાર્થ સિદ્ધ. ૧

ભાવે જીનવર પુજીએ, ભાવે દિજે દાન;
ભાવે ભાવના ભાવીએ, ભાવે કેવળ ગ્નાન. ૨

જગતિઆધાર કીરપાવ તારં, દુર્વાર સંસાર વૈકાર વિરં;
શ્રીવીતરાગો તુંહી મુક્તિ ભાવા, વિઘ્ન પ્રભુ વિઘ્ન વયાની કંચન. ૧

દેખીરે અદભુત તાહારૂ રૂપ, અચૂરિજ ભવિકારૂપી પદવરો;
તાહારી ગત તું જાણે હો દેવ, સમરણુ ભજન તે વાચક જસ કહે. ૧

તું અકલંકી રૂપ સ્વરૂપી, પરમાનંદ પદ તું દાઈ;
તું સંકર બ્રહ્મા જગદીશ્વર, વિતરાગ તું નીરમાઈ. ૧
અનોપમ રૂપ દેખિ તુજ રીઝે, સુરનર નારી કે વંદ્રા;
નમો નિરંજન ફ્રણી પતી શેવીત, પાસ ગોડીચા સુરકંદા. ૨
કાને કુંડળ શીર છત્ર બીરાજે, ચક્ષુ ટીકા નીરધારી;
અષ્ટ બીજોરૂ હાથ શોઈએ, તુમ વદે સહુ નરનારી. ૩
જળ આવી પ્રભુ નાકે અડીઆં, આસન કંપ્યા નીરધારી;
નાગ નાગની છત્ર ધરેછે, જળ વરસાવ્યા નીરધારી. ૪
રૂપવિજય કહે સુણુ મેરી લાવણી, એસી શોભા બહુ સારી;
માતા પિતા બાંધવ સહુ સાથે, સંજમ લીધાં નીરધારી. ૫

પ્રભાતીઆં.

પાસ સંખેસરા સાર કર સેવકા, દેવતા એવડી વાર લાગે;
કોડી કર જોડી દરબાર આગે ખડા, ઠાકુરા ચાકુરા માન માગે. ૧
પ્રગટ થા પાસજી મેલી પડદો પરો, મોર અસુરાણુને આપ છોડો.
મુજ મહીરાંણ મંજુસમાં પેશીને, ખલકના નાથજી બંધ ખોલો.૨
જગતમાં દેવ જગદીશ તું જાગતો, એમ શું આજ જીનરાજ ઊંધે.
ગોટા દાનેશ્વરી, તેહને દાખીએ, દાન દે જેહ જગ કાળ મોંઘે. ૩
ભીડ પડી જાદવા જોર લાગી જરા, તતક્ષીણ ત્રીકમે તુજ સંભાર્યો.
પ્રગટ પાતાળથી પલકમાં તેં પ્રભુ, ભક્તિ જન તેહનો ભય નીવાર્યો।
આદી અનાદી અરીહંત તું એકછે, દીન દયાળ છે કોણ દુજો;
ઉદય રતન કહે પ્રગટ પ્રભુ પાશજી પામી ભય ભંજનો એહ પુજો.

———:o:———

ચાલોને પ્રીતમજી પ્યારા સેત્રુંજે જઈએ, સેત્રુંજે જઈએ.
ચાલો૦ એ આકણી શું સંસારે રહ્યાછો મુંજી, દિન દિન
તન છીજે, આઠ આભની છાયા સરખી, પોતાની કીજે.
ચા૦ ૧ જે કરવું તે પેલાં કીજે, કાલે શી વાતો, અણ
ચીંતવીઆં આવી પડસે, સબલાની લાતો. ચા૦ ૨ ચતુરાઈ
શું ચિતમાં ચેતી હાથે તે સાથે; મરણુ તણુ નીશાણુ મોટાં;
ગાજે છે માથે. ચા૦ ૩ માતા મરૂદેવા નંદન નરખી, ભવ
સફલો કીજે; દાનવીજે સાહેબની શેવા, એ સબલી લીજે ચાલે૦૪

———:*:———

ચૈતવંદનો.

સકલ કુશલ વલ્લી, પુષ્કરાવર્ત મેઘો, દુરિત તિમિર ભાનુ, કલ્પવૃક્ષો પમાનુ; ભવજલ નિધિપોતઃ સર્વ સંપત્તિ હેતુ; સ-ભવતુ સતતંવઃ શ્રેયસે શાંતિનાથ શ્રેયસે પારશ્વનાથઃ

સિદ્ધાચળજીનાં.

૧

વીમળ કેવળ ગ્નાન કમળા કલીત ત્રીંભુવન હિતકરં, સુરરાજ સંસ્તુત ચરણ પંકજ, નમો આદી જીનેશ્વરં. ૧ વીમલ ગીરીવર શ્રૃંગ મંડળ પ્રવર ગુણ ગણ ભુધરં, સુર અસુર કીનર કોડી સેવીત. નમો૦ ૩ કરતી નાટક કીંનરી ગણ ગાય જીન ગુણ મનહરં, નીજરાવળી નમે અહનીશ, નમો૦ ૩ પુંડરીક ગ-ણપતી સિદ્ધી સાધી કોડી પણ મુની મનહરં, શ્રી વીમલ ગીરીવર શ્રૃંગ સિધ્યા. નમો૦ ૪ નીજ સાધ્ય સાધન સુર મુનીવર કોડીનંત એ ગીરીવરં, મુગતી રમણી વરયા રંગે નમો૦ ૫ પાતાળ નર સુર લોક માંહી વીમલ ગીરીવર તો પરં, નહી અધીક તીરથ તીરથ પતી કહે નમો૦ ૬ ઇમ વીમળ ગીરીવર સીખર મંડણ દુઃખ વીહંડણ ધ્યાઈએ નીજ શુદ્ધ સત્તા સાધનાથ પરમ જ્યોતીને પાઈએ. જીત મોહ કો-હ વીછોહ નીદ્રા પરમ પદસ્થીત જયકરં, ગીરીરાજ શેવા કરન તતપર, પ વીજય સુહીતકરં. ૭

શ્રી સેત્રુંજય સિદ્ધ ખેત્ર, દીઠે દુરગતી વારે;
ભાવ ધરીને જે ચડે, તેને ભવ પાર ઉતારે. ૧
અનંત સિદ્ધનો એ ઠામ, સકળ તીરથનો રાય;
પુરવ નવાણુ રીખવ દેવ, જ્યાં ઠવીયા પ્રભુ પાય. ૨
સુરજ કુંડ સોહામણો, કવીડ જક્ષ ભીરામ;
નાભીરાયા કુલ મંડણો, જીનવર કરૂ પરમાણ. ૩

૩

આજ દેવ અરીહંત નમુ, સમરૂ તેરૂ નામ;
જ્યાં જ્યાં પ્રતીમા જીન તણી, ત્યાં ત્યાં કરૂ પરણાંમ. ૧
સેતુંજે શ્રી આદી દેવ, નેમ નમુ ગીરનાર;
તારંગે શ્રી અજીતનાથ, આબુ રીખવ જુહાર. ૨
અષ્ટાપદ ગીરી ઉપરે, જીન ચોવીશી જોડ;
મણીમય મુરત માનસું, ભરતે ભરાવી શોય. ૩
સમેત શીખર તીરથ વડો, જ્યાં વિશે જીન પાય;
વૈભાર ગીરીવર ઉપરે, વીર જીનેશ્વર રાય. ૪
માંડવગડનો રાજીઓ, નામે દેવ સુપાશ;
રીખવ કહે જીન સમરતાં, પોહોચે મનની આશ. ૫

૪

પદ્મ પ્રભુને વાસુપુજ્ય. દોય રાતા કહીએ;
ચંદ્રપ્રભુને સુવધીનાથ, દો ઉજળ લહીએ. ૧

મલ્લીનાથને પારશ્વનાથ, દો નીલા નીરખા;
મુનીસુવ્રતને નેમનાથ, દો અંજન સરીખા. ૨
શોભે જીન કંચન સમાએ, એહવા જીન ચોવીશ;
ધીર વીમળ પંડીત તણો, જ્ઞાન વીમળ કહે શિશ. ૩

૫

પ્રથમ તીર્થંકર તણા હુવા, ભવ તેર કહીજે;
શાંતી તણા ભવ બાર સાર, નવ ભવ નેમ લહીજે. ૧
દસ ભવ પાસ જીણંદને, સતાવીશ શ્રી વીર;
શેખ તીર્થંકર ત્રીહુ ભવે, પામ્યા ભવ જલ તીર. ૨
જ્યાંથી સમકીત ફરસીયું, ત્યાંથી ગણીએ તેહ;
ધીર વીમળ પંડીત તણો, જ્ઞાન વીમળ ગુણ ગેહ. ૩

૬

બાર ગુણ અરીહંત દેવ, પ્રણમીજે ભાવે;
સિદ્ધ આઠ ગુણ સમરતાં, દુઃખ દોહંગ જાવે. ૧
આચારજ ગુણ છત્રીસ, પંચવીસ ઉવઝાય;
સતાવીસ ગુણ સાધુના જપતા સુખ થાય. ૨
અષ્ટોતર સય ગુણ મલીએ, એમ સમરો નવકાર;
ધીર વીમળ પંડીત તણો, નય પ્રણમે નીત સાર. ૩

૭

પ્રહસમે ભાવ ધરી ઘણો, પ્રણમું મનરે આણંદ;
ધન વેળા ધન તે ઘડી. નિરખુ પ્રભુ મુખ ચંદ ૧

રિખભ અજીત સંભવ ભલા, અભીવંદન વંદુ;
સુમતી પદમ પ્રભુ જીનવરા, શ્રી સુપાસ જીનંદું. ૨
ચંદ્ર પ્રભુ સુવધી નમુ, શીતળ શ્રેયાંસ;
વાસપુજ્ય વિમળ પ્રભુ, અનંત ધર્મ જીણુંદ.
શાંતી કુંથુ અરજીનવરા, એ ત્રણ ચક્રી કહીજે;
મલ્લી મુનિસુવ્રત પ્રભુ, નમિ નેમ જીણુંદા. ૪
પારશ્વ વીર નીત વંદીએ, એવા જીનરે ચોવીસ;
જ્ઞાન વીમળ સુરી પ્રણમતાં નીત હોય જગીસ.

———:*:———

मंदीररस्वामीनां चैतवंदनो.

શ્રી શ્રીમંદીર વીતરાગ, ત્રીભુવન તમે ઉપગારી;
શ્રી શ્રેયાંસ પીતા કુલે બહુ શોભા તુમારી. ૧
ધન્ય ધન્ય માતા સતકી, જે જે જાયો જયકારી;
વૃખભ લંછન વીરાજમાન, વંદે નર નારી. ૨
ધનુષ પાંચસેં દેહડીએ, સોહીએ સોવન વાન;
કીરતી વીજય ઉવઝાયનો, વીનય ધરે તુમ ધ્યાન. ૩

૨

શ્રી શ્રી મંદીર જગધણી, આભરતે આવો;
કરૂણાવંત કરૂણા કરી, અમને વંદાવો. ૧

સકળ ભક્ત તુમે ધણીઓ; જો હોવે અપનાથ;
ભવોભવ હું છું તાહરો, નહીં મેલું હવે સાથ. ૨
સયલ સંગ છંડી કરીએ. ચારીત્ર લેઈશું;
પાય તુમારા સેવીને, સીવરમણી વરશું. ૩
એ અળગો મુજને ઘણોએ, પુરો શ્રી મંદીર દેવ;
ઇહાં થકી હું વીનવું, અવધારો સુણુ સેવ. ૪

૪

શ્રીમંદીર પરમાતમા, શીવ સુખના દાતા;
પુખલ વૈ વિજયે જયો, સર્વ જીનના ત્રાતા. ૧
પુર્વ વિદેહે પુંડરી ગીણી, નયરીએ સોહે;
શ્રીશ્રેયાંસ રાજા તીહાં, ભવીયણનાં મન મોહે. ૨
ચઉદ સુપન નીર્મળ લહી, સતકી રાણી માત;
કુંથુ અરીજીન અંતરે, શ્રી મંદીર સ્વામી જાત. ૩
અનુક્રમે પ્રભુજી જન્મીયા, વળી યોવન આવે;
માત પિતા હરખે કરી, રૂખમણી પરણાવે. ૪
ભોગવી સુખ સંસારનાં, સંજમ મન લાવે;
મુનીસુવ્રત નમી અંતરે, દીક્ષા પ્રભુ પાવે;
ઘાતી કર્મનો ક્ષેય કરી, પામ્યા કેવળ નાણ;
રીખભ લંછને સોભતા સર્વ ભાવના જાણ. ૬
ચોરાશી પ્રભુ ગણધરા, મુનીવર એકસો ક્રોડ.

ત્રણ ભુવનમાં જોઇતાં, નહી કોઈ એની જોડ. ૭
દસ લાખ કહ્યા કેવળી, પ્રભુજીનો પરીવાર;
એક સમય ત્રણ કાળના, જાણે સર્વ વીચાર. ૮
ઉદય પેઢાળ જીનાંતરે, થાશે જીનવર સિધ;
જસ વિજય ગુરૂ પ્રણમતાં, સુભ વાંછીત ફળ લીધ. ૯

—:*:—

बीजनुं चैतवंदन.

દુવિધ ધર્મ જીણે ઉપદિસ્યો, ચોથા અભીનંદન;
બીજે જન્મા તે પ્રભુ, ભવ દુઃખ નિકંદન. ૧
દુવિધ ધ્યાન તુમ પરિહરો, આદરો દોય ધ્યાંન;
ઇમ પરકાસ્યું સુમતિ જીને, તે ચવિયા બીજ દીન. ૨
દોય બંધન રાગ દ્વેશ, તેહને ભવિ ભજીએ;
સુજપરે સીતલજિન કહે, બીજ દીન શિવ ભજીએ. ૩
જીવાજીવ પદાર્થનું, કરો નાંણ સુજાણ;
બીજ દિને વાસુપુજ્ય પરે, લહો કેવળ નાંણ. ૪
નિશ્ચય નય વ્યવહાર દોય, એકાંત નગ્રહીએ;
અરજીન બીજ દિને ચવી, ઇમ જન આગળ કહીએ. ૫
વર્તમાન ચોવીસીએ, ઇમ જીન કલ્યાણ;
બીજ દિને કેઇ પાંમીયાં, પ્રભુ નાંણ નિર્વાણ. ૬
એમ અનંત ચોવીસીએ, હુઆ બહુ કલ્યાણ;
જીન ઉત્તમ પદ પદ્મને, નમતાં હોય સુખ ખાંણ. ૭

ज्ञानपांचमनुं चैतवंदन.

ત્રીગડે બેઠા વીરજીન, ભાખે ભવિજન આગે;
ત્રીકણસ્યું ત્રીહુ લોકજન, નીસુણો મન રાગે. ૧
આરાહો ભલી ભાતસેં, પાંચ અજુઆણી;
ગ્નાન આરાધન કારણે, એહજ તિથી નીહાળી. ૨
ગ્નાન વિના પસુ સરીખા, જાણી એણે સંસાર.
ગ્નાન આરાધનથી લહો, સિવપદ સુખ શ્રીકાર. ૩
ગ્નાન રહીત ક્રીયા કહી, કાંસ કુસુમ ઉપમાન;
લોકા લોક પ્રકાસકર, ગ્નાન એક પરધાન. ૪.
ગ્નાની સાસો સાસમેં, કરે કર્મનો ખેહ;
પુર્વ કોડી વરસા લગે, અગ્નાને કરે તેહ. ૫
દેશ આરાધન ક્રીયા કહી, સર્વ આધારક ગ્નાન;
ગ્નાન તણો મહીમા ઘણો, અંગ પાંચમે ભગવાન. ૬
પંચ માસ લઘુ પંચમી, જાવ જીવ ઉત્કૃષ્ટી;
પંચ વરસ પંચ માસની, પંચમી કરો શુભ દ્રષ્ટી. ૭
એકાવનહી પંચનોએ, કાઉસગ લોગસ કેરો;
ઉજમણું કરો ભાવશું, ટાળે ભવ ફેરો. ૮
ઇણી પેરે પંચમી આરાધીએએ, આણી ભાવ અપાર;
વરદત ગુણ મંજરી પરે, રંગ વિજય લહો સાર. ૯

—:*:—

अष्टमीनुं चैतवंदन.

મહાસુદી આઠિમને દિને, વિજ્યા સૂત જાયો;
તેમ ફાગણ સુદી આઠમે, સંભવ ચવી આવ્યો. ૧
ચૈતર વદની આઠમે, જનમ્યા રૂપભ જીણંદ;
દિક્ષા પણ એ દિન લહી, હુઆ પ્રથમ મુનીચંદ. ૨
માધવ સુદિ આઠિમ દીને, આઠ કર્મ કર્યા દુર;
અભિનંદન ચોથા પ્રભુ, પામ્યા સુખ ભરપુર. ૩
એહિજ આઠમ ઉજળી, જન્મા સુમતિ જીણંદ;
આઠ જાતિ કળશે કરી, નહવરાવે સુર ઈન્દ્ર ૪
જનમ્યા જેઠ વદી આઠમે, મુનીસુવ્રત સ્વામી;
નેમ અસાડ સુદી આઠમે, અષ્ટમી ગતી પામી. ૫
શ્રવણ વદની આઠમે, નમી જનમ્યા જગ ભાણ;
તીમ શ્રાવણ સુદી આઠમે પાસજીનો નીરવાણ. ૬
ભાદરવા વદી આઠમ દીને, ચવીયા સ્વામી સુપાસ;
જીન ઉત્તમ પદ પદ્મને, સેવ્યાથી સીવ વાસ. ૭

---:*:---

एकादसीनुं चैतवंदन.

સાસન નાયક વીરજી, પ્રભુ કેવળ પાયો;
સંઘ ચતુરવીધ થાપવા, મહાસેન વન આયો. ૧
માધવ સીત એકાદશી, સોમજ દ્વીજ યજ્ઞ;
ઈંદ્રભુતી આદે મળ્યા, એકાદશ વિગ્ન. ૨

એકાદસશેં ચઊગુણા, તેહનો પરિવાર.
વેદ અર્થે અવળો કરે, મન અભિમાન અપાર. ૩
જીવાદિક સંસે હરીએ, એકાદશ ગણધાર;
વીરે થાપ્યા વંદીએ, જીન શાસન જયકાર. ૪
મલ્લી જન્મ અરમલ્લી પાસ, પરચરણ વિલાસી;
રીખભ અજીત સુમતિ નમી, મલ્લી ઘન ઘાતી વિલાસી ૫
પદ્મ પ્રભુ શીવવાસ પાસ, ભય ભવનાં તોડી;
એકાદશી દીન આપણી, રીધ સઘળી જોડી. ૬
દશ ખેત્રે ત્રીહુ કાળનાં, ત્રણસે કલ્યાણ;
વરસ અગીઆર એકાદશી, આરાધો વરનાણ. ૭
અગીઆર અંગ લખાવીએ, એકાદશ પાઠાં;
પુજણી ઠવણી વીટણી, મસી કાગળ કાઠાં. ૮
અગીઆર અવ્રત છાંડવાએ, વટો પડીમાં અગીઆર;
ખીમા વિજય જીનસાનને, સફળ કરો આવતાર. ૯

મોહોટાં સ્તવનો.

શ્રી સિદ્ધાચળનાં સ્તવનો.

દોહરા.

અકેકુ ડગલું ભરે, સેત્રુંજા સામો જેહ.
રીખવ કહે ભવ કોડનાં, કર્મ ખપાવે તેહ. ૧

સેત્રુંજા સમો તીરથ નહી, રીખવ સમો નહી દેવ;
ગૌતમ સરખા ગુરૂ નહી, વળી વળી વંદુ તેહ. ૨

સીધાચળ સમરૂ સદા, સોરઠ દેશ મોઝાર;
મનુષ જનમ પામી કરી વંદુ વાર હજાર. ૩

સોરઠ દેશમાં સંચર્યો, ન ચઢ્યો ગઢ ગીરનાર;
સેત્રુંજે નદી નાહ્યો નહી, તેનો એળે ગયો અવતાર. ૪

સેત્રુંજી નદીમાં નાહીને, મુખ બાંધી મુકોશ;
દેવ જુગાદી પુજીએ, આણી મન સંતોષ. ૫

જગમાં તીરથ દો વડા, સેત્રૂંજય ગીરનાર;
એક ધડ રીખવ સમોસરયા, એક ધડ નેમકુમાર. ૬

સિદ્ધાચળ સિદ્ધી વરયા, ગ્રહી મુનીલીંગ અનંત,
આગે અનંતા શીધસે, પુજો ભવી ભગવંત. ૭

સેત્રુંજય ગીરી મંડણો, મારૂ દેવીનો નંદ.
જુગલા ધર્મ નિવારકો, નમો યુગાદી જીણુંદ. ૮

સ્તવન. ૧

આંખડીએરે આજ સેત્રુંજો દીઠોરે.

સવાલાખ ટકાનો દહાડોરે, લાગે મને મીઠોરે;
સફળ થયોરે મારા મનનો ઉમાહ્યો, વાલા મારા ભવનો સંસય ભાગ્યોરે;
નરક ત્રીજંચ ગતી દુર નીવારી, ચરણે પ્રભુજીને લાગ્યો રે.
સેત્રુજો દીઠોરે. આંકણી.

માનવ ભવનો લાહો લીજે, વા. દેહડી પાવન કીજેરે;
સોના રૂપાને ફુલડે વધાવી, પ્રેમે પ્રદક્ષિણા દિજેરે. સેત્રુંજો ૨

દુધડે પખાળીને કેસર ઘોળી, વા. શ્રી આદેશર પુજ્યારે;
શ્રી સિદ્ધાચળ નયણે જોતાં, પાપ મેવાશી ધ્રુજ્યારે. સેત્રુંજો. ૩

શ્રી મુખ સુધરમા સુરપતી આગે, વા. વીરજીણંદ એમ બોલેરે;
ત્રણ્ય ભુવનમાં તિરથ મોટું, નહીં કોઈ સેત્રુંજા તોલેરે. સેત્રુંજો. ૪

ઇંદ્ર સરીખા એ તીરથની, વા, ચાકરી ચીતમાં ચાહેરે;
કાયાની તો કાશ્મર કાઢી, સૂરજ કુંડમાં નાહેરે. શેત્રુંજો. ૫

કાંકરે કાંકરે શ્રી સિદ્ધખેત્ર, વા. સાધુ અનંતા સિધારે;
તે માટે એ તિરથ મ્હોટું, ઉદ્ધાર અનંતા કીધારે. સેત્રુંજો. ૬

નાભીરાયા સુત નજરે જોતાં, વા. મેહ અમીરસ વુઠયારે;
ઉદય રતન કહે આજ મારે પોતે, શ્રી આદેસર તુઠયારે. સેત્રુંજો

સ્તવન ૨.

મારૂ મન મોહ્યુંરે શ્રી સીધાચળરે,
મારૂ મન મોહ્યુંરે શ્રી વીમળાચળેરે;
દેખીને હરખીત હોય, વિધીશું કિજેરે જાત્રા એહનીરે;
ભવ ભવના દુઃખ જાય. મારૂ૦ ૧

પંચમે આરેરે પાવન કારણેરે, એ સમો તિરથ ન કોય;
મોટો મહીમારે જગમાં એહનોરે, આ ભરતે અહીઆં જોય. મારૂ૦ ૨

એણે ગીરી આવ્યારે જીનવર ગણધરારે, સિધ્યા સાધુ અનંત;
કઠણ કરમ પણ એ ગીરી ફરસતાંરે, હોવે કરમની સાંત. મારૂ૦ ૩

જૈન ધર્મ તે સાચો જાણીનેરે, માનવ તિરથ એ સ્તંભ;
સુરીનર કીંનર નૃપ વિધાધરારે, કરતા નાટારંગ. મારૂ૦ ૪

ધન ધન દહાડોરે ધન વેળા ધડીરે, ધરીએ રૂદય મોઝાર;
જ્ઞાન વિમળસુરી ગુણ એના ઘણારે, કહેતાં ન આવે પાર મારૂ૦ ૫

સ્તવન ૩.

સેલુગર તું સીદને આવ્યો. એ દેશી.

આવો ગેરી સીધાચળ જઇએ, પાપ હરી નીરમલ થઇએ;
કુમતી કદાગરને તજીએ, આવો ગેરી સીધાચળ જઇએ. ૧
તારણ તીરથ દો કહીએ, થાવર જંગમને લહીએ;
લોકોતરને નીત ભજીએ. આવો૦ ૨

પરમપદ અલવાણે પયચરીએ, પુન્ય ઘણું લાભે ભરીએ,
સીધ અનંતા કાંકરીએ. આવો૦ ૩

સોના રૂપાને ફુલે, મુગતાફ્લ અમુલખ મુલે;
પુજીને નામ નહી ભુલે. આવો૦ ૪

ચડિએ ગિરીવર અનુક્રમે, અંતર ધ્યાન રશે રમીએ,
મારૂદેવા નંદને નમીએ. આવો૦ ૫

રાયણુ હેઠલ જીનરાયા, પુરવ નવાણુ ઈયાં આયા;
લળી લળી તસ પ્રણમું પાયા, આવો૦ ૬

સુરજ કુંડમાં જઈ નાહાસું પેરણુ ખીરોદક આણુ.
આંગી રચી જીન ગુણ ગાશું, આવો૦ ૭

તીરથ દરશને ફરીએ, જોગ ઉપાધી દુરે કરીએ;
લાભ અનંતો એણે ગેરીએ. આવો૦ ૮

ગામ બગોદરથી આવે, સંઘવી સંઘવણ મન ભાવે;
જીન ગુણ માળા કંઠે ઠાવે. આવો૦ ૯

ઓગણીસે બીલોતેર વરશે, ઉજલ પોસની છઠ દીવશે;
જીનવર ભેટી મન ઉલસે. આવો૦ ૧૦

દેવકી નંદન અનુસરીએ, ઉલખા ઝોળે જળ ભરીએ,
સીધસલા કાઉસગ ધરીએ. આવો૦ ૧૧

ભાવે ડુંગર ચીત લાયા, શીધ વડની શીતલ છાયા,
જાણું માવડલી માયા, આવો૦ ૧૨

વીમલાચલ ફરસે પ્રાણી, જીવ ભવીક હોવે નાણી;
રીખવ કહે વરે સીવ રાણી, આવો૦ ૧૩

સ્તવન ૪

વીમલચલ વિમલા પ્રાણી, સીતળ તરૂ છાયા ઠરાણી;
રસ વેધક કંચન ખાંણી, કહે ઈંદ્રિ સુણો ઈંદ્રાણી, સ્નેહીશંત.
ચઉદ ખેત્રમાં તીરથ નહી એવો સનેહી સંત એ ગેરીસેવો.
ખતરી પાળી ઉલસીએ, છઠ આઠ્ઠમ કાયા કશીએ;
મોહમલના સામા ધશીએ, વીમલાચલ વેગે વશીએ, સ૦ ચ૦
અન્ય થાનક કર્મ જે કરીએ, તે હીમગેરી હેઠા હરીએ;
પાછલ પરદક્ષણા ફરીએ, ભવજલથી હેલા તરીએ, સ૦ ચ૦
સીવ મંદીર ચડવા કાજે, સો પાનની પાંતી બીરાજે;
ચડતાં સમ કીર્તી છાજે, દુર ભવીઆં ભવ્યથી લાજે. સ૦ ચ૦
પાંડવ પમુહા કંઈ સંતા, આદેશર ધ્યાન ધરંતા;
પરમાતમ ભાવ ભજંતા, સીધાચળ શીધ અનંતા સ૦ ચ૦
ખટમાસી ધ્યાન ધરાવે, સુક રાજનું રાજ તે પાવે;
બહીરંતર શત્રુ હરાવે, સેત્રુંજે નામ ધરાવે; સ૦ ચ૦ ૬
પ્રાણી ધ્યાને ભજો ગેરી જાચો, તીર્થંકર નામ નહી કાચો,
મોહરાયને લાગે તમાચો, સુભવીર વીમલગીરી સાચો.
સ્નેહી શંત એ ગેરી શેવો સ૦ ચ૦ ૭

स्तवन ५

આવો સખી સિધાચળ જઈએ, ગેરીવર ભેટી સુખ લહીએ;
જો જીન આણા શું રહીએ, આવો સખી સિધાચળ જઈએ ૧
સિધ અનંતાનો ઠામ, એવી જીનવરની વાણ;
જાણે આગમના જાણ. આવો૦ ૨
એ ગેરીના ગુણ કહું કેતા, પાર ન પામે કેવળી લેતાં,
કોડ પુરવ દેશના દેતાં, આવો૦ ૩
સંઘવી પ્રેમાશા આવે, રાજનગરનો સંઘ લાવે;
જાત્રા નવાણું કરે ભાવે. આવો૦ ૪
જાત્રા નવાણું કરો ભાવે, એવો અવસર ફરી નાવે;
આતમ સીવપુરમાં જાવે. આવો૦ ૫
જાત્રાની હુંશો છે ભારી, લાગી અનુભવની તાળી;
ગેરીવર દરિશન બલીહારી. આવો૦ ૬
અઢારસે સત્યાશી વરશે, ગેરી ગુણ ગાયા મન હરશે;
મણી ઉદ્યોત ગેરી ગુણ ગણશે. આવો૦ ૭

स्तवन ६

શ્રીરે સિદ્ધાચળ ભેટવા, મુજ મન અધિક ઉમાયો;
રીખવદેવ પુજા કરી, લીજે ભવ તણો લાહો. શ્રીરે૦ ૧
મણીમય મુરત રીખભની, નીપાએ અભીરામ;

ભુવન કરાવ્યાં કનકનાં, રાખ્યાં ભરતે નામ. શ્રીરે૦ ૨

નેમ વિના તેવીસ પ્રભુ, આવ્યા શીધખેત્ર જાણી;

સેત્રુંજા સમો તીરથ નહી, બોલ્યા શ્રી મંધીર વાણી, શ્રીરે૦ ૩

પુરવ નવાણું સમોસર્યા, સ્વામી શ્રી રીખભ જીણંદ;

રામ પાંડવ મુગતે ગયા, પાંમ્યા પરમાનંદ. શ્રીરે૦ ૪

પુરવ પુન્ય પસાઉલે, પુંડરીક ગેરી પાયો;

કાંતી વીજય હરખે કરી, શ્રી સિદ્ધાચળ ગાયો, શ્રીરે૦ ૫

સ્તવન. ૭

સીધાચલ ગેરી ભેટચારે, ધન્ય ભાગ્ય અમારાં. આંકણી.

એ ગીરીવરનો મહીમા મોટો, કેહેતાં ન આવે પારા;

રાઅણ રીખભ સમોસર્યા સ્વામી, પુરવ નવાણું વારારે. ધન. ૧

મુળ નાયક શ્રી આદી જીનેશ્વર, ચોમખ પ્રતીમા ચારા.

અષ્ટ ધરવસું પુજો ભાવે, સમકીત મુલ આધારારે. ધ૦ સિ૦

ભાવ ભગતશું પ્રભુ ગુણ ગાતાં, અપના જનમ સુધારા;

જાત્રા કરી ભવિજન શું ભાવે, નરગતી દુરગતી વારારે. ધ૦ સિ૦

દુર દેશાંતરથી હું આવ્યો, શ્રવણે સુણી ગુણ તોરા,

પતીત ઉધારોને બિરૂધ તુમારો, એ તીરથ જગ સારારે. ધ૦ સિ૦ ૪

અઢારસે ત્યાસી માસ અશાડો, વદ આઠમ ભોમવારા;

પ્રભુકે ચરણ પસાયથી સંઘમાં, ખેમા રતન પ્રભુ પ્યારારે. ધ૦ સિ૦

स्तवन ८.

કુઅર ગભારો નજરે દેખતાંજી એ દેશી

સમકીત દ્વાર ગભારે પેસતાંજી, પાપ પડલ ગયાં દુરરે;
મોહન મરૂદેવીનો લાડણોજી, દીઠો મીઠો આનંદ પુરરે. સમ૦
આયુ વરજીત સાતે કરમનીજી, સાગર કોડા કોડી હીણરે;
સ્થીતી પઢમ કરણે કરીજી, વીર્ય અપુરવ મોગ્ર્ર લીધરે. સમ૦
ભુંગલ ભાગી આઘ કખાયનીજી, મીથ્યાત મોહની સાંકલ સાથરે,
બાર ઉઘાડયાં શમ શંવેગનાજી; અનુભવ ભવને બેઠો નાથરે. સ૦
તોરણ બાંધ્યુ જીવ દયા તણુંજી, સાથીઆ પુરા સરધા રૂપરે,
ધુપ ઘટી પ્રભુ ગુણ અનુમોદનાજી, ધીગુણ મંગલ અનુપરે સ૦
સંવર પાણી અંગ પખાલણેજી, કેસર ચંદન ઉત્તમ ધ્યાનરે;
આતમ ગુણ રૂચી મ્રગમદ મહમેહેજી, પંચાચાર કુસમ પ્રધાનરે. સ૦
ભાવ પુજાએ પાવન આતમાજી, પુજો પરમેશ્વર પુન્ય પવીત્રરે,
કારણ જોગે કારણ નીપજેજી, ખીમા વીજયજીન આગમ રીતેરે. સ૦

स्तवन ९.

સ્વામીજી મુજને સિધાચળ લેઈ ચાલ, લેઈ ચાલ લેઈ ચાલરે.

સ્વામીજી મુજને સિધાચળ લેઈ ચાલ.

વીલંબ ન કશી કરોરે વાલમા, કોણે દીઠીછે કાલરે. સ્વા૦ સિ૦ ૧

ઘોઘા બંદર જઈ કરીરે વાલમા, મળીએ સૈયર કેરો સાથરે. સ્વા૦

પાલીતાણે નગરે જઈ કરીરે, વાલમા, સફળ થઈ મુજ આશરે. સ્વા૦
ગેરી દેખી લોચન ઠરયાંરે વાલમા, સફળ થયો અવતારે. સ્વા૦ ૪
ઊચાં દેરાં આદીનાથનાંરે વાલમા, ઉગમણે દરબારરે. સ્વા૦ ૫
સુરજ કુંડમાં નાહી કરીરે વાલમા, પેહેરવાં જાદવ ચીરરે. સ્વા૦ ૬
કેશર ચંદન ઘશી ઘણાંરે વા૦ પુજવા આદી જીણંદરે. સ્વા૦ ૭
સુરનર જન શેવા કરેરે વાલમા ચમર ઢાળે ઇંદ્રરે સ્વામી૦ ૮
કેડે કંદોરા હીમનારે વાલમા, કંઠે નવરસ હારરે. સ્વા૦ ૯
બાંહે બાજુબંધ બેરખારે વાલમા, લીલાવટ તીલક જડાવરે. સ્વા૦ ૧૦
મુસ્તક મુગટ હીરે જડયોરે વાલમા, કાને કુંડળ સારરે. સ્વામી૦ ૧૧
કીરતી વીજ્ય ઉવજાયનોરે વાલમા, હોજો મંગળ માળરે. સ્વા૦ ૧૨

स्तवन १०.

મનના મનોરથ સવી ફળ્યારે, સીધ્યા વંછીત કાજ, પુજો૦
પ્રાય એ તીરથ સાસ્વતોરે, ભવજળ તારવા જાજ. પુજો૦ ૧

મણી માંણેક મુગતાફળેરે, રજત કનકનાં ફુલ, પુજો૦
કેસર ચંદન ઘશી ઘણારે, બીજી વસ્તુ અમુલ. પુજો૦ ૨

છઠે અંગે દાખીઓરે, આઠમે અંગે ભાખ, પુજો૦
સારાવલી થઈને વરણવ્યોરે, એ આગમની સાખ. પુજો૦ ૩

વીમળ કરે ભવી લોકને એ, તેને વીમળાચળ જાણુ, પુજો૦
સુક રાજાથી વિસ્તર્યાંએ સેત્રુંજ્ય ગુણ ખાણ. પુજો૦ ૪

પુંડરીક ગણધરથી થયોરે, પુંડરીક ગેરી ગુણ ધામ, પુજો૦
સુરતર કૃત એમ જાણીએ, ઉત્તમ એકવીસ નામ. પુજો૦ ૫
એ ગેરીવરના ગુણ ઘણાએ, નાણીએ નવી કહેવરાય, પુજો૦
જાણે પણ કહી નહી શકેએ, મુગદ ઘુડને ન્યાય. પુજો૦ ૬
ગેરીવર ફરશત નવી કર્યોએ, તે રહ્યો ગરભાવાસ, પુજો૦
નમન દર્સન ફરસત કરયોએ, પુરે મનની આશ. પુજો૦ ૭
આજ મહોદય એ લહ્યોએ, પામ્યો પ્રમોદ રસાળ, પુજો૦
મણી ઉદ્યોત ગેરી શેવતાંએ, ઘેરં ઘેર મંગળ માળ. પુજો૦ ૯

स्तवन ११

(એ ઊંચોને અલબેલોરે, કામણગારો કાનુંડો એ દેશી)

સિદ્ધાચળ શિખરે દીવોરે, આદિશ્વર અલબેલો છે.
જાણે દર્શન અમૃત પીવોરે, આદિશ્વર અલબેલો છે.
શિવ સોમજશાની લ્હારેરે, આ તેર કોડી મુની પરિવારેરે;
આ. સિ૦ ૧ કરે શિવ સુંદરીનું આણુંરે, આ. નારદજી લાખ એકાણુંરે; આ. વસુદેવની નારી પ્રસિદ્ધીરે, આ. પાંત્રીસ હજાર તે સિધીરે આ. સિ૦ ૨ લખ બાવનને એક કોડીરે, આ. પંચાવન સહસને જોડીરે; આ. સાતસેં તીસ્યોતેર સાધુરે, આ. પ્રભુ શાંતી ચોમાસુ કીધુરે. આ૦ સિ૦ ૩ તવ એ વશિયા શિવ નારીરે, આ૦ ચૌદ સહસ મુનિ દમિતારીરે; આ૦ પ્રધુમ્નપ્રીયા

અચંભીરે, આ૦ ચૌઆલીસસેં વૈદરભીરે આ૦ સિ૦ ૪ યા—
વચ્ચા પુત્ર હજારરે, આ૦ શુક પરિવાજક એ ધારેરે. આ૦ શેલ'
ગ પણ સત્ય લિખ્યાતેરે. શુભદ્ર મુની સત્ય સાતેરે. આ૦ સિ૦ ૫
ભવ તરીઆ તિણે ભવ તારણુરે, અ૦ ગજચંદ્ર મ્હોદય કારણુરે
આ૦ સુરકાંત અચળ અભીનંદરે, આ૦ સુમતિ શ્રેષ્ટ ભય કં
દોરે. આ૦ સિ૦ ૬ ઇહાં મોક્ષ ગયા કેઈ કોટીરે, આ૦ અમને
પણ આશા મોટીરે; આ૦ સરધા સંવેગે ભરીયોરે, આ૦ મે-
મોટો દરિયો તરીયોરે; આ૦ સિં૦ ૭ સરધા વીણ કૂણ ઈ-
હાં આવેરે, આ૦ લઘુ જળમાં કિમ તે નાવેરે; અ૦ તિણે હા-
થ હવે પ્રભુ ઝાલોરે, આ૦ સુભ વીરને હૈડે વ્હાલોરે આ૦ સુ૦ ૮.

स्तवन १२

ઢાળ તોરણ આઈ કયું ચલેરે. એ દશી.

ભરતને પાટે ભુપતીરે, સિદ્ધિ વરયા ઈણે ઠામ સલુણા.
અસંખ્યાતા તિહાં લગેરે, હુઆ અજીતજિન રાય સલુણા. ૧
જિમ જિમ એ ગીરી ભેટીએરે, તીમ તીમ પાપ પલાય સ૦
અજીત જીનેશ્વર સાહીબોરે, ચોમાસુ રહી જાય સ૦ જી૦ ૨
સાગરમુનિ એક કોડીસુંરે, તોડયા કર્મનાપાસ સ૦
પાંચ કોડી મુની રાજવસ્યુંરે, ભરત લહ્યા શીવ વાસ. સ૦ જી૦ ૩

આદીશ્વર ઉપગારથીરે. સત્તર કોડી સાથ; સ૦
અજીતસેન સિધાચળેરે, ઝાલ્યો શીવવહુ હાથ. સ૦જી૦ ૪
અજીતનાથ મુનિ ચૈત્રનીરે પુનિમે દસ હજાર; સ૦
આદીત્ય યસા મુંક્તિ વર્યારે, એક લાખ અણગાર સ૦જી૦ ૫
અજરામર ખેમા કરૂરે અમર કેત ગુણકંદ સલુણા.
સહસ પત્ર શીવ કરૂરે કર્મ ક્ષય તમો કંદ સલુંણા જી૦ ૬
રાજય રાજેશ્વર એ ગીરીરે નામ છે મંગળ રૂપ; સલુણા
ગીરીવર રજતરૂ મંજરીરે શીશુ ચઢાવે ભુપ સલુણા. જી૦ ૭
દેવજુગાદી પુજતાંરે કર્મ હોવે ચક ચુર; સલુણા
શ્રી શુભવીરને સાહીબારે, રહેજો હઇડા હજુર સલુંણા જી૦ ૮

સ્તવન ૧૩

ઢાળ રાગ પુરવી ઘડી ઘડી સાંભરે સાંતી સલુંણા એ દેશી.
ગિરિવર દરસન વિરલા પાવે, પુરવ સંચિત કર્મ ખપાવે; ગિરી૧
રીખભ જીનેશ્વર પુજા રચાવે, નવ નવ નામે ગીરી ગુણ ગાવે ગી.
સહસ્ત્ર કમળને મુક્તિ નિયલ ગિરિ, સિદ્ધાચળ સતકુટ કહાવે ગી
ઢંક કદંબને કોડી નીવાસો, લોહીત્ય તાળ ધ્વજસુર ગાવે ગિ. ૨
ઢંકાદીક પંચ કુટ સજીવન, સુરનર મુની નામ થપાવે. ગિ.
રયણખાણ જડીબુટી ગુફાઓ, રસકૂંપીકા ગુરૂ ઇહાં તબાવે. ગિ.૩
પણ પુન્યવંતા પ્રાણી પાવે, પુન્ય કારણ પ્રભુ પુજા રચાવે. ગિ.

દશ કોટી શ્રાવકને જમાડે, જૈન તિરથ જાત્રા કરી આવે: ગિ ૪
તેથી એક મુની દાન દિયંતા, લાભ ઘણો સિદ્ધાચળ થાવે, ગિ.
ચંદ્રશેખર નિજ ભગનીસ્યું ભોગી તેપણ એ ગિરી મોક્ષે જાવે ગિ.૫
ચ્યાર હત્યારા નર પરદારા, દેવ ગુરૂ દ્રવ્ય ચોરી ખાવે, ગિરી૦
ચૈત્રી કારતકી પુનમ જાત્રા, તપ જપ ધ્યાનથી પાપ જલાવે. ગિ. ૬
રીખભસેન જીન આદે અસંખ્યા, તીર્થંકર મુક્તિ સુખ પાવે. ગિ.
શીવ વહુ વરવા મંડપએ ગીરી, શ્રી શુભ વીર વચન રસ ગાવે.
ગીરીવર દર્શન વીરલા પાવે. ૭

શ્રી તીર્થમાળાનું સ્તવન.

સેત્રુંજે રીખભ સમોસરયા, ભલા ગુણ ભરયારે.
સીધ્યા સાધુ અનંત, તીરથ તે નમુરે.
તીન કલ્યાંણક તીહાં થયાં, મુગતે ગયારે:
નેમીસર ગીરનાર. તીરથ૦ ૧

અષ્ટાપદ એક દેહરો, ગીરી શેહેરોરે;
ભરતે ભરવ્યા બીંબ. તીરથ૦ ૨

આબુ ચોમુખ અતિ ભલો, ત્રીભુવન તીલોરે;
વીમલ વસે વસ્તુપાલ. તીરથ૦ ૩

સમેત સીખર સોહામણો, રહીયામણોરે;
સીધ્યા તીર્થંકર વીસ. તીરથ૦

નયરી ચંપા નીરખીએ, હઈડે હરખીએરે;
સીધ્યા શ્રી વાસુપુજ્ય. તીરથ૦ ૩
પુરવ દીશા પાવાપુરી રીધે ભરીરે;
મુગતિ ગયા મહાવીર. તીરથ૦
જેસમેલર જુહારીએ, દુઃખ વારીએરે;
અરીહંત બીંબ અનેક. તીરથ૦ ૪
વાંકાનેરજ વંદીએ, ચીર નંદીએરે;
અરિહંત દેરાં આઠ. તીરથ૦
સારીસરો સંખેસરો, પંચાસરોરે;
ફલોધી થંભણ પાસ. તીરથ૦ ૫
અંતરીક અજાવરો, અમીઝરોરે;
જીરાવલો જગનાથ. તીરથ૦
ત્રિલોકય દિપક દેહરો, જાત્રા કરોરે;
રાણપુકરોરી સહેસ. તીરથ૦ ૬
નાડુલાઈ જાદવો, ગોડીસ્તવોરે;
શ્રીવરકાંણો પાસ. તીરથ૦
નંદીસરાં દેહરાં, બાવન ભલાંરે;
રૂચક કુંડલે ચ્યાર ચ્યાર. તીરથ૦ ૭
સાસ્વતી અસાસ્વતી, પ્રતીમા છતીરે;

સ્વર્ગ મ્રત્યુ પાતાલ. તીરથ૦
તીરથ જાત્રા ફળ તીહાં, હોજ્યો મુજ ઈહાંરે;
સમય સુંદર કહે એમ, તીરથ તે નમુંરે. ૮

गीरनार तिर्थ स्तवन.

તોરણથી રથ ફેરી ચાલ્યા કંથરે પ્રીતમજી
આઠ ભવની પ્રીતડી તોડી તંત, મારા પ્રીતમજી
નવમે ભવ પણ નેહ ન આણ્યો મુજરે પ્રીતમજી
તો શે કારણ એટલે આવવું તુઝ મારા પ્રીતમજી
એક પોકાર સુણી તીરયંચનો હમરે પ્રીતમજી
મુકો અબલા રોતી પ્રભુજી કીમ મારા પ્રીતમજી
ખટ જીવના રખવાળમાં સીરદારરે પ્રીતમજી
તો કેમ વીલવતી સ્વામી મુકો નાર મારા પ્રીતમજી
શીવ વધુ કેરૂ એવું કેવું રૂપરે પ્રીતમજી
મુજ મુકીને ચીતમાં ધરી જીન ભુપ મારા પ્રતમજી
જીનજી લીએ સહસાવનમાં વ્રત ભારરે પ્રીતમજી
ઘાતી કરમ ખપાવીને નીરધાર મારા પ્રીતમજી
કેવળ લીધી અનંતી પરગટ કીધરે પ્રીતમજી

જાણી રાજુલ ઈમ પ્રતીજ્ઞા લીધ મારા પ્રીતમજી
જે પ્રભુજીએ કીધું કરવું તેહરે પ્રીતમજી
એમ કહી વરતધર થઈ પ્રભુ પાસે જેહ. મારા પ્રીતમજી
પ્રભુ પહેલાં નીજ સાૈક્યનું જોવા રૂપરે પ્રીતમજી
કેવળજ્ઞાન લહી થઇ સીદ્ધ સ્વરૂપ મારા પ્રીતમજી
શીવ વધુ વરીઆ જીનવર ઉતમ નેમરે પ્રીતમજી
પદ્મ કહે પ્રભુ રાખો અવીચળ પ્રેમ મારા પ્રીતમજી

समेतसीखरजीनुं स्तवन.

જઈ પુજો લાલ સમેત સીખર ગીરી ઉપર પાસજી સામળા,
જીન ભગતે લાલ કરતાં જીન પદ પાવે ટળે ભવ આંબળા આંકણી
છહરી પાળી દરસણ કરીએ, ભવ ભવ સંચીત પાતિક હરીએ;
નીજ આતમ પુન્ય રસે ભરીએ; જઈ પુજો લાલ૰ ૧
એ ગીરીવર નીત્ય સેવા કીજે, જીમ સીવ સુખડાં કરમાં લીજે
ચીદાનંદ સુધારસ નીત્ય પીજે, જઈ પુજો લાલ; ૨
જીહાં સીવરમણી વરવા આવ્યા, અજીતાદીક વીસે જીનરાયા,
બહુ મુનિવર જીત સીવ વધુ પાયા. જઈ પુજો લાલ૰ ૩
તેને એ ઉતમ ગીરી જાણો, કરો સેવા આતમ કરી સ્યાણો;
એ ફરી ફરી નહીં આવે ટાંણો, જઈ પુજો લાલ. ૪
તુમે ધન કંચનની માયા, કરતાં અસુચી કીની કાયા;
કેમ તરશો વીણ એ ગીરી રાયા, જઈ પુજો લાલ; ૫
ઈમ શુભ મતીવચન સુણી તાજા, એ ભજો જગગરૂ આતમ રાજા;

ગીરી ફરસે ધરી મન સુચી માઝ્ઝા. જઈ પુજો લાલ; ૬
સંવતસર રીખી ગજચંદ સમે, ફાગણ સુદી તીજ બુધવારગમે;
ગીરી દરશણ કરતા ચીત રમે. જઈ પુજો લાલ. ૭
પ્રભુપદ પદ્મ તણી સેવા, કરતા નીત્ય લહીએ શીવ મેવા;
કહે રૂપ વીજય મુજ તે હેવા, જઈ પુજો લાલ. ૮

अष्टापदजीनुं स्तवन.

કુંઅર ગભારો નજરે દેખતાંજી. એ દેશી.

ચઉ આઠ દસ દોય વંદીએજી, વરતમાન જગદીશરે;
અષ્ટાપદ ગીરી ઉપરેજી, નમતાં વાધે જગીશરે.
ભરત ભરતપતી જીન મુખેજી, ઉચરીયાં વ્રત બારરે;
દર્શન શુદ્ધિને કારણેજી, ચોવીસ પ્રભુનો વીહારરે. ચઉ. ૨

ઉંચપણે કોસ તીગ કહ્યુંજી, યોજન એક વીસ્તારરે;
નિજ નિજ માંન પ્રમાણ ભરાવીયાજી, બીંબેસ્વ પરઉપગારરે. ચઉ. ૩
અજીતાદીક ચઉદા દીણેજી, પશ્ચિમે પઉમાઈ આઠરે;
અનંત આદે દસ ઉતરેજી, પુર્વે રીખભ વીર પાઠરે; ચઉ. ૪

રીખભ અજીત પુર્વે રહ્યાજી, એ પણ આગમ પાઠરે;
આતમશક્તિ કરે જાત્રાજી, તે ભવ મુક્તિ વરે હણી આઠરે. ચઉ. ૫

દેખો અચંબો શ્રી સિદ્ધાચળેજી, હુઆ અસંખ્ય ઉદ્ધારરે;
આજ દીને પણ એણે ગીરીજી, ઝગમગ ચૈત ઉધારરે; ચઉ. ૬

રેહેસે ઉત્સરપીણી લગેજી, દેવ મહીમા ગુણ દાખીરે;

પીંહનીસઘાદિક થીર પણેજી, વસુદેવ હીંડની સાખરે. ચઉ. ૭

કેવળી જીન મુખ મેં સુણ્યુંજી, એણે વીધે પાઠ પઠાય રે;
શ્રી સુભવીર વચન રસેજી, ગાયા રીખભ શીવ હાયરે. ચઉ. ૮

आबुजीनुं स्तवन.

કોઇ લો પરવત ધુંધલોરે એ દેશી.

આબુ અચલ રળીઆમણોરે લોલ, દેલવાડે મનોહાર સુખકારીરે.
વાદલીએ જેસર ધર્યુરે લોલ, દેવલ દીપે ચ્યાર બલીહારીરે,
ભાવ ધરીને ભેટીએરે લોલ. આંકણી
બાર પાદશાહ વસ કરીરે લોલ, વીમલ મંત્રીસર સાર સુ૦
તેણે પ્રાસાદ નીપાઈઓરે લોલ, રીખભ જગદાધાર બ૦ આ૦ ૨
તેહ ચૈત્યમાં જીનવરૂરે લોલ, આઠસેને છોતેર સુખકારી૦
જેહ દીઠે પ્રભુ સંભવેલો, મોહ કર્યો જીણે જેર, બ૦ આ૦ ૩
દ્રવ્ય ભરી ધરતી ભલીરે લોલ, લીધો દેવલ કાજ સુ૦
ચૈત તીહાં મંડાવીઉરે લોલ, લેવા સિવપુર રાજ બ૦ આ૦ ૪
પંદરશે કારીગરેરે લોલ દેવી ધરા પ્રત્યેક સુ૦
તેમ મરદન કારક વળીરે લોલ, વસ્તુપાલએ વીવેક બ૦ આ૦ ૫
કોરણી વેરણી તીહાં કરીરે લોલ, દીઠાં બંને તે વાત; સુ૦
પણ નવી જાયે મુખે કહીરે લોલ. સુર ગુરૂ સમ વીખ્યાત બ૦ આ. ૬
ત્રણે વરસે નીપન્યોરે લોલ, તે પ્રાસાદ ઉતમ; સુ૦
બારકોડી ત્રેપન લક્ષનેરે લોલ, ખરચ્યા દ્રવ્ય ઉછરંગ. બ૦ આ૦ ૭

દેરાંણી જેઠાણીના ગોખલારે લોલ, દેખતાં હરખ તે થાય; સુ૦
લાખ અઢાર ખરચીઆરે લોલ, ધન ધન એહની માય. બ૦ આ૦ ૮
મુલનાયક નેમી સરૂરે લોલ, જનમ થકી બ્રમ ચાર, સુ૦
નીજ સતા રમણી થયારે લોલ, ગુણ અનંત આધાર. બ૦ આ૦ ૯
ચ્યારસેંને અડસઠ ભલારે લોલ, જીનવર બિંબ વીશાલ; સુ૦
આજ ભલે મેં ભેટીઆરે લોલ, પાપ ગયાં પાતાલ. બ૦ આ૦ ૧૦
રીખભ ધાતુ મયી દેહરે લોલ, એકસો પીસતાળીશ બીંબ. સુ૦
ચોમુખ ચૈત્ય જુહારીએરે લોલ, મરૂધરમાં જેમ અંબ. બ૦આ૦ ૧૧
બાણુ કાઊસગીઆ તેહમાંરે લોલે, અગન્યાશી જીનરાય. સુ૦
અચલગઢે બહુ જીનવરારે લોલ, વંદુ તેહના પાય. બ૦ આ૦ ૧૨
ધાતુમયી પરમેસરૂરે લોલ, અદભુત જાસ સ્વરૂપ; સુ૦
ચઉમુખ જીન વદતાંરે લોલ, થાએ નીજગુણ ભુપ. બ૦ આ૦ ૧૩
અઢારશેને અઢારમાંરે લોલ. ચઈતર વદી ત્રીજ દીન; સુ૦
પાલણપુરના સંઘસુરે લોલ, પ્રણમી થયો ધન ધન, બા૦ આ૦ ૧૪
તેમ સાંતી જગદીસરૂરે લોલ, જાત્રા કરી અદભુત સુ૦
જે દેખી જીન સાંભરેરે લોલ, સેવ કરે પુરહુત. બા૦ આ૦ ૧૫
ઈમ જાણી આબુ તણીરે લોલ, જાત્રા કરસે જેહ સુ૦
જીન ઊતમ પદ પામશેરે લોલ, પદ્મ વીજય કહે તેહ. બા૦ આ૦

राणकपूरनुं स्तवन.

શ્રી રાણકપુર રળીઆમણું રે લાલ, શ્રી આદીસર દેવ મન મોહ્યુરે;
ઉત્તંગ તોરણ દેહેરૂ રે લાલ, નીરખીજે નીત્ય મેવ. મન૦ શ્રી. ૧
ચઉવીશ મંડપ ચઉ દીસેરે લાલ, ચઉમુખ પ્રતિમા ચાર; મન૦
ત્રીભુવન દીપક દેહેરૂ રે લાલ, સમોવડ નહી સંસાર. મન૦ શ્રી. ૨
દેહરી ચઉરાસી દીપતીરે લાલ, માંડયો અષ્ટાપદ મેર; મન૦
ભલે જુહાર્યાં ભુંઇરાંરે લાલ, સુતાં ઉઠી સવેર. મન૦ શ્રી. ૩
દેસ જાણી સો દેહરાંરે લાલ, મોટો દેશ મેવાડ; મન૦
લાખ નવાણું લગાવીયારે લાલ, ધન ધરણે પોરવાડ. મન૦ શ્રી. ૪
ખરતર વસહી ખાંતસુરે લાલ, નીરખતાં સુખ થાય; મન૦
પાંચ પ્રસાદ બીજા વળીરે લાલ, જોતાં પાતીક જાય. મન૦ શ્રી. ૫
આજ કૃતારથ હું થયોરે લાલ, આજ થયો આણંદ; મન૦
યાત્રા કરી જીનવર તણીરે લાલ, દુર ગયું દુઃખ દંદ. મન૦ શ્રી. ૬
સંવત સોલને છોહોતરીરે લાલ, માગસર માસ મોઝાર; મન૦
રાણકપુર યાત્રા કરીરે લાલ, સમય સુંદર સુખકાર. મન૦ શ્રી. ૭



ચોવીસ તિર્થંકરોનાં સ્તવનો.

રીખવદેવનાં સ્તવન.

મહાવીદેહ ક્ષેત્ર સોહામણું. એ દેશી.

જગજીવન જગ વહાલહો, મરૂદેવીનો નંદલાલરે;
મુખ દીઠે સુખ ઉપજે, દરસણ અતિહી આણંદ લાલરે. જ. ૧
આંખડી અંબુજ પાંખડી, અષ્ટમી સસી સમ ભાલ લાલરે;
વદન તે સારદ ચંદલો, વાણી અતિ રસાલ લાલરે. જગ. ૨
લક્ષણ અંગે વીરાજતાં, અઢીય સહસ ઉદાર લાલરે;
રેખા કર ચરણાદીકે, અભિંતર નહી પાર લાલરે. જગ. ૩
ઈંદ્ર ચંદ્ર રવી ગીરી તણા, ગુણ લઈ ઘડયું અંગ લાલરે;
ભાગ્ય કીહાં થકી આવીયું, અચરીજ એહ ઉતંગ લાલરે. જ. ૪
ગુણ સઘળા અંગે કર્યા, દુર કર્યા સવી દોખ લાલરે;
વાચક જશ વીજયે થુણ્યો, દેજો સુખનો પોખ લાલરે. જગ. ૫

સ્તવન ૨

રીખભ જીણંદશું પ્રીતડી, કીમ કીજે હો કહો ચતુર વીચાર;
પ્રભુજી જઈ અળગા વસ્યા, તીહાંકણુ નવી હો કો વચન ઉચ્ચાર.
રીખભ જીણંદશું પ્રીતડી, એ આંકણી.
કાગળ પણ પહોચે નહી, નવી પોહોચે હો તીહાં કો પરધાન;

જે પોહોચે તે તુમ સમો, નવી ભાખે હો કાનો વીવધાન રીખ. ૨

પ્રીત કરે તે રાગીયા, જીનવરજીહો તુમે છો વીતરાગ;
પ્રીતડી જેહ અરાગીથી, મીલવી વીતેહો લોકોતર માગ. રીખ. ૩

પ્રીતી અનાદીની વીખ ભરી, તે રીતે હો કરવા મુજ ભાવ;
કરવી નીરવિખ પ્રીતડી, કિણ ભાતે કહો બને બનાવ. રીખ. ૪

પ્રીત અનંતી પરથકી, જે તોડેહો તે જોડે એહ; પરમ પુરૂષથી,
રાગતા; એક તત્વતા હો દાખી ગુણ ગેહ. રીખ. ૫

પ્રભુજીને અવીલંબનાં, નિજ પ્રભુતાહો પ્રગટે ગુણ રાશ; દેવચંદ્રની
સેવના; જો મુઝહો અવિચળ સુખવાસ. રીખ. ૬

अजीतनाथनुं स्तवन.

જ્ઞાનાદિક ગુણ સંપદારે, તુજ અનંત અપાર;
તે સાભળતાં ઉપનીરે, રૂચી તિણે પાર ઉતાર,
અજીત જીન તારજ્યોરે. તારજો દીન દયાળ અજી. ટેક.

જે જે કારણ એહનોરે, સામગ્રી સંયોગ;
મીલતાં કાર્ય નીપજેરે, કરતા તણે પ્રયોગ, અજી. ૨

કાર્ય સિદ્ધિ કર્તા વસુરે, લહિ કારણ સંયોગ;
નિજપદ કારક પ્રભુ મિલ્યારે, હોય નિમિતહ ભોગ, અજી. ૩

અજકુલ ગતી કેસરી લહેરે, નિજપદ સિંહની;
હાલ તીમ પ્રભુ ભક્તે ભરી લહેરે, આતમ શક્તી સંભાળ. ૪

કારણ પદ કર્તા પણેરે, કરી આરોપ અભેદ;
નિજ પદ અરથી પ્રભુ થકીરે, કરે અનેક ઉમેદ. અજી૦ ૫
એહવા પરમાતમ પ્રભુરે, પરમાનંદ સ્વરૂપ;
સ્યાદ્વાદ સતા રસીરે, અસલ અખંડ અનુપ. અજી૦ ૬
આરોપિત સુખ ભ્રમ ટલ્યો, ભાસ્યો અવ્યાબાધ;
સમર્યો અભિલાખીપણોરે, કરતા સાધન સાધ્ય. અજી૦ ૭
ગ્રાહકતા સ્વામીત્વરે, વ્યાપકતા ભોક્તા ભાવ;
કારણતા કારજ દશારે, સકળ ગ્રહ્યું નીજ ભાવ. અજી૦ ૮
શ્રદ્ધ ભાસન રમણતારે, દાનાદિક પરણામ;
સકળ થયા સતારશીરે, જિનવર દરિશણ પામી. અજી૦ ૯
નિણ નિર્યામક માહણોરે, વૈદ્ય ગોમાધાર;
દેવચંદ્ર સુખ સાગરૂરે, ભવ ધર્મ દાતાર. અજી૦ ૧૦

संभवनाथनुं स्तवन.

સાહિબ સાંભળોરે સંભવ અરજ અમારી,
ભવોભવ હું ભ્રમ્યોરે ન લહિ શેવા તુમારી;
નરક નિગોદમાંરે, તિહાં હું બહુ ભવ ભમીયો,
તુમ વિના દુખ સહ્યાંરે અહનિશ ક્રોધે ધમધમીયો. સાહિબ૦ ૧
ઇંદ્રી વસ પડયોરે, પાળ્યા વ્રત નવી સુસેં,
ત્રસ પણ નવી ગણ્યારે હણીયા થાવર હુંસે;
વ્રત પણ ચિત નવી ધર્યારે બીજુ સાચુ ન બોલું,

પાપની ગોડડીરે તીહાં મેં હઈડલું ખોલ્યું. સાહિબ૦ ૨

ચોરી મેં કરીરે, ચઉવીહ અદત ન ટાળ્યું,
શ્રીજીન આંણસ્યુરે મેં નવી સંજમ પાળ્યું:
મધુકર તણી પરેરે, સુધ ન આહાર ગવેખ્યો.
રસના લાલચેરે, નીરસ પીંડ ઉવેખ્યો. સાહીબ૦ ૩

નરભવ દોહીલોરે, પાંમી મોહ વસ પડીયો,
પરસ્ત્રી દેખીનેરે, મુજ મન તીહાં જઈ અડીયો;
કામ ન કો સર્યોરે, પાપે પીંડ મેં ભરીયો,
શુધ બુધ નવી રહીરે, તેણે નવી આતમ તાર્યો. સાહીબ૦ ૪

લક્ષમીની લાલચેરે, મેં બહુ દીનતા દાખી,
તોપણ નવી મળીરે, મળી તો નવી રહી રાખી;
જે જન અભીલખેરે, તેનો તેહથી નાસે,
તૃણ શમ જે ગણેરે, તેહને નિત રહે પાસે. સાહીબ૦ ૫

ધન ધન તે નરારે, એહનો મોહ વીછોડી,
વીશય નીવારીનેરે, જેહને ધર્મમાં જોડી;
અભક્ષતે મેં ભખ્યાંરે, રાત્રિ ભોજન કીધાં,
વ્રત નવી પાળીયાંરે, જેહવાં મુળથી લીધાં. સાહીબ૦ ૬

એમ અનંત ભવ ભમ્યોરે, ભમતાં સાહીબ મળીયો,
તુમ વીના કોણ દીયેરે, બોધ રયણ મુજ બળીયો;
સંભવ આપજ્યોરે, ચરણ કમળ તુમ શેવા;
નય એમ વીનવેરે, સુણજો દેવાધી દેવાં. સાહીબ૦ ૭

सुमतीनाथनुं स्तवन.

ઝાંઝરીયા મુનીવરની. એ દેશી.

સુમતીનાથ ગુણશું મીલીજી, વાધે મુજ મન પ્રીત,
તેલ બીંદુ જેમ વીસ્તરેજી, જલમાંહી ભલી રીત;
શોભાગી જીનસું લાગ્યો અવીહડ રંગ. ૧
સજનસું જે પ્રીતડીજી, છાની તે ન રહાય;
પરીમલ કસ્તુરી તણોજી, મહીમા એમ કહેવાય. સોભાગી૦ ૨
અંગુલીએ નવી મેરૂ ઢંકાએ, છાબડીએ રવી તેજ;
અંજલીમાંહી જેમ ગગન માએ, મુજમન તેમ પ્રભુહેજ. સો૦ ૩
હુઓ છપન અધર અરૂણવર, ખાતાં પાન સુરંગ;
પીવત ભરભર પ્રભુ ગુણ પ્યાલે, તેમ મુજ પ્રેમ અભંગ. સો૦ ૪
ઢાંકી ઈક્ષુ પરાલસ્યુજી, ન રહે લતી વિસ્તાર,
વાચકજશ કહે પ્રભુ ગુણેજી, તેમ મુજ પ્રેમ પ્રકાર. સો૦ ૫

चंद्रप्रभुजीनुं स्तवन.

રાયજી અમને હીએ આંણી કે૦ એ દેશી.

જીનજી ચંદ્ર પ્રભુ અવધારો કે, નાથ નીહાલજોરે લોલ;
આમણી બીરૂદ ગરીબ નીવાજની, વાચા પાળજોરે લોલ. ૧
હરખે હું તમ સરણે આયો કે, મુજને રાખજોરે લોલ;

ચોરટા ચાર ચુગલ જે ભુંડાકે, તેને દુર નાખજોરે લોલ. ૨
પ્રભુજી પંચતણી પરસંસાકે, રૂડી થાપજોરે લોલ;
મોહન મહેર કરીને મુજને, દરીશન આપજોરે લોલ. ૩
તારક તુમ પાલવ મેં ઝાલ્યો કે, હવે મુને તારજોરે લોલ;
કુતરી કુમતી થઈ છે કેડે કે. તેને વારજોરે લોલ. ૪
સુંદરી સુમતી સોહાગણ સારી કે, પ્યારી છે ઘણુંરે લોલ;
તાતજી તે વિણ જીવે ચઉદ ભુવન કેરૂ આંગણુંરે લોલ. ૫
લખગુણ લખમણ રાંણીએ જાયા કે, મુજમન આવજોરે લોલ;
અનુપમ અનુભવ અમૃત મીઠી કે સુખડી લાવજોરે લોલ. ૬
દીપતી દોંઢસો ધનુષ પરીમાણ કે, પ્રભુજીની દેહડીરે લોલ;
દેવની દસ પુરવ લખ માને કે, આયુષ વેલડીરે લોલ. ૭
નિગુણી નિરાગી પણ રાગી કે, મન માંહે રહ્યોરે લોલ;
સુભ ગુરૂ સુમતી વિજય સુપસાય કે, રામે સુખ લહ્યોરે લોલ. ૮

શ્રેયાંસજીનનું સ્તવન.

કરમ ન છુટેરે પ્રાણીઆ. એ દેશી.

તુમે બહુ મંત્રીરે સાહીબા, મ્હારે તો મન એક;
તુમ વીણ બીજોરે નવી ગમે, એ મુજ મોટીરે ટેક.
શ્રી શ્રેયાંસ કીપા કરો. આંકણી.
મન રાખો તુમે સવી તણાં, પણ કીહાં એક મલી જાઓ;

લલચાવી લખ લોકને, સાખી સહજ ન થાઓ, શ્રી૦ ૨
રાગ ભરે જન મન રહો, પણ ત્રીહું કાલ વૈરાગ;
ચીત તુમારે સમુદ્રનો, કોઈ ન પામેરે ત્યાગ. શ્રી૦ ૩
એહવા શું ચીત મેલવ્યું, કેલવ્યું પેહેલાં ન કાંઈ
શેવક નીપટ અબુઝ છે, નીરવહસ્યો તુમે સાંઈ, શ્રી૦ ૪
નીરાગી સુર કેમ મીલે પણ મળવાનો એકાંત;
વાચક જશ કહે મુંજ મીલ્યો ભગતી તે કામણ તંત. શ્રી૦ ૫

વાસુપુજ્યજીનું સ્તવન.

વાસુપુજ્ય જીન ત્રિભુવન સ્વામી, ધન નામી પરનામીરે;
નિરાકાર સાકાર સચેતન, કરમ કરમ ફળ કામીરે. વા. ૧
નિરાકાર અભેદ સંગ્રાહક, ભેદ ગ્રાહક સાકારોરે;
દર્શન જ્ઞાન દુભેદે ચેતન વસ્તુ ગ્રહણ વ્યાપારોરે વા. ૨
કર્તા પરીણામી પરીણામો, કર્મ જે જીવે કરીએરે;
એક અનેક રૂપ નય વાદે, નિયતે નય અનુસરિયેરે, વા. ૩
દુખ સુખ રૂપ કરમ ફળ જાણો, નિશ્ચય એક આણંદોરે;
ચેતનતા પરિણામ ન ચુકે, ચેતન કહે જીન ચંદોરે. વા. ૪
પરિણામિ ચેતન પરિણામો જ્ઞાન કરમ ફળ ભાવીરે,
જ્ઞાન કરમ ફળ ચેતન કહીયે લેજો તેહ મનાવીરે, વા. ૫
આતમજ્ઞાની શ્રમણ કુહાવે, બીજા તો દ્રવ્ય લિંગીરે;
વસ્તુ ગતે વસ્તુ પ્રકાસે, આનંદઘન મતિ સંગીરે. વા. ૬

શાંતીનાથજીનું સ્તવન.

ધન દીન વેલા ધન ઘડી તેહ, અચીરાનો નંદન જીનજી ભેટસ્યુંજી; લહીસુંરે સુખ દેખી મુખચંદ, વીરહ વ્યથાનાં દુખ સવી મેટશુંજી. ૧ જાણ્યોરે જેણે તુજ ગુણ લેશ, બીજારે રસ તેહને મન નવી ગમેજી; ચાખ્યોરે જેણે અમી લવલેશ, બાકશ બુકસ તસ ન રૂચે કેમેજી. ૨ તુજ સમકીત રસ સ્વાદનો જાણ, પાપકુ ભગતે બહુ દીન સેવીઉજી; સેવા જે કરમને જોગે તોહે, વાંછેતે સમકીત અમૃત ધુરે લખ્યુંજી ૩ તાહરૂ ધ્યાંન તે સમકીત રૂપ, તેહજ ગ્યાનને ચારીત્ર તેહ છેજ; તેહથીરે જાએ સઘળા પાપ, ધ્યાતારે ધ્યેય સ્વરૂપ હોયે પછેજી. ૪ દેખીરે અદભુત તાહરૂ રૂપ, અચરીજે ભવીકા રૂપી પદ વરેજી, તાહરી ગત તું જાણે હો દેવ, સમરણ ભજન તે વાચક જશ કરેજી. ૫

મલ્લિનાથજીનું સ્તવન.

એક અંધારી ઓરડી. એ દેશી,

મીઠીલા નયરીરે અવતર્યા, યાને કુંભ નરેશરનંદ;
લંછન સોહેરે કળશ તણું, તે નીલ વરણ સુખકંદ. ૧
મલ્લી જીનેશ્વર મન વસ્યો, નેઊ ગણી સમ અરીહંત,
કુપટ ધરણનોરે કારણથી, પ્રભુ કુમરી રૂપ ધરંત. મલ્લી. ૨

સહસ પંચાવનરે વરસ સુણોરે, આયુ તાણું પરિમાણ;
માત પ્રભાવતીએ ઉર ધર્યા, પણ વીસ ધનુષનું માણ. મલ્લી. ૩
સહસ પંચાવનરે સાધવીઓ, ને મુની ચાળીસ હજાર;
સમેત શીખરેરે મુગતી, ત્રીણ ભુવન આધાર. મલ્લી૦ ૪
અડભય ટાળીરે આપ થકી, જેમ બાંધી અવીહડ પ્રીત;
રામવિજયના સાહીબાનીરે, છે અવિચળ એજ રીતે. મલ્લી. ૫

नेमीनाथजीनां स्तवन.

આવો જમાઈ પ્રાહુણા. એ દેશી,

નરખ્યો નેમી જીણંદરે અરીહંતાજી, રાજેમતી કર્યો ત્યાગ. ભગવંતાજી
બ્રહ્મચારી સંજમ ગ્રહ્યો, અરી૦ અનુક્રમે થયા વીતરાગ. ભગ૦ ૧
ચક્ર ચામર સિંહાસને, અરી૦ પાદ પીઠ સંકત. ભગ૦
છત્ર ચાલે આકાસમાં અરી૦ દેવ દુંદભી વરદુત. ભગ૦ ૨
સહસ્ત્ર જોયણ ધ્વજ સોહતો, અરી. પ્રભુ આગળ ચાલંતા; ભગ૦
કનેક કમળ તવ ઉપરે, અરી૦ વિચરે પાય ઠવંતા. ભગ૦ ૩
ચ્યાર મુખે દેઇ દેશના, અરી૦ ત્રિણુ ગઢ ઝાક ઝમાલ. ભગ૦
કેશરી ભરમ સુનરવા. અરી૦ વાધે નહીં કોઈ કાળ. ભગ૦ ૪
કાંટાપણું ઉધા હોઈ. અરી૦ વિષય અનુકુલ ભગ૦
ખટરી તું સમકાળે ફળે, અરી૦ વાયુ નહીં પ્રતીકુલ. ભગ૦ ૫

પાણી સુગંધ સુર કુસુમની, અરી૦ વ્રષ્ટી હોઈ શું રસાલ; ભગ૦
પંખી દેઈ સુપ્રદક્ષણા, અરી૦ વ્રક્ષ નમે અસરાલ. ભગ૦ ૬
જીન ઉત્તમ પદ પદ્મની. અરી૦ શેવા કરે સુર કોડી; ભગ૦
ચાર નીકાયનાજ ધન્યથી અરી૦ ચૈત્ય વ્રક્ષ તિમ જોડી. ભગ૦ ૭

स्तवन २

સામળીઓ ત્યાગી ને હું તો રાગી, વાલારે મારા સંજમ શું રઢ
લાગી. સામળીઓ ત્યાગીને હું તો રાગી. ટેક.
વા૦ મારો નેમ નગીનો રાગી, વા૦ મા૦ સુંદર સ્યામ સોભાગી;
વા૦ મા૦ સંજમ લીઓ વડ ભાગી. સામળીઓ૦ ૨
વા૦ મા૦ ગડ ગીરનારની વાટે, મોહન મને મળશે હવે એ વાટે;
જઈ હું તો હાથ મેલાવીશ માથે. સામળીઓ૦ ૩
જઈરે હવે રાજુલ નેમની પાસે, લીઓરે હવે સંજમ અતી ઉલાસે;
હારે નેમનાથ પેહેલી શીવ જાસે, સામળીઓ૦ ૪
વા. મા. દંપતી શીવસુખ મલીઓ, વા. મા. વીરહ દાવાદલ તળીઓ;
વા. મા. અગરો લગો ગુણ ભરીઓ. સામળીઓ૦ ૫
વા. કેહે દીપ સુણો એક મોરી, વા. તુમે તારી રાજુલ નારી;
વાલારે તુમે હમને કરો મોહવારી. સામળીઓ૦ ૬

पार्श्वनाथजीनां स्तवन.

સજની મોરી પાસ જીનેશ્વર પુજોરે, સ. જગમાં દેવ ન દુજોરે;
સ. સારંગપુર શણગારોરે, સ. પુજો દોય પ્રકારોરે;

સ. જીન પડિમા જયકારીરે, સ. વારી જાઉ વાર હજારીરે. આંકણી
સ. ગણધર સુત્રે વખાણીરે, સ. સિદ્ધની ઉપમા આંણીરે;
સ. સમકિતની વૃદ્ધિ કારીરે, સ. તે કિમ જાસે નિવારીરે. સ૦ ૨

સ. ભગવઈ અંગે ધારેરે, સ. ચારણ મુનિ અધિકારેરે;
સ. જીન પડિમા જીન સરખીરે, સ. સુત્ર ઉવાઈ નરખીરે. સ૦ ૩

સ. રાયપસેણી ભાખિરે, સ. જીવાભીગમ દાખીરે;
સ. વેવહારે પણ આખીરે, સ. સુદ્ધી પડિમા સાખીરે. સ૦ ૪

સ. જંબુપન્નતિ ઠાણંગરે, સ. બોલે દસમું અંગેરે;
સ. માહનિસિથે વિચારેરે, સ. પુજાનો અધિકારેરે. સ૦ ૫

સ. સાતમે અંગે વિખ્યાતરે, સ. આણંદ શ્રાવક વાતરે
સ. અનોથી પડીમા વારીરે, સ. સુદ્ધા સમક્તિ ધારીરે. સ૦ ૬

સ. જ્ઞાતા પાઠ દેખાવેરે, સ. કુમતિ ભરમ ન જાવેરે;
સ. એમ અનેક સુત ભાખેરે, સ. કો હવે કોનો વાંકરે. સ૦ ૭

સ. અરચા અરોચક થાશેરે, સ. નવ દંડકમાં જાસ્યેરે;
સ. જીવ કરમ વશ જાંણોરે, સ, કુણ કુમક કુણ રાંણોરે. સ૦ ૮
સ. જીનવર સેવા સારોરે, સ. વિષય કરો પરિહારોરે;
સ. સેવા એ બંધક ભાવરે, સ. ભવજળ તરવા નાવરે સ૦ ૯

સ. મણી ઉદ્યાત પ્રભુ સાચોરે, સ. જેવો હિરો જાચોરે,
સ. સંકા મન નવી લાવોરે, સ. શું આશું કેહેવરાવોરે, સ૦ ૧૦

स्तवन.

પાસજી વામાજીના નંદકે, સુણજ્યો વીનતીરે લોલ,
મ્હારા પાસજીરે લોલ.
જીનજી તેવીસમો જીન પાસકે, આશા મુજ પુરવેરે લોલ.
મ્હારા નાથજીરે લોલ.
જીનજી ઇહભવ પરભવ, દુઃખ દોહગ સવિ ચુરવેરે લોલ. મ્હારા૦
જીનજી આઠ પ્રાતિ હાર્યસું, જગમાં તું જ્યોરે લોલ. મ્હારા૦
જીનજી તાહરી વૃક્ષ અશોકથી, સોક દુરે ગયોરે લોલ. મ્હારા૦
જીનજી જાક્ત પ્રમાણુ ગીર્વાણુ, કુસુમ વ્રષ્ટી કરેરે લોલ. મ્હારા૦
જીનજી દિવ્ય દ્વની સુર પુરે, કે વાંસળી સ્વરેરે લોલ. મ્હારા૦
જીનજી ચામર કેરી હોર, ચલતી એમ કરેરે લોલ, મ્હારા૦
જીનજી નમે જે અમપરે તે ભવી, ઊધરગતી લહેરે લોલ. મ્હારા૦
જીનજી પાદ પીઠ સિંહાસન, વ્યંતર વીરચીરે લોલ, મ્હારા૦
જીનજી તીહાં બેસી જીનરાજ, ભવિ દેશના દીએરે લોલ. મ્હારા૦
જીનજી ભામંડલ સીર પુઠે, સુર્ય પુરે તપેરે લોલ. મ્હારા૦
જીનજી નરખી હરખી દેવકે, તે ભવમાં અટેરે લોલ. મ્હારા૦
જીનજી દેવ દુંદૂભીનો નાદ, ગંભીર ગાજે ઘણોરે લોલ. મ્હારા૦
જીનજી ત્રણ છત્ર કહે તુજકે, ત્રીભુવન પતી પણોરે લોલ, મ્હારા૦
જીનજી એ ઠકુરાઈ તુજકે બીજે નવી ઘટેરે લોલ, મ્હારા૦
જીનજી રાગી દ્રેષી દેવકે, તે ભવમાં અટેરે લોલ. મ્હારા૦
જીનજી પુજક નિંદક દોયકે, તાહરે સમપણેરે લોલ. મ્હારા૦

જીનજી કમઠ ધરણપતિ ઉપર, સંમ ચીત ગણેરે લોલ; મ્હારા૦
જીનજી પણ ઉત્તમ તુજ પાદ, પદ્મ શેવા કરેરે લોલ૦ મ્હારા૦
જીનજી તેહ સ્વભાવે ભવ્ય કે, ભવ સાયર તરેરે લોલ; મ્હારા૦

મહાવીરસ્વામીનાં સ્તવન.

વીરજી સુણો એક વિનતી મોરી, વાત વીચારો તુમે ઘણીરે:
વીર મને તારો માહાવીર મને તારો, ભવજળ પાર ઉતારોનેરે;
એ આંકણી૦

પરીભ્રમણ મેં અનંતારે કીધા, હજુએ ના આવ્યો છેડલોરે;
તુમેતો થયા પ્રભુ સિધ નીરંજન, હમે તો અનંતા ભવ ભમ્યારે.
વીર૦ ૧

તુમે હમે વાર અનંતી ભેળા, રમીઆ સંસારી પણેરે.
તેહ પ્રીત જો પુરણ પાળો, તો હમને તુમ સમ કરોરે. વીર૦ ૨

તુમ સમ હમને જોગ ના જાણો, તો કાંઈ થોડું દીજીએરે:
ભવો ભવ તુમ ચરણાંની શેવા, પામી હમે ઘણું રીજીએરે.
વીર૦ ૩

ઈંદ્ર જાળીઓ કહેતોરે આવ્યો, ગણધર પદ તેહને દીઓરે;
અરજુન માલીને જે ધુર પાપી, તેહને જીન તુમે ઉધર્યારે.
વીર૦ ૪

ચંદનબાળાએ અડદના બાકુલ, પડીલાભ્યા તુમને પ્રભુરે;
તેહને સાહુની સાચીરે કીધી, શીવવધુ સાથે ભેળવીરે, વીર૦ ૫

ચરણે ચંદ કોશીયો ડશીયો, કલપ આઠમે તે ગયોરે;
ગુણતો તમારા પ્રભુ મુખથી સુણીને, આવી તુમ સનમુખ રહ્યોરે
વીર૦ ૬

નીરંજન પ્રભુ નામ ધરાવો, તો સહુને સરખા ગણોરે;
ભેદ ભાવ પ્રભુ દુર કરીને, મુજશું રમો એક મેકશુંરે; વીર૦ ૭
મોડા વેલા તુમહીજ તારણ, હવે વીલંબ શા કારણેરે;
ગ્નાન તણા ભવના પાપ મીટાવે, વારીજાઊં વીર તોરા વારણેરે.
વીર૦ ૮

स्तवन २

ગીરૂઆરે ગુણ તુમ તણા, શ્રી વર્ધમાન જીનરાયારે;
સુણતાં શ્રવણે અમી ઝરે, માહરી નીર્મલ થાયે કાયારે. ગી૦ ૧
તુમ ગુણ ગણ ગંગા જલે, હું ઝીલી નીરમલ થાઊંરે;
અવર ન ધંધો આદરૂં, નીશ દીન તોરા ગુણ ગાઊંરે. ગી૦ ૨
ઝીલ્યા જે ગંગા જલે, તે છીલર જલ નવી પેસેરે;
જે માલતી ફુલે મોહીઆ, તે બાઊલ જઇ નવી બેસેરે. ગી૦ ૨
એમ અમે તુમ ગુણ ગોઠશુ, રંગ રાચ્યા ને વળી માચ્યારે;
તે કેમ પરસુર આદરે, જે પરનારી વસ રાચ્યારે. ગી૦ ૪
તું ગતી તું મતી આશરો, તું આલંબન મુજ પ્યારોરે;
વાચક જશ કહે માહરે, તું જીવ જીવન આધારોરે. ગી૦ ૫

સ્તવન. ૩

સીધારથનારે નંદન વીનવું, વીનતડી અવધાર;
ભવ મંડપમાંરે નાટક નાચીઓ, હવે મુજ દાન દેવરાય. સીધા૦ ૧
ત્રણ રતન મુજ આપો તાતજી, જેમ નાવે સંતાપ;
દાન દેઅંતાંરે પ્રભુ કસ કેશી, આપો પદવી આજ. સીધા૦ ૨
ચરણ અંગુઠે તે મેરૂ કંપાવીઆ, મોડ્યાં સુરનાજ માન;
અષ્ટ કરમના તે ઝઘડા જીતવા, દીધાં વરશીદાન. સીધા૦ ૩
સાસન નાયક સીવ સુખ દાયક, ત્રીસલા કુખે રતન;
સીધારથનોરે વંસ દીપાવીઆ, પ્રભુજી તમને ધન ધન. સીધા૦ ૪
વાચક સીખરે કીરતી વીજય ગુરૂ, પ્રણમું તાસ પસાય;
ધરમ તણાએ જીન ચોવીસમા, વીનય વીજે ગુણ ગાય. સીધા૦ ૫

સ્તવન. ૪

ઢાળ-વિમળાચળ વેગે વધાવો. એ દેશી,

ચઊમાશી પારણું આવે, કરી વિનતી નીજ ઘેર જાવે;
પ્રીયા પુત્રને વાત જણાવે, પટકુલ જરી પથરાવેરે.
મહાવીર પ્રભુ ઘેર આવે, જીરણ શેઠ ભાવના ભાવેરે. મા૦ ૧
ઉભી શેરીએ જળ છંટકાવે, જાય કેતકી ફુલ બીછાવે;
નીજ ઘર તોરણ બંધાવે, મેવા મીઠાઈ થાળ ભરાવેરે. મા૦ ૨
અરિહાને દાનજ દીજે, દેતાં જે દેખી રીજે;
ખટ માસિ રોગ હરિજે, સીજે દાયક ભવ ત્રીજેરે. મા૦ ૩

તે જીનવર સનમુખ જાવું, મુજ મંદરીએ પધરાવું;
પારણું ભલી ભક્તિ કરાવું, જુગતે જીન પુજા રચાવુંરે. મા૦ ૪
પછે પ્રભુને વોળાવા જઈશું, કર જોડી સામા રહીશું;
નમી વંદી પાવન થઈસ્યું, વીરતી અતી રંગે વહીસ્યું. મા૦ ૫
દયા દાન ખીમા શીલ ધરસ્યું, ઉપદેશ સજનને કરસ્યું;
સત્ય ગ્નાન દીશા અનુસરસ્યું, અનુકંપા લક્ષણ વરસ્યુંરે. મા૦ ૬
એમ જીરણ શેઠ વદંતાં, પરીણામની ધારે ચદંતાં;
શ્રાવકની સીમે ઠરંતાં, દેવ દુંદુભી નાદ સુણંતારે. મા૦ ૭
ફરી આયુ પુરણ શુભ ભાવે, સુર લોક અચ્યુતે જાવે;
સાતા વેદની સુખ પાવે, શુભ વીર વચન રસ ગાવેરે. મા૦ ૮

શ્રી મંદિરસ્વામીનાં સ્તવન.

ઈડર આંબા આંબલીરે. એ દેશી.

પુખલવઈ વિજયે જયોરે, નયરી પુંડરી ગીણી સાર;
શ્રીસી મંદીર સાહેબારે, રાય શ્રેયાંસ કુમાર જીણંદારાય ધરજ્યો
ધર્મ સનેહ૦ ૧
મોટા નાહાના અંતરેરે, ગીરૂઆ નવી દાખંત;
શશી દરીસણ સાયર વધેરે, કૈરવન વીકસંત. જીણંદરાય૦ ૨
ઠામ કુઠામ ન લેખવેરે, જગ વરસંત જલધાર;

કરદોય કુસુમેં વાસીયેરે, છાયા સવી આધાર. જીણંદરાય. ૩
રાયને રાંક સરીખા ગણેરે, ઉદ્યોતે શશિ સૂર;
ગંગાજલ તે બિહુ તણ્યારે, તાપ કરે સવી દુર. જીણંદરાય. ૪

સરિખા સહુને તારવારે, તીમ તુમે છો મહારાજ;
મુજસું અંતર કિમ કરોરે, બાંહિ ગ્રહ્યાની લાજ. જીણંદરાય. ૫
મુહ દેખિ ટીલું કરેરે, તે નવી હોય પરમાણ;
મુજરો માને સવી તણોરે, સાહિબ તેહ સુજાણ. જીણંદરાય. ૬

વૃષભ લંછન માતા સતકીરે, નંદન રૂખમણી કંત;
વાચક જસ એમ વિનવેરે, ભય ભંજન ભગવંત. જીણંદરાય. ૭

स्तवन २

સુણો ચંદાજી શ્રી મંદીર પરમાતમ પાસે જાજ્યો,
મુજ વીનતડી પ્રેમ ધરીને એણિપરે તુમ સંભલાવજો;
જે ત્રણ્ય ભુવનનો નાયક છે, જસ ચોસઠ ઇંદ્ર પાયક છે,
નાંણ દરિસણ જેહને ખાયક છે. સુણો. ૧
જસ કંચન વરણી કાયા છે, તસ ધોરી લંછન પાયા છે;
પુંડરિકિણી નગરીનો રાયા છે. સુણો. ૨
બાર પ્રખદા માંહે બિરાજે છે, જસ ચોત્રીસ અતિશય છાજે છે;
ગુણ પાંત્રીસ વાંણી ગાજે છે. સુણો. ૩
ભવિજનને તે પડી બોહે છે, તુમ અધિક સિતલ ગુણ સાહેછે
રૂપ દેખી ભવીજન મોહે છે. સુણો. ૪

તુમ સેવા કરવા રસીઓ છું, પણ ભરતમાં દુરે વસીઓ છું,
મહા મોહરાય કર ફસીઓ છું. સુણો. ૫

પણ સાહીબ ચીતમાં ધરીઓ છે, તુમ આણ ખડગ કર ગ્રહીઓછે;
પણ કાંઈક મુજથી ડરીઓ છે. સુણો. ૬

જન ઉત્તમ પુંઠ હવે પુરો, કહે પદ્મવિજય થાઉં સૂરો;
તો વાધે મુજ મન અતિનુરો. સુણો. ૭

श्री सिद्ध भगवाननुं स्तवन.

સિદ્ધની શોભારે શી કહું. એ આંકણી.

સિદ્ધ જગત શિરે શોભતા, રમતા આતિમરામ;
લક્ષ્મી લીલાની લેહેરમાં, સુખિયા છે શીવ ઠાંમ. સિ૦ ૧

માહાનંદ અમૃત પદ નમો, સિદ્ધિ કેવળ નામ;
અપુનર્ભવ બ્રહ્મ પદ વળી, અક્ષય સુખ વિશ્રામ. સિ૦ ૨

સશ્રેય નિશ્રય અક્ષરા દુઃખ સમસ્તની હાંણ;
નિર્વૃતી અપ વર્ગતા, મોક્ષ મુગતી નીરવાણ. સિ૦ ૩

અચલ મહોદય પદ લહ્યું, જોતાં જગતના ઠાઠ;
નિજ નિજ રૂપેરે જુજુઆ, વિસ્યાં કર્મ તે આઠ. સિ૦ ૪

અગુરૂ લઘુ અવગાહના, નામે વિકસે વદન;
શ્રી સુભ વીરને વંદતાં, રહિએ સુખમાં મગન. સિ૦ ૫

શ્રી બાહુજીનું સ્તવન.

સાહેબ બાહુ જીનેશ્વર વીનવું, વીનતડી અવધાર હો;
સાહેબ ભવ ભયથી હું ઉભગો, હવે ભવપાર ઉતાર હો સા૦ બા૦

સાહેબ તુમ સરીખા મુજ સીર છતે, કેમ કરે કમજોર હો;
સાહેબ ભુજંગ તણો ભય તીહાં નહી, જીહાં વન વીચરે મોર હો.

સાહેબ જીહાં રવી તેજે જળહળે, તીહાં કીમ રહે અંધકાર હો:
સાહેબ કેશરી જહાં ક્રીડા કરે, તીહાં નહી ગજનો પ્રચાર હો. સા૦ બા૦

સાહેબ તીમ જો તુમે મુજ મન રમો, તો નાસે દુરીત સંભાર હો;
સાહેબ વછવીજય સુસીમા પુરી, રાય સુગ્રીવ મલાર હો. સા૦ બા૦ ૪

સાહેબ હરણ લંછન એમ મેં સ્તવ્યો, મોહની રાણીનો કંત હો;
સાહેબ વીજયા નંદન મુજ દીયો, જસ કહે સુખ અનંત હો સા૦ બા૦

દીવાળીનાં સ્તવન.

(ચીત ચોખે ચોરી નવ કરીએ. એ દેશી.

રમતી ગમતી હમુને સાહેલી, બીહુ મળી લીજીએ એક તાળી;
સખી આજ અનોપમ દીવાળી.
લીલ વીલાસે પુરણ માસે, પોસ દશમ નીશી રઢીઆળી સખી૦ ૧
પસુ પંખી વસીયા વનવાશી, તે પણ સુખીયાં સમકાળી. સખી૦ ૨
એણી રાતે ધર ધર ઓછવશે, સુખીયાં જગતમેં નરનારી. સખી૦

ઉત્તમ ગ્રહ વીશાખા જોગે, જનમ્યા પ્રભુજી જયકારી; સખી૰
સાતે નરકે થયાં અજવાળાં, થાવરને પણ સુખકારી. સખી૰
માત નમી આઠે દીગ કુમરી અધો લોકની વસનારી. સખી૰
સુતી ઘર ઈશાને કરતી, જોજન એક અસુચી ટાળી. સખી૰ ૪
ઊરધ્વ લોકની આઠ કુમારી, વરસાવે જળ કુસુમાળી; સખી૰
પુર્વ રૂચક આઠ દર્પણ ધરતી, દક્ષણની અડ કલસાળી. સખી૰ ૫
અડ પછિમની પંખા ધરતી, ઉત્તર આઠ ચમર ઢાળી. સખી૰
વિદિશિની ચઊ દીપ ધરંતી, રૂચક દીપની ચઊ બાળી. સખી૰ ૬
કેળ તણાં ઘર ત્રણ કરીને, મરદન સ્નાન અલંકારી; સખી૰
રક્ષા પોટલી બાંધી બીહુને, મંદીર મેલ્યાં સણગારી. સખી૰ ૭
પ્રભુ મુખ કમળે અમરી ભમરી, રાસ રમંતી લટકાળી. સખી૰
પ્રભુ માતા તું જગતની માતા, જગ દીપકની ધરનારી. સખી૰ ૮
માજી તુજ નંદન ઘણું જીવો, ઉતમ જીવને ઉપગારી. સખી૰
છપ્પનદિગ કુમરી ગુણ ગાતી શ્રી સુભવીર વચન શાળી. સખી૰ ૯

स्तवन. २

(વાલાજીની વાટડી અમે જોતાંરે. એ દેસી.
જય જીનવર જગ હિતકારીરે, કરે શેવા સુર અવતારીરે;
ગૌતમ પમુહા ગણધારી, સનેહી વરજી જયકારીરે. ૧
અતરંગ રિપુને ત્રાશેરે. તપ કોપા ટોપે નિવાસેરે;
લહ્યું કેવળ નાંણ ઉલાસે. સનેહી. ૨

કટીલંકે વાદ વદાયરે. પણ જીન સાંધે ન ધરાયરે;
તિણે હરી લંછન પ્રભુ પાય, સનેહી ૩
સવિ સુર વહુ થેઈ થેઈ કારારે જળ પંકજની પરે ન્યારારે,
તજી તૃષ્ણા ભોગ વીકારા. સનેહી ૪

પ્રભુ દેશના અમૃત ધારારે જીન ધર્મ વિષે રથ કારારે.
જેણે તાર્યા મેઘ કુમારા. સનેહી ૫

ગાૈતમને કેવળ આલીરે વર્યા સાંતીખે શિવ વનમાળીરે.
કરે ઉત્તમ લોક દિવાળી. સનેહી ૫

અતરંગ અલછની વારીરે. શુભ સજનને ઉપગારીરે.
કહે વીર વિભુ હિતકારી. સનહી ૭

સ્તવન. ૩

ધન ધન મંગલરે સકલ દીન, પુજી પ્રભાતે ચાલે.
આજ મારે દીવાળી અજવાળી,
ગાવો ગીત વધાવો ગુરૂને, મોતીડે થાલ પુરાવો,
ચાર ચાર અંગે ચતુર સોભાસણ ચરણ કમળ ચીત સારીરે આજ૦
ધન ધુઓ ધન તેરસ દીન કાલે કાળી ચઉદશ,
પાપ હણીજે પોસો કીજે કર્મ મેલો સર્વે ટાળીરે આજ૦ ૨
અમોસેતો પરવ દીવાળી, ફરતી ઝાક ઝમાળી,
ઘેર ઘેરતો દીવડીઆ ઝળકે રાત દીસે અજવાળીરે આજ૦ ૪
અમાસની પાછલડી રાતે આઠ કરમ ખે ટાળી,

શ્રીમહાવીર નીરવાણે પહોત્યા; અજરામરસુખકારીરે આજ૦ ૫
પડવે તો વળી જુહાર પટોળાં, એ રીત રૂડી સારી
ગુરૂ ગઉતમના ચરણ પખાળી, રોઝ પામી રઢીઆળીરે આજ૦ ૬
બીજે તો વળી ભાવલ બીજ, બેનરડી અતિ વહાલી.
એ પાંચદીન હોએરે પનોતા, એવે હરખે ગાઈરે આજ૦ ૭
હરખવિજેના પંડીત બોલે ફરોને સેવ સુહાલી,
રૂપવીજેના પંડીત બોલે. જે જે વાજે તાળીરે. આજ૦ ૮

स्तवन ४.

મારે દીવાળીરે થઈ આજ પ્રભુ મુખ જોવાને,
સર્યાં સર્યાંરે સેવકનાં કાજ, ભવ દુખ ખોવાને. ટેક
મહાવીર સ્વામી મુગતે પહોત્યા ગૌતમ કેવળ જ્ઞાનરે,
ધન અમોસ દીવાળી મારે, વિર પ્રભુ નીરવાણ, જિન૦ ૧
ચારીત્ર પાળ્યા નીરમળાને ટાળ્યા વિખય કખાયરે,
એવા મુંનીને વંદીએ તો ઉતારે ભવપાવ. જિન મુખ૦ ૨
બાકુળ હોર્યા વિરજીને, તારી ચંદન બાળારે,
કેવળ લઈ પ્રભુ મુકતે પહોત્યા પામ્યા ભવનો પાર જિન૦ ૩
એવા મુનીને વંદીએ જે પંચજ્ઞાને ધરતારે,
સમવસરણ દેઈ દેશનારે પ્રભુ તાર્યાં નર ને નાર જિન૦ ૪
ચોવીસમા જીનેસરૂને મુગતી તણા દાતારરે,
કરજોડી કવી એમ ભણેરે પ્રભુ દુનીઆ ફેરો ટાળ. જિન૦ ૫

પરચુરણ સ્તવનો.

स्तवन १

જગત ગુરૂ જીનવર જયકારી, શેવો તુમે ભાવે નરનારી;
આશારે હેની ચોરાશી વારી, જગત ગુરૂ. એ આંકણી ટેક. ૧

જળચંદન કુસુમે કરીએ, ધુપ દીપ અક્ષત ભરીએ;
નૈવેદ ફળ આગળ ધરીએ. જગત૦ ૨

થૈઇ થૈઇ ભાવ પુજા સારી, નાટક ગીતને મનોહરી;
તીયાં સુધી કરો હીતકારી. જગત૦ ૩

ભાવથી દીવ્ય પુજા કરશે તે ભવ સાગરને તરસે;
સરસ શીવ સુંદરીને વરશે. જગત૦ ૪

વીસ ઉદેસાથી સાર, સુતરનીસી થસે ગનોહાર;
ભણી લહો રૂપ વીજય પાર. જગત૦ ૫

स्तवन १

વાહાસે અમ્રત પાઈ ઊછેરયાં, વ્હાલે મારે અમનેરે એ દેશી.

આવો આવો જશોદાના કંથ, અમઘેર આવોરે;
ભગતી વછળ ભગવંત નાથ સેં નાવોરે,
એમ ચંદનબાળાને બોલડે પ્રભુ આવીરે,
મુઠી બાકુળ માટે પાછા વળી બોલાવીરે. આવો૦ ૧

સંકેત કરીને સ્વામી ગયા તુમે વનમાંરે;
થઇ કેવળી કેવળી કીધ ધરીને મનમાંરે;
એમ કેશર કેરા કીચ કરીને પુન્જુરે,
તોએ પહેલે વ્રત અતિચાર થકી હું ધુજુરે. આવો૦ ૨
જીવ હિંસાના પંચખાણ થુળથી કરીએરે,
દુવિહં તીવેહેણં પાઠ સદા અનુસરીએરે;
વાશી બોળો વિદલ નીશી ભક્ષ હીંસા ટાળુરે,
સવા વિશ્વા કેરા જીવ દયા નીત્ય પાળુરે. આવો૦ ૩
દશ ચંદરૂઆ દશ ઠામ બંધીને રહીએરે,
જીવ જોયે એહવી વાત કેને ન કહીએરે;
વધ બંધનને છ વીછેદ ભાર ન ભરીએરે,
ભાત પાનીનો વીછેદ પશુને ન કરીએરે. આવો૦ ૪
લોકીક દેવ ગુરૂ મીથ્યાત ત્યાશી ભેદેરે,
તુમ આગમ સુણતાં આજ હોય વીછેદેરે;
ચોમાસે પણ બહુ કાજ જયણા પાળુંરે,
પગલે પગલે માહારાજ વ્રત અજવાળુરે. આવો૦ ૫
એક સાસ માંહી સો વાર સમરૂ તમનેરે,
ચંદનબાળા જેવું સાર આપો અમનેરે;
માછી હરીબળ ફળદાય એ વ્રત પાળીરે,
શુભ વીર ચરણ સુપસાય નિત્ય દીવાળીરે. આવો૦ ૬

સ્તવન ૩

(સુણ ગોવાલણી ગોરસડાં વાળીરે ઉભી રહેને. એ દેશી.)

હો સાહિબજી પરમાતમ પુજ્યાનું ફળ મુજ આપો;

હો સાહિબજી લાખેણી પુજારે સેં ફળ નાપો, એ આંકણી.

ઉતમ ઉતમ ફૂળ હું લાવું, અરિહાને આગળ મુકાવું;

આગમ વિધી પુજા વિરચાવું, ઉભો રહીને ભાવના ભાવું. હો૦ ૧

જિનવર જિન આગમ એક રૂપે, સેવંતાં ન પડો ભવ કુપે;

આરાધન ફળ તેહનાં કહીએ, આ ભવ માંહી સુખીયાં થઈએ. હો૦

પરભવ સુર લોકે તે જાવે, ઇંદ્રાદિક અપછર સુખ પાવે,

તિહાં પણ જિન પુજા વિરચાવે, ઉતમ કુળમાં જઈ ઉપજાવે. હો૦

તિહાં રાજ્ય રિદ્ધ પરિકર રંગે, આગમ સુણતાં સદગુરૂ સંગે;

આગમશું રાગ વળી ધરતા, જિન આગમ જીન પુજા કરતા. હો૦

સિદ્ધાંત લખાવીને પુજે, તવ કર્મ સકળ દુરે ધ્રુજે;

લહે કેવળ ચરણ ધરમ પામી, શુભ વિર મળેજો વીશ્રામી. હો૦૫

સ્તવન ૪

ઢાળ રાગ સારંગ. દાયક દીલ વશીઆ. એ દેશી.

સમવસરણ સુરવર રચેરે, પુજા ફુલ અંસેશઃ સાહિબશીવવશીયા

રાયપસેણી સુત્રમાંરે, કરે સુરયાભ વિશેશ સા૦ ૧
પુજ્યની પુજા તીમ કરીરે, કરૂં આશા પરીમાણ. સા૦
ચાર દશા વીમળાતમારે, હિંસાએ પચખાણ. સા૦ ૨
આશ કરૂં અરિહા તણીરે, પંચ તજી અતિયાર. સા૦
તુમ સરીખો દીઠો નહીંરે, જગમાં દેવ દયાળ. સા૦ ૩
વરસી વરસ્યા તે સમેરે, વિપ્ર ગયો પરદેશ સા૦
સંજમ લેઈ સુખીયો કર્યોરે, લાખીણો દેઈ ખેશ. સા૦ ૪
હું પણ તે દીન કેઈ ગતીરે, કેવળી જય જીનરાજ; સા૦
સાસન દેખી તાહરૂંરે, આવ્યો તુમ શિર લાજ સ૦ ૫
એ વ્રતથી શીવ સુખ લહ્યોરે, જિમ મહાનંદ કુમાર, સ૦
શ્રી શુભ વીર જીનેશ્વરૂરે, અમને પણ આધાર સા૦ ૬

स्तवन ૯.

વદ્રાવનના વાશિરે, એ દેશી.

એ વ્રત જગમાં દીવો મેરે પ્યારે, એ વ્રત જગમાં દીવો.
પરમાતમ પુજીને વિધીશું, ગુરૂ આગળ વ્રત લીજે;
અતિચાર પણ દુર કરીને, પરદારા દુર કીજે, મેરે પ્યારે૦
નીજ નારી સંતોષી શ્રાવક, અણુંવ્રત ચોથે પાળે;
દેવ તિરી નર નારી નજરે, રંગ નવી ધારે. રૂપ મેરે પ્યારે૦ ૧
વ્રતને પીડા કામની ક્રીડા, દુરગંધા જે બાળી,
નાશાવિણ નારી પણ રાગે, પંચાસકમાં ટાળી. મેરે પ્યારે૦

વિધવા નારી બાળ કુંમારી, વેસ્યા પણ પરજાતી;
રંગે રાતી દુર્બળ છાતી, નર મારણ એ કાતી. મેરે પ્યારે૦ ૨
પરનારી હેને શ્રાવકને, નવ વાડયો નીરધારી;
નારાયણ ચેડા મહારાજે, કન્યાદાન નીવારી. મેરે પ્યારે૦
ભરતરાયને રાજ્ય ભળાવી, રામ રહ્યા વનવાસે;
ખર દુખણ નારી સતીકારી, દેખીન પડયા પાસે.મેરે પ્યારે૦ ૩
દશ શિર રાવણ રણમાં રોળ્યો; શીતા સતીમાં મોટી;
સર્વ થકી જે બ્રહ્મ વ્રત પાળે, નીત્યે દાન હેમ કોટી.મેરે પ્યારે૦
વૈતરણીની વેદના માંહે, વ્રત ભાગે તે પેસે;
વિરતીરે પરણામ કરીને, ઈંદ્ર સભામાં બેસે. મેરે પ્યારે૦ ૪
મદિરા માંસથી વેદ પુરાણે, પાપ ધણું પરદારા;
વિધ કન્યા રંડાપણ અંધા, વ્રત ભંજક અવતારા. મેરે પ્યારે૦
વ્રત સંભાળે પાપ પખાળે, સુરતરૂ વંછીત સાધો;
કલ્પતરૂ ફળ દાયક એ વ્રત, જગ જશ કીરતી વાધે.મેરે પ્યારે૦ ૫
દશમે અંગે બત્રીશ ઉપમ, શીળવતી વ્રત પાળી;
નાથ નીહાળી ચરણે આવ્યો, નેહ નજર તુમ ભાળી. મેરે પ્યારે૦
હાથી મુખશે દાણો નિકશે, કિડી કુટંબ સહુ ખાવે;
શ્રી શુભ વીર જીનેશ્વર સાહિબ,શોભા અમ શીરપાવે.મેરે પ્યારે૦ ૬

स्तवन ६

મારા આંબાના માંડવલા હેઠ. એ દેશી.

મન મોહનજી જગ તાત, વાત સુણો જીન રાજજીરે;
નવી મળીઓ આ સંસાર, તુમ્હ સરીખો શ્રી નાથજીરે,
કૃશ્નાગર ધુપ દશાંગ, ઉખેવી કરૂ વીનતીરે;
તૃશ્ના તરૂણી રસ લીન, હું રઝળ્યો ચારે ગતીરે,
તીર્યંચ તરૂનાં મુળ, રાખી રહ્યો ધન ઉપરેરે,
પંચેદ્રી ફ્ણીધર રૂપ, ધન દેખી મમતા કરેરે. મન મોહ. ૧
સુર લોભી છે સંસાર, સંસારી ધન સંહરેરે;
તીજે ભવ સમરાદિત્ય, સાધુ ચરિત્રને સાંભળેરે.
નરભવ માંહે ધન કાજ, ઝાઝ ચઢયો રણમાં રડયોરે;
નિચ સેવા મુકી લાજ, રાજ્ય રસે રણમાં પડયોરે. મનમોહનર.૨
સંસાર માંહી એક સાર, જાણી કંચન કામનીરે;
ન ગણી જપ માળા એક, નાથ નિરંજન નામનીરે.
ભાગ્યે મળિયા ભગવાન, અવસર પામી વ્રત આદરૂરે;
ગયો નરકે મમન શેઠ, સાંભળી લોભથી ઉસરૂરે. મન મોહન. ૩
નવ વિધ પરિગ્રહ પરીમાણ, આણંદાદિકની પરેરે;
અથવા ઈચ્છા પરિમાણ, ધણ ધન્નાદીક ઉચરેરે.
વળી સામાન્ય ખટ ભેદ, ઉત્તર ચોસઠ દાખીયારે;
દશ વૈકાળીક નિરજુતિ, ભદ્ર બાહુ ગુરૂ ભાખીયારે. મન મોહન. ૪

પરિમાણથી અધિકું હોય, તો તિરથે જઈ વાવરેરે;
રોકાએ ભવનું પાપ, છાપ ખરી જીનની ધરેરે.
ધન શેઠ ધરી ધનમાન, ચિત્રાવેલીને પરીહરિરે;
શુભ વીર પ્રભુને ધ્યાન, સંતોષે શિવ સુંદરીરે. મન મોહન. ૫

स्तवन ૭.

ઢાળ. ભમરા ભદરસેં નાવ્યો, એ દેશી.

ઉત્તમ ફળ પુજા કીજે, મુનિને દાન સદા દીજે;
બારમે વ્રત લાવો લીજેરે, શ્રાવક વ્રત સુરતરૂ ફળીયો.
મન મોહન મેળો મળીઓ. શ્રાવક૦ ૧

દેશ કાળ સરધા ક્રમીએ, ઉત્તર પારણે દાન દીએ;
તેહમાં પણ નવી અતિચરીએ. શ્રાવક૦ ૨

વિનતી કરી મુનિને લાવે, મુની બેસણુ આસન દાવે;
પડીલાભે પોતે ભાવેરે. શ્રાવક૦ ૩

દસ ડગલાં પુઠે જાવે, મુની દાને જે નવી આવે;
વ્રત ધારી તે નવી ખાવે. શ્રાવક૦ ૪

મુની અછતે જમે દિશી દેખી, પોસહ પારણુ વિધી ભાખી;
ધર્મદાસ ગણી છે સાખી. શ્રાવક૦ ૫

એકાદશ પડિમા વહિયા, સુર ઉપસર્ગ નવી પડિયા;
કામદેવ પ્રભુ મુખ ચડીઆ. શ્રાવક૦ ૬

ગુણકર શેઠ ગયો મુગતે, હું પણ પાળું એ જુગતે;
શ્રી શુભ વીર પ્રભુ ભકતેરે. શ્રાવક૦ ૭

स्तवन ८

ઢાળ અનીહાંરે વાલોજી વાય છે વાંસળીરે. એ દેશી.
અનીહાંરે ધુપ ધરો જિન આગળેરે,
કૃષ્ણાગર ધુપ દશાંગ, શ્રેણી ભલી ગુણઠાણનીરે;
અનીહાંરે ધુપધાણું તે રયણે જડયુંરે,
ઘડયું જાત્યમઈ કનકાંગ; શ્રેણી૦ ધુપ ધરો. ૧
અનીહાંરે મુનીવર રૂપ ન દાખવેરે,
થિતી બંધ પુરવની રીત; શ્રેણી.
અનીહાંરે બંધોદય ગુણ ઠાણે પંચમેરે,
હગે ખાયક શ્રેણી વદીત. શ્રેણી. ધુપ૦ ૨
અનીહાંરે શોલ સાંમંતને મોળવીરે,
વચ્ચે ઘેરી હણ્યા લહી લાગ. શ્રેણી.
અનીહાંરે નાઠા આઠે સેનાપતિરે;
નવમાને બીજે ભાગ. શ્રેણી. ધુપ૦ ૩
અનીહાંરે ચઉમાશા લગે એ રહેરે,
મરણે નરની ગતી જાણ;
અનીહાંરે રજરેખા સમ ક્રોધછેરે,

ક્રોધ થંભ સમાણે માન. એણી. ધુપ૦ ૪
અનીહાંરે માયા ગોમુત્ર સારખીરે,
છે લોભ તે ખંજણ રંગ; એણી
અનીહાંરે મુનીવર મોહ તે નાસવેરે,
રહી શ્રી શુભ વીરને સંગ. એણી, ધુપ૦ ૫

વસંત.

વસંત પંચમીને નઉતમ ખેત્ર, લગન લીઓ નીરધાર; લલના. હો મેરી લલનારે, આવ્યો આવ્યો માસ વસંત, વસંતર વીવા આદર્યા હો. સૌ સાજન મળી તોરણુ આવે, પસુંડે માંડયો પોકાર. વસંતર વીવા૦ ૧ લીલા પીળા વાંસ રંગાવો, ચોરી ચિતરાવો ચાર લલના; ભાવે તે દેવતા વેદ ભણે છે, મંગળ ગાવે તે સાખિઓ ચ્યાર વસંત૦ ૨ આઠ ભવની હું નારી તમારી, શોરે હમારો વાંક. લલના; ભવો ભવની હું દાશી તુમારી, કાળો છે કામણગારો. વસંત૦ ૩ નેમજી હૈયામાં ક્રોધે ભરાણા, સંસારમાં નહીં સાર લલના; રથ વાળી નેમ ગીરનારે ચાલ્યા, રોતી રહે રાજુલનાર. વસંત ૪ રાજુલ ચાલ્યાં સંજમ લેવા, જઈ ચડયાં ધડ ગીરનાર લલના; કરજોડી ઉતમ પાયે લાગુ, સાચો છે દીન દયાલ. વસંત૦ ૫

---:o:---

પરચુરણ નાનાં સ્તવનો.

પદ ૧

રહો રહોરે જાદવરાએ દોએ ઘડીયાં, દોએ ઘડીઆંરે અબ ચાર ઘડીયાં. રહો રહોરે૦ આંકણી પ્રેમકા પ્યાલા બોહોત મશાલા, પીવત મધુંરી સેલડીયાં. રહો૦ ૧ હાથશું હાથ મીલાઈ દીયો સાહી, ફુલડા બીછાવું શેજડીયાં. રહો૦ ૨ રાજુલ છોડી ચલે ગીરનીરે, દીપતા મોહન વેલડીયાં. રહો૦ ૩ રૂપચંદ કહે નાથ નિરંજન, મુક્તિ વધુ ગુણ સેલડીયાં રહો૦ ૪

પદ ૨

કિરપા કરોરે ગોડીપાસ જીનેશ્વર, તુમ સ્વામી અંતરજામીરે. ટેક. ઊંચે ઊંચે ગઢપર પાસજી બીરાજે, ચારે તરફ ઞાની ઞાની. કિરપા. ૧ લીલ વરણ તોરે અંગ બીરાજે, બદનોકી જાઉ બલીહારી. કિરપા. ૨ બાંહે બાજુપર બેરખા બીરાજે, કુંડળકી છબ હે ન્યારી. કિરપા. ૪ ધુંડત ધુંડત મેં પ્રભુ પાયો, પુરણ પદવી અબ પાઇ કિરપા. ૪ નાથ નિરંજન નામ તુમારો, રૂપચંદ પદવી પાઈ. કિરપા. ૪

પદ ૩

લાગી તેરે દરસકી ખુમારીઆ, લાગી તેરે. ટેક.

ભાંગ ધંતુરો મુને કેફ ન ભાવે, બીન કેફે સુધ બીસારીઆરે લાગી. ગાનકે બાન ભરી ભરી મારે, મારી મોહે પ્રેમકી કટારીઆરે. લાગી. ૨ તુંમી તુંમી કરતાં મધન ભઓ હે, રૂપચંદ પીયા વારીયારે. લાગી. ૩

પદ ૪.

કીને દેખા અમેરા સ્વામી, સ્વામીજી અંતરજામીરે. કીને ટેક. આઠ ભવકી પ્રીત પ્રકાશી, નવમે ગયા શીવ ગામીરે. કીને. ૧ સેસાવનકી કુંજ ગલનમે, મળ્યા મુને અંતરજામીરે. કીને. ૨ આપ ચલે ગીરનારકે ઉપર નારી તારી કેવળ પામીરે. કીને. ૩ કહે નથુ પ્રભુ નેમ નગીનો, કહું છું આજ શીર નામીરે. કીને. ૪

પદ. ૫

જુવો મોરી સઈયાં, દીપે ગોડીચાજી કેવારે. ટેક
વરખડીએ પ્રભુ આપ બીરાજે, છાજે દેવાધી દેવારે. જુવો૦ ૧
કેસરચંદન ભરીરે કચોળાં, ભેળી સુભ ગંધ બરાસરે. જુવો૦ ૨
આંગી રચો મોગર જાસુસકી, પુજા કરોને નવ અંગેરે. જુવો૦ ૩
નથુ કલ્યાણ કવી દીપનોશ્રાવક કહે, સરધાથી સમકીત પાવું રે. જુવો.

પદ ૬

લેતા જાઓરે સામળીઆ બીડી પાનનકી બીડી પાનનકીરે; દીલ જાનનકી. લેતા૦ ટેક. કથારે ચુના લવીંગ સોપારી, વારી તેરા દીલ જાનનકી. લેતા૦ ૧ તાલ મરદંગ સરણાઈ સરોદા, બાજી બની રંગ તાનનકી. લેતા૦ ૨ સેસાવનકી કુંજ ગલનમે, લાગી ઝરી શુભ ધ્યાનનકી લેતા. ૩ કહે નથુ પ્રભુ ધર્મ પ્રકાશીત, હું બલીહારી કેવળ જ્ઞાનનકી લેતા૦ ૪

પદ ૭

બેર બર નહીં આવે અવસર, બેર બર નહીં આવે ટેક. જ્યું જાણે ત્યું કરલે ભલાઈ, જનમ જનમ સુખ પાવે. અવસર ૧ તન ધન જોબન સબહી જુઠો, પ્રાણ પલકમે જાવે. અવસર૦ ૨ તન છુટે ધન કોણ કામકો, કાયકુ કૃપણ કહાવે. અવસર ૩ જાકો દીલમે સાચ બસતહે, ત્યાકુ જુઠ ન ભાવે. અવસર૦ ૪ આણંદઘન પ્રભુ ચલત પંથમે, સમર સમર ગુણ ગાવે. અવસર ૫

પદ ૮

ગજલ—રાજુલ પોકારે નેમ પીયા એશી ક્યા કરી, મેરે છોડકુ ચલે ચુક અમશે ક્યા પડી; રાજુલ૦ ૧ હુઈ આશકી નીરાશ ઊદાસીનતા ઘડી; પ્યારા બસ નહી અમેરા પ્રીતમ પીડમે પડી રાજુલ૦ ૨ અમસે રહ્યો ન જાએ પ્રીતમ તુમ બીના ઘડી; શંગ લીજીએ દયાળ દયા ધર્મ આદરી. રાજુલ૦ ૩ નિશદીન તુમેરા નામ દેતે જ્ઞાનકી ઝરી; મુની ચંદ્રજી ચાગુ કમળ ચીતમે ધરી રાજુલ૦ ૪

પદ ૯

હારે પ્રભુ ભજલે મેરા દીલ રાજી, આંકણી. આઠ પોહોરકી ચોસઠ ઘડીયાં દો ઘડીયાં જીન સાજીરે હારે૦ ૧ દન પુનકછું ધર્મ કરલે, મ્હો માયાકુ ત્યાગીરે હારે૦ ૨ આણંદઘન કહે સમજ સમજ લે, આખર ખોવેગા બાજીરે હારે૦ ૩

પદ ૧૦

બીરાજો બંગલેમે, બીરાજો મંદીરમે; પ્રભુ ગોડીચા હો પારસનાથ. બી૦ ચુવા ચુવા ચંદન ઓર અરગજા, કેસરમે ગરકાવ. બી૦ ૧ રચ્યો નેકો પ્રભુજીરે છત્ર બીરાજે, મોતિયન તપેરે લિલાટ. બી૦ ૨ ભવ સાગર મેંબી આએ પડયો હે, બાંહે પકડ મુજ તાર. બી૦ ૩ રૂપચંદ કહે નાથ નિરંજન, તરણ તારણ મુજતાર. બીર૦ ૪

પદ ૧૧

ફેરઓ—ભલાજી મેરો નેમ ચલો ગીરનાર એકેલી જાનસે. મેરો૦ રાજુલ ઉભી અરજ કરે છે, ભલાજી મેરી અરજ સુનો મહારાજ. એકેલી૦ ૧ તોરણે આએ ચલે રથ ફેરી, ભલાજી ઊવાંતો પસુવનકી સુની છે પોકાર. એકેલી૦ ૨ સેસાવનકી કુંજ ગલનમે, ભલાજી વાંતો પંચ મહાવ્રત ધાર. એકેલી૦ ૩ હરખચંદ પ્રભુ રાજુલ વીનવે, ભલાજી મેરો હજો મુકતીમે વાસ. એકેલી૦ ૪

પદ ૧૨

રાગ બીમાશ—પ્રભુજીકો દરિસન પાયો, આજ મેં પ્રભુજીકો દરિસન પાયો. ટેક વંછીત પુરણ પાશ ચીતામણી; દેખત દુરીત ગમાયો. આજ ૧ મોહની મુરત મહીમા સાગર; કીરતી સબ જુગ છાઓ. આ૦ ૨ ભાનુંચંદ પ્રભુ શકુળ સંગકુ આનંદ અધીક ઉપાયો. આજ૦ ૩

પદ ૧૩

નિરંજન સાહીબારે સાહી, મેરા હુકસા મુજરા લેત. ટેક.
તુમઓ તિરથકા દેવતારે, અમ ગીરીવરકા મોર;
રૂમઝુમ રૂમઝુમ મેઉલા બરસે, કાંઇ હમ હમ નાચે મોર. નિર૦ ૧
અમ ગુણુ કાળી કોયલીરે, પ્રભુ ગુણ આંબા મોહોર;
મજરો કે જોરસે, કાંઇ કરને લાગ્યા શોર. નિરંજન૦ ૨
તુમ ઓ અમર દેવતારે, અમ કેશરકા છોડ;
કનક કચોલી લેઈ હાથમાં, કાંઈ•પુંજા કરૂં રંગરોલ. નિરંજન૦ ૩
તુમ ઓ મોતલકી લરીરે. અમગુણ ઉંડા મોર;
રૂપચંદકી એહી અરજ હે, દીલભર દરીસન દો. નિરંજન૦ ૪

પદ ૧૪

આય રહ્યો દીલ બાગમાં, સુન પ્યારા જીનજી આંકણી.
ચુન ચુન કલીઓ તોરો ચરણે ચઢાવું, ગુણ અનંતા તોરે રાગમે-
સુન. ૧ મરૂદેવી નંદન આદીજીનેશ્વર. ખેલ અનંતા તોરા રા-
ગમે; સુન. ૨ રૂપચંદ કહે નાથ નિરંજન, જીહું વીકસીત વન કા-
ગમે. સુન. ૩

પદ ૧૫

અબધુ સો જોગી ગુરૂ મેરા, ઉસ પદકા કરે નીવેડા. અબધુ ટેક૦
તરવર એક મુલ બીન છાયા, બિન ફુલે ફુલ લાગ્યા;
સાખા પત્ર નહી કછું ઉનકુ, અમ્રૃ ગગને લાગ્યા, અ૦ ૧

તરવર એક પંછિ દોઉ બેઠે, એક ગુરૂ એક ચેલા;
ચેલેને જુગ ચુણ ચુણ ખાયા, ગુરૂ નીરંતર ખેલા. અ૦ ૨
ગગન મંડલમે અધબિચ કુવા, ઉવાં હે અમીકા વાસા;
સુગરા હોએ શો ભર ભર પીવે, નુગરા જાવે પીયાસા. અ૦ ૩
ગગન મંડલમે ગઉ બિહાની, ધરતી દુધ જમાયા,
માખન થાશો વિરલા પાયા, છાશ જગત ભરમાયા. અ૦ ૪
થડ બિના પત્ર પત્ર બિન તુંબા, બિન જીભ્યા ગુણ ગાવે;
ગાવણ વાલેકુ રૂપ ન રેખા, સુદગુરૂ સોહી બતાવે. અ૦ ૫
આતમ અનુભવ બીના નહીં જાને, અંતર જોત જગાવે,
ઘટ અંતર પરખે સોહી મુરત, આનંદઘન પદ પાવે. અ૦ ૬

પદ ૧૬

રાગ સામેરી—કુંમકુંમનો પગલે, પધારો રાજ કુંમકુંમને ગલે. ટેક. સંસાર છોડી સંજમ આદરવા, દાન દીધાં ઢગલે. પધારો. ૧ સીબીકા દેવી સહેસ પુરૂષશેં, પ્રભુ બેસી ફરો સઘલે. પધારો ૨ વન જઈ પ્રભુ દીક્ષા લીની, ઉપજે જ્ઞાન ચોથું ડંગલે. પધારો. ૩ કરમ ખપાવી કેવળ લીધું, મોક્ષે પોહોત્સા તે તો એક મજલે. પધારો. ૪ નથુ કલ્યાણ કહે ચેતનને, તું તો એવા પ્રભુ ભજલે. પધારો. ૫

પદ ૧૭

અંતર મેલ મીટચો નહી મનકો; ઉપર તન કયા ધોયારે.

અંતર૦ ટેક શોળ શણગાર સજીરે શરીરપર, મુખડા કાચમે જોયારે. અંતર૦ ૧ અગર અતર અબીલ અરગજા, ગંદી દેહ સંગ મોહ્યારે. અંતર૦ ૨ સરસ હાર કરી તનને પોસે તીરીઆ પલંગપર સોયારે. અંતર૦ ૩ કહે જીનદાસ. જે અક્ષય અમર પદ, જબ નીરખ્યા તબ રોયારે. અંતર૦ ૪

પદ ૧૮

બલીહારી જાઊ વારી, મહાવીર તારી સમોવસરણકી બલીહારી આંકણી. ત્રણ ગઢ ઉપર તખ્ત બીરાજે; બેઠી છે પુરખદા વારી. મહા૦ ૧ વાણી જોજન સહુ કોઈ સાંભળે, તાર્યાં છે નરને નારી. ૨ આનંદઘન પ્રભુ એણી પેરે બોલે; આવા તે ગમન નીવારી મહા૦ ૩

પદ ૧૯

સમર સમર જીવા શ્રીનવકાર, એ પદતો તેરો કાજ સુધારે સબી; પાવે ભવ જલકો તું પાર. સમર૦ દેવ ધર્મ ગુરૂ દ્રઢ કરી સેવીએ. કદિય ન હોય તેરી હાર સમર૦ ૨ તપ જપ સંજમ સાર ખજાનો, બન્યો ખરચી લીન્યોજી એહી લાર. સમર૦ ૩ અરજુન માળી અરૂગજ સુકમાલકુ તુરત દીયો હે તુમ તાર સ૦ ૪ સમકીત સેજકુ ખીલ રહ્યા હે હયો. કરી હેં સુમતા ધરનાર. સ૦ ૫ કહેણકું જીનદાસ ઉતાવળો, કરણેકું બડો હે ગમાર. સમર૦ ૬

પદ ૨૦

હાંર હુંતો મોહ્યોરે લાલજીના મુંખડાને મટકે, ટેક. નયણ રસાળાને વયણ સુખાળા, ચીતડું લીધુ ચટકે; પ્રભુજી સાથે ભક્તી કરતાં, કરમતણી કસ તટકે. હાંરે૦ ૧ મુંજ મન લોભી ભમર તણી પેરે, જિન ગુણ કમળે અટકે; રત્ન ચીંતામણી મુંકી રાચે, કહો કોણ કાચને કટકે, હાંરે૦ ૨ એ જિન થુણતાં ક્રોધાદીક જે, આસપાસથી પટકે, કેવળ નાણી બહુ સુખ દાણી, કુમતી કુમતીને પટકે. હાંરે૦ ૩ એ જિનને જે દીલમાં ન આણે, તેતો ભુલ્યા ભટકે; ભાવ ભગત સ્યું ઓળખ કરતાં; વંછીત સુખડે સટકે, હાંરે૦ ૪ મુરત સંભવ જીનેશ્વર કેરી, જોતાં હઈડું હરખે; નીત લાભ કહે પ્રભુ કીરત મોટી, ગુણ ગાઊ હું લટકે હાંરે૦ ૫

પદ ૨૧

પ્રભુ પાસ ચીંતામણ મેરો, હાંરે પ્રભુ૦ ટેક મીલ ગયો હીરો ને મીટ ગયો ફેરો, નામ જપું નિત તેરોરે. પ્રભુ. ૧ પ્રીત લગી મેરી પ્રભુંસે પ્યારી, જેસો ચંદ ચકોરોરે પ્રભુ આનંદઘન પ્રભુ ચરણ શરણ હે ઓાત દીયો મુક્તિ કો ડેરોરે. પ્રભુ૦ ૩

પદ ૨૨

મારો મુજરો માનીને લીજેરે ગોડીરાએ, અરજ સુણોને મારો મુજરો માનીને લીજે. ટેક મુજ સેવકપર કીરપા કરીને દીલભર દરીશણ દીજે. ઓ ગોડીરાએ— અરજ. ૧ તુમ અ

વીનાશી અંતર પશીઓ, તુમ દીલમાં પરતીજે. ઓ ગોડી- રાએ અરજ. ૨ રૂપ વીબુધનો મોહન ભણે, પય ઉઠીને પ્રણુમીજે. ઓ ગોડીરાએ—અરજ. ૩

પદ ૨૩

રીત સરવથી ન્યારી, હોજી તમારી રીત સરવથી ન્યારી આંકણી. મુઠી બાકુળ માટે પ્રભુ રીઝયા, ચંદન બાળાને તારી હો ૨ ચંદકોશીઓ ગયો દેવલોકે, કરણી તે કેઈ સુધારી. હો ૩ સુરસશીના વાલા રશીક શીરોમણુ, ચરણ કમળ બલી- હારી. હો. ૪

પદ ૨૪

મુખડલાને મટકે, હોજી તમારા મુખડલાને મટકે આંકણી અધુર પ્રવાળી હશીને જુંઓછો, મન હરી લ્યોછો લટકે. હો. ૧ ભ્રગુટી બાણુ મારોછો મોહોનાં કાળજાં વચે ખટકે. હો. ૨ વશીકરણુ વિઘા વસાવો છો નેણુમાં, તુમ ચરણે ચીત અટકે હો. ૩ સુરસંશીના વાલા રશીક શીરોમણુ લો- હેરૂં આવે છે નેમ ચટકે. હો. ૪

પદ ૨૫

ધન ધનરે ચોઘડીયું મારે આજનુરે, મેંતો મુખડું જોયુ જીનરાજનુરે. ધન૦ ૧ ટેક. વાલાના વદનપર વારી કોટીક ચંદ્રમારે, પ્રભુને નીશદીન વંધુંછું ખમારે. ધન૦ ૨ પ્રભુનું મુખડું જોતાંરે રદ લાગશેરે, દુખ જનમ મરણનુ ભાગશેરે ધ ૩

વાલો મનના માન્યા તે સુખ આપશેરે, કરી પોતાનો અખેપદ આપશેરે. ધન ધનરે૦ ૪ ગાઓ ગીત ગ્યાન તાન સહુ સોહ્યા મણારે, સુરસશીને સદાએ વધામણાંરે. ધન ધન૦

પદ ૨૬

તમારા મુખડા ઉપર વારી લાલ લટકાળા. લટકે ચંદનબાળા તારી લાલ લટકાળા. સુળીનું સિંહાસન કીધું લાલ લટકાળા. ત્યાં ઉગરયો સુંદરસેન રાજા લાલ લટકાળા. ચરણે ચંડકોશીયો ડશીયો લાલ લટકાળા. તેતો દેવલોક જઈ વશીયો લાલ લટકાળા. એવી રીત તમારી ન્યારી લાલ લટકાળા. તમને સુરસસી બલીહારી લાલ લટકાળા.

પદ ૨૭

કીરપા કરોની આદીશ્વર બાવા, કેસા ધ્યાન લાગ્યાહે. કીરપા૦ ટેક. કર ઉપર કર અધીક બિરાજે, આશ નગર જુમાયા હે કીરપા૦ ૧. ગમના ગમની વાર ન સાચી શિવરમણીકુ ધાયાહે, કીરપા૦૨ આપ તરે ઓરનકુ તારે, એઈ બીરૂદરા આયાહે કીરપા૦ ૩ પ્રેમ પદારથ ઈછા પુરે, શાંતી કુશળ ગુણ ગાયાહે. કીરપા૦ ૪

પદ ૨૮

પંથીડા પંથ ચલેગો. પ્રભુ ભજલે દિન ચ્યાર, પંથીડા૦ ૧ બાળપણો આયો ખેલ ગમાયો, યૌવન માયા જાલ. પંથીડા૦ ૨ બુઢાપણો આયો, ધરમ ન પાઓ, ફરી પીછે પ-

સ્તાય. પંથીડા. ૩ દયા મયા કર પારસ મગસી, અબ તેરો આધાર. પંથીડા૦ ૪

પદ ૨૯.

ગ્યાનીરે મેરે ગ્યાનીરે, ચાલો કીતાબ સુણવા ગ્યાની. ગ્યાનીરે રંગ લાગ્યોરે ચાલો—

તુમ વાણી અમ્રતસેં જાણી, ઈક્ષાંગ મધુસેં ભરાણીરે. ચાલો૦
વાણી ગુણ પાંત્રીસ બીરાજે, ચોત્રીશ અતીસય જાણીરે. ચાલો૦
જીવ અજીવ ઓર તત્વ બતાવણા, મોક્ષ મારગડો દીખાવનારે ચાલો૦
માથ્યા તીમરકુ દુર હઠાવના, ગ્યાન પ્રમોદ બતાવનારે. ચાલો૦
એતની શી વાણી દીજીએ હમકુ, ચતુર કુસળ શુભ ધ્યાનીરે. ચાલો૦

પદ ૩૦.

ગઝલ—રાજુલ કહે નાથ ગએ સાત પરહરી, નહી અરજ મેરી ગરજ કછુ દીલમે ધરી. રાજુલ૦ ૧ તેરે દસંકી મેં તરશી દેખુ મેહેલપર ચઢી, દેખી નાથ સાથ જાન મેરી અંખીઆં ઠરી. રાજુલ૦ ૨ આયો તોરસને ફીરીઓ રથ શામને ફરી, કીની પસુવનપે મ્હેર કેર આપે કયા કરી. રાજુલ૦ ૩ આઠ ભવકી જાણી રીત દીલમે ન જરી, આએ નવમે ભવ જોગ ભોગ ગએ બીસરી. રાજુલ૦ ૪ છોડી રાજુલ ગીનાર લીની શીવ વધુ વરી, કહે શુત પ્રભુદાસ ચીત ચરણસે ધરી. રાજુલ૦ ૫

પદ ૩૧

સમત શીખર ચાલો જઈએ મોરી સજની, સમત શીખર ચાલો જઈએ. ટેક. દેશ દેશકે જાત્રા આવે. અતિ સુખ અતિ સુખ ચાહીએ મોરી સજની. સમત૦ ૧ વીસે ટુંકે વીસ જીનેશ્વર, વંદીને પાવન થઈએ મોરી સજની. સમત૦ ૨ મન વચ કાયા પ્રદક્ષણા દે કર, મુક્તિ પદમ પદ પાઈએ મોરી સજની. સમત૦ ૩

પદ ૩૨

એહાગ—સીયળ નીત પાળો પ્રાણી શીયળ ધરમકો મુળરે. શીયળ૦ ટેક. શીયળ સતી સીતાએ પાળ્યો, અગ્ની કુંડ ભર્યો પાણીરે. શીયળ૦ શીયળ સતી સોભદ્રાએ પાળ્યો ચાયણીમેં ભર લીઓ પાણીરે. શીયળ૦ ૨ શીયળ શેઠ સુદરસને પાળ્યો, સુળી થઈ વીમાનરે. શીયળ૦ ૩ દાન શીયળ સંજમ વ્રત પાળ્યા, શીયળ સુખ આવ્યા દાનીરે શીયળ૦ ૪

પદ ૩૩

આજકી આંગી જોર બની, ગોડી પાસ જીનેશ્વરકે અંગકી ટેક. કેસર ચંદન ચરચુ અંગે, બીચ માંહે બુટ્ટી ગુલાબનકી. આજકી૦ ૧ ચંદ્ર જોત તેરો મુંખડે બીરાજે તેરે બદનોકી જાઉ બલીહારી. આજકી૦ ૨ કહે મલુકચંદ એ પ્રભુ સાચો પુજા કરો એ જીનેશ્વરકી આજકી ૩

પદ ૩૪

મીલાવના મીલાવના મીલાવનારે ગોડીજીકો દરસન મીલાવના. ટેક અનુભવ મેવા ભેજલે પ્રભુજી, ઉનમોહે દરીશ દેખાવનારે. ગોડીજી૦ ૧ અંતરયામી અંતરન રાખ્યો, દો દરીસન સુખ પાવનારે. ગોડીજી૦ ૨ રામ વીમુધ કહે જિન પ્રભુ પ્યારા, તનકા તાપ મીટાવનારે. ગોડીજી૦ ૩

પદ ૩૫

મુરત મોહન ગારી જીનંદા તોરી મુરત મોહન ગારી. આંકણી. દરીશન તોરો મોકુ દરીશન દેવે, ઉનકી મેં બલીહારી જીનંદા૦ ૧ હરીહર બ્રહ્મા મોરે દીલ ન આવત, લાગત એ મોએ પ્યારી. જીનંદા૦ ૨ ત્રીસલા માતા મલારજ ગાવે પાવત શીવ પદ ગાજી જીનંદા૦ ૩

પદ ૩૬

ધન ધનરે ચોઘડીયું મારે આજનુંરે, મેંતો મુખડું જોયું જીનરાજનુંરે. ધન૦ ૧ ટેક. વાલાના વદનપર વારી કોડીક ચંદ્રમારે, પ્રભુને નીશદીન વંછુછું હુંતો ખમારે. ધન૦ ૨ પ્રભુનું મુખડું જોતાંરે રઢ લાગશેરે, દુખ જનમ મરણનું ભાગસેરે ધન૦ ૩ વાલો મનનાં માંન્યાં તે સુખ આપશેરે, કરી પોતાનો અખેપદ થાપશેરે ધન૦ ૪ આઓ ગીત ગ્યાંન તાન સહુ સોહામણુંરે, સુરસસીને સદાએ વધામણુંરે; ધન ધનરે ચોઘડીયું૦ ૪

પદ ૩૭

ધન ધન આજુનો દીન રળીઆમણોરે, સુરજ સોનાનો ઉગ્યો સોહામણોરે. ધન ધન૦ ટેક. વાણું વાતાં પ્રભુને નમ્યોરે, જીનરાજ તે માહારે મન ગમ્યોરે. ધન૦ ૧ નવ ગ્રહ સમા થયા મારે આજથીરે, વળી દશા તે શ્રી જીનરાજથીરે. ધન૦ ૨ મુખ જોતાં તે દુઃખ સરવે ગયુંરે. વાલાનું ધ્યાન સદા ચીતમાં રહ્યુંરે. ધન૦ ૩ આપી સેવા તે સુદ્ધ મનથી ખરીરે, સુરસશી ઉપર કરૂણા કરીરે ધન ધન૦ ૪

પદ ૩૮

મારે આજ આણંદ વધામણાંરે, હું તો લેઉરે વાહાલાજીનાં ભામણાંરે, મારે આજ આણંદ વધામણાંરે, ટેક. મુને દાસ પોતાનો જાણીયોરે, અથડાતાં ઠેકાણે આણીયોરે. મારે૦ ૧ આપ્યું દરસન જે દુર્લભ દેવનેરે, મુને કીધું તું રેહેજે મારી શેવમાંરે. મારે૦ ૨ એવો દીધો ભરંસો સાચા ગુરૂરે, પ્રભુ વીના જગમાં મીથ્યા સહુરે. માંરે૦ ૩ મેહેર કરીને માહારા મનમાં રમ્યારે, સુરસશીને જીનરાજજી ગમ્યારે. મારે૦ ૪

પદ ૩૯

કેરબો—દેખોરે જીનંદા પ્યારા, પ્યારા જીનંદા ભગવાન. દેખે. આંકણી, સુંદર રૂપ સ્વરૂપ બીરાજે, જગનાયક ભગવાન. દેખો. ૧ દરશ સરશ નિરખો જીનજાકો, દાએક

ચતુર સુજાન. દેખો. ૨ શોક સંતાપ મીટયો અબ મેરો, પાયો અવીચળ ભાણ. દેખો૦ ૩ સફળ ભઈ મોરી આજ-કી ઘડીઆં સફળ થયો નેણુ પ્રાણ, દેખો૦ ૪ દરીશન દેખ મીટયો દુખ મેરો, આનંદઘન ઉપકાર. દેખો૦ ૫

પદ ૪૦

તું જગમાંહી દીવો, પ્રભુજી, તું જગમાંહી દીવો. ટેક. તીન જગત કે ભાવ પ્રકાશત, કયુંએ ન પવન ન છીવો. ઓ પ્રભુ૦ તુમ નહી જ.ગવ્રાદ અનુપમ, તેલ કપુર ન પીવો, ઓ પ્રભુ૦ ૨ દેવ વિજય પ્રભુ ચરણ સરણકે બોત બરસ ચરણ જીવો. ઓ પ્રભુ૦ ૩

પદ ૪૧

અજબ જોત મેરે જીનકી, તુમ દેખો માઈ અજબ જોત મેરે જિનકી. ટેક. ચંદ્ર સુરજ ક્રોડ એકઠા કીજે, હોડ ન આવે મેરા પ્રભુકી. તુમ૦ ૧ જગમગ જોત જડા-વકા ગેણા, શોભા લીલ વરણકી. તુમ૦ ૨ હીરવીજે પ્રભુ પાસ સંખેશ્વર, આશા પુરો મેરે મનકી. તુમ૦ ૩

પદ ૪૨

રાગ કાફી—ખતરાં દુર કરના દુર કરના, એક ધ્યાન પ્રભુકા ધરના. ખતરાં દુર કરના૦ ટેક. જબલગ પાંચો નીરમળ કરના, તબ લગ જીન અનુસરના. ખતરાં૦ ૧ ક્રોધ માન માયા પરીહરના, સમકીત સુખ વરના. ખત-

રાં૦ ૨ ધન કંચનકુ કહો કયા કરના, આખર એક દીન મરના, ખતરાં૦ ૩ ગ્નાન ઉદ્યોત પ્રભુ પાએ પરના, શીવ સુંદર વરના ખાતરા૦ ૪

પદ ૪૩

ચેતન કાચીરે મીટીકા ડેરા. ટેક. પડ ગયા ખુંદબી ખર ગયા ડેરા; લોક કહે ઘર મેરારે. ચેતન૦ ૧ ઊપર પટતે ભુખણ સોહે, भीतर બોત અંધેરારે. ચેતન૦ ૨ જુઠા હાઠ દઠા દુનિઆમે, જુઠા તન ધન•મેરારે. ચેતન૦ ૩ એઈ અરજ તું કરલે ભાઈ, એ જગ કો નહી તેરારે. ચેતન૦ ૪ નવલ કહે છીન છીન મત બીસરો, આપના કર લ્યો સવેરારે, ચેતન૦ ૫

પદ. ૪૪

આજ ઘેર પ્રભુ પધાર્યા, કીજે મંગલ ચ્યાર આજ૦
પહેલે મંગલ પ્રભુજીને પુજુ, ઘશી કેસર ઘનસાર. આજ૦ ૧
બીજે મંગલ અગર ઊખેવું, કંઠે ઠવું ફુલહાર આજ૦
ત્રીજે મંગલ આરતી ઉતારૂ, ઘંટ વજાવું રણકાર. આજ૦ ૨
ચોથે મંગલ પ્રભુ ગુણ ગાઊં. નાટીક થેઈ થેઈકાર. આજ૦
રૂપચંદ કહે નાથ નિરંજન, ચરણ કમળ જાઊ વારી. આજ૦ ૩

પદ. ૪૫

સોવે સોવે સારી રેન ગુમાઈ, બહેરન નીંદ્રા તું યાસે આઈ. સોવે૦ આંકણી. નીંદ્રા કહે મેં બાળી ભોળી, બડે બડે મુનીજનકું નાખું ઢોળી. સોવે. ૧ નિંદ્રા કહે મેં

જમકી દાસી, એક હાથમે મુકતી ઓર દુસરે હાથમે ફાંસી. સોવે૦ ૨ સમય સુંદર કહે સુનો ભાઈ બદનીઆ, આપ મુવે સારી ડુબ ગઈ દુનિયાં. સોવે૦

પદ. ૪૬

(તીરથની આશાતના૦ વીર કુંવરની વાતડી૦—એ રાહ.)

મલ્લિ જીનેશ્વર મુરતી મનોહારી, હાંરે મનોહારી રે મનોહારી; હાંરે ધર્મ ધોરી -હૃદયમાં ધારી. એ ટેક. ભુવન ગગનમાં આપછો વીભુ ભાનું, હાંરે માંહી મંડળ મંડન માંનું; અવલોકો અધીપ. મલ્લિ જીનેશ્વર. ૧ વદન શરદનો ચંદ્રમા ચીત ધાર્યો; હાંરે નાથ કર્મ કલંક નીવાર્યો, ભળને ભુપાળ. મલ્લિ જીનેશ્વર૦ ૨ ચર્ણ કમળથી ચાકીને ચીત્ત માંહી, હાંરે જાય કમળ સરોવર જ્યાંહી; દેખ દાસ દયાળ. મલ્લિ જીનેશ્વર૦ ૩ તેજ તણો પુંજ એકઠો આંહી આવ્યો, હાંરે સુર્ય સરસાઈ કરતાં હાર્યો, કરે સમુદ્રમાં પાત. મલ્લિ જીનેશ્વર૦ ૪ વિશ્વ વિભુ ધરો દાસની દીલ અરજી, હાંરે પ્રભુ પદની "પ્રવર્તક" ગરજી, દેજો જ્ઞાન દાન મલ્લિ જીનેશ્વર૦ ૫

समाप्त.

થોયો.

સંખેશ્વર પાસજી પુજીએ, નરભવનો લાહો લીજીએ;
મનવંછીત પુરણ સુરતરૂ, જય વામા સુત અલવે સરૂ. ૧

દોય રાતા જીનવર અતિ ભલા, દોય ધોળા જીનવર ગુણ નીલા;
દોય લીલા દોય શામળ કહ્યા. સોળે જીન કંચન વર્ણ લહ્યા. ૨

આગમ તે જીનવરે ભાખિયો, ગણધર તે હઈડે રાખીઓ;
તેહનો રસ જેણે ચાખીઓ, તે હુવો શીવ સુખ સાખીઓ. ૩

ધરણીધર રાય પદ્માવતી, પ્રભુ પારશ્વ તણા ગુણ ગાવતી;
સહુ સંઘનાં સંકટ ચુરતી, નય વિમલનાં વંછીત પુરતી. ૪

પંચ તીર્થંકરની થોયો.

કલ્યાણ કંદં પઢમ જીણંદં, શાંતિ તહો નેમી જીણંદં મુણીદં;
પાસં પયાસં શુગુણી કઠાણં, ભતિય વંદે શ્રી વ્રધમાનં. ૧

અપાર સંસાર સમુદ પારં, પતા સીવંદીતુ સુઈક સારં;
સવે જીણંદા સુરવ્રંદ વંધા, કલ્યાણ વલી ન વીસાલ કંદા. ૨

નીવાણ મગે વરથાંન કપં, પણા સયા સેંસસુ કુવાઈ દપં;
મયં જીણાણં સરણં બુહાણં, નમામી નીચતી જગ પહાણં ૩

કુદીદુ ગોખીર તુસાર વંના, સરોજ હથા કમલે નીસંના;
વાએસરી પુથ યવગ હથા, સુહાયસા હમ સયા પસથા. ૪

અથ પજુસણની થોયો.

સતરભેદી જીન પુજા રચીને, સનાત્ર મહોત્સવ કીજેજી;
ઢોલ દદામા ભેરીને ફેરી, ઝલરી નાદ સુણીજેજી,
વીર જીન આગળ ભાવના ભાવી, માનવ ભવ ફળ લીજેજી;
પરવ પજુસણ પુરવ પુન્યે, આવ્યાં એમ ગણીજેજી. ૧
માસ પાસ વળી દસમ દુવાલસ, ચતારી અઠ કીજેજી;
ઉપર વળી દસ દોય કરીને, જીન ચોવીસે પુજેજી,
વડા કલપનો છઠ કરીને, વીર ચરીત્ર સુણીજેજી;
પડવેને દીન જનમ મહોત્સવ, ધવળ મંગળ વરતીજેજી. ૨
આઠ દીવસ લગે અમર પળાવી, અઠમનો તપ કીજેજી;
નાગકેતુની પરે કેવળ લહીએ, જો શુભ ભાવે રહીએજી,
તેલાધર દીન ત્રણ કલ્યાણક, ગણધર વાદ વદીજેજી;
પાસ નેમીસર અંતર ત્રીજે, રીખભ ચરિત્ર સુણીજેજી. ૩
બારસેં સુત્રને સમાચારી, સંવત્સરી પડીકમીએજી;
ચૈત જુહાર વીધીસ્યું કીજે, સકળ જંતુને ખામીજેજી;
પારણાને દીન સ્વામીવત્સળ, કીજે અધીક વડાઈજી;
માન વીજય કહે સકળ મનોરથ, પુરે દેવી સીધાઈજી. ૪

ચીંતામણી ચિંતા ચુરસે, આદેશર આશા પુરશે;
સાંતીનાથની શેવા જે કરે, જે જોઈએ તે આવી મળે. ૧

અથ સીધચક્રની થાયો.

જીન સાસન વંછીત, પુરણ દેવ રસાળ;
ભાવે ભવી ભણીએ, સીધચક્ર ગુણ માળ;
ત્રીહુ કાળે એહની, પુજા કરે ઉજમાળ,
તે અમર અમર પદ, સુખ પામે સુવીશાળ. ૧
અરીહંત સીધ વંદો, આચારજ ઊઝવાય;
મુની દરસણ નાણ, ચરણ તપ એ સમુદાય;
એ નવ પદ સમુદીત સીધચક્ર સુખદાય;
એ ધ્યાંને ભવીનાં, ભવ કોટી દુખ જાય ૨
આસો ચૈતરમાં, સુદી સાતમથી સાર;
પુનમ લગી કીજે નવ આંબીલ નીરધાર;
દોય સહસ ગણેવું, પદ સમ સાડા ચ્યાર;
એકાસી આંબીલ તવ આગમ અનુંસાર ૩
શ્રી સીધચક્ર શેવક, શ્રી વીમલેસર દેવ;
શ્રીપાળ તણી પેરે, સુખ પુરે સ્વયમેવ;
દુખ દોહંગ નાવે, જે કરે એહની સેવ;
શ્રી સુમતી સુગુરૂનો, રામ કહે નીત મેવ. ૪

બીજની થાય.

દીન સકળ મનોહર, બીજ દીવસ સુવીશેશ;

રાય રાણા પ્રણમે, ચંદ્ર તણી જીહાં રેખ;
તીહાં ચંદ્ર વીમાને, સાસ્વતા જીનવર જેહ;
હું બીજ તણે દીન, પ્રણમું આણી નેહ. ૧

પાંચમની થોય.

શ્રાવણ સુદી દીન પંચમીએ, જનમ્યા નેમ જીણંદતો;
સ્યામ વરણ તનું શોભતુંએ, મુખ સારદકો ચંદતો,
સહસ વરસ પ્રભુ આવખુએ, બ્રમચારી ભગવંતતો;
અષ્ટ કરમ હેલે હણીએ, પોહોચ્યા મુગતી મહંતતો.

આઠમની થોય.

મંગલ આઠ કરી જસ આગળ, ભાવ ધરી સુરરાજજી;
આઠ જાતના કળસ ભરીને, નવરાવી જીનરાજજી;
વીર જીનેશ્વર જનમ મ્હોછવ, કરતાં સિવ સુખ સાધેજી;
આઠમનો તપ કરતાં અમ ઘેર, મંગળ કમળા વાધેજી. ૧

એકાદશીની થોય.

એકાદશી અતી રૂઅડી, ગોવીંદ પુછે નેમ;
કીણુ કારણ એ પરવ મોટું, કહોને મુજશું તેમ;
જીનવર કલ્યાણુંક અતિ ઘણાં, એકશોને પંચાસ;
તેણે કારણુ એ પરવ મોટું, કરો મન ઉપવાસ. ૧

સિધ ગીરીની.

શ્રી સેત્રૂંજે તીરથ સારો, ગિરીવરમાં જેમ મેરૂ ઉદારો;
ઠાકોર રામા પારો, મંત્ર માંહી નવકારજ જાણું;
તારામાં જેમ ચંદ્ર વખાણું, જળચર જળમાં જાણું,
પંખીમાં ઉત્તમ જેમ હંસ, કુળ માંહી જેમ રીખભનો વંશ;
નાભિ તણો એ અંસ, ખેમાવંતમાં શ્રી અરીહંત,
તપસુરામાં માહા મુનિવંત, સેત્રૂંજે ગયા ગુણવંત. ૧

પુંડર ગિરી મહીમા, આગમમાં પરશીધ,
વિમળાચળ ભેટી, લહીએ અવીચળ રીધ,
પંચમ ગતી પોહોત્યા, મુનીવર કોડા કોડ;
એણે તીરથે આવી, કર્મ વીપાતક છોડ. ૧

આદિ જીનવર રાયા, જાસ સોવન્ન કાયા,
મરૂદેવી માયા, ધોરી લંછન પાયા.
જગત સ્થિતિ નિપાયા, શુભ ચારિત્ર પાયા;
કેવળ સિરિ રાયા, મોક્ષ નગરે સધાયા. ૧

રૂષભ ચંદ્રાન વંદન કીજે, વરિખેણુ દુઃખ વારેજી;
વર્ધમાન જીનવર વળી પ્રણમો, શાશ્વત નામ એ ચ્યારેજી;
ભરતાદિક ખેત્રે મળી હોવે, ચ્યાર નામ ચિત્ત ધારેજી,
તેણે ચ્યાર એ સાશ્વત જીનવર, નમીએ નીત સવારેજી. ૧

પ્રહ ઉઠી વંદુ, રીખભદેવ ગુણવંત;
પ્રભુ બેઠા સોહીએ, સમવસરણ ભગવંત;
ત્રણ છત્ર બીરાજે, ચમર ઢાળે ઈંદ્ર,
જીનના ગુણ ગાવે, સુરનર નારી વૃંદ. ૧

શ્રી મંદીરજીનની.

શ્રી શ્રમંધર જીનવર, સુખ કર સાહેબ દેવ
અરીહંત સકળની, ભાવ ધરી કરૂં શેવ;
સકળ આગમ પારક, ગણધર ભાખીત વાણી;
જયવંત આણા જ્ઞાન વીમળ ગુણ ખાંણી. ૧

માહાવદી ખેત્રમાં મંદિરસ્વામી, સોનાનું સિંહાસનજી;
રૂપાનું ત્યાં છત્ર બિરાજે રત્ન મણીમાં દિવા ચારજી,
કુમકુમ વરણી ત્યાં ધુમરી બિરાજે, મોતીના અક્ષર સારજી;
ત્યાં બેઠા શ્રી મંદિર સ્વામી, બોલે મધુરી વાણીજી.
કેસર ચંદન ભર્યાં કચોળાં, કસ્તુરી બરાસોજી;
પેહેલી પુજા મોરી હોજ્યે, ઉગમતે પ્રભાતેજી. ૧

પાસ જીણુંદા વામાનંદા, જબ ગરભે ફળી;
સુપનાં દેખે અર્થ વિષેખે, કહે મઘવા મળી.
જીનવર જાયા સુર હુલરાયા, હુઆ રમણી પ્રિયે;
નેમ રાજી ચિત્ત વિરાજી, વિલોકત વ્રત લીએ. ૧

સઝાયો.

रात्रीभोजननी सझाय.

પુન્ય સંજોગે નરભવ લાધ્યો, સાધો આતમ કાજ;
વિષ્ણીયારસ જાણો વીખ સરીખો ઈમ ભાખે જીનરાજરે.
પ્રાણી રાત્રી ભોજન નિવાર આગમ વાણી સાચી જાણી;
સમકીત ગુણ સહી નાંણીરે, પ્રાણી આંકણી.
અભક્ષ બાવીસમે રયણી ભોજન, દોષ કહ્યા પરધાન;
તેણે કારણ રાતે મત જીમો, જો હુવે હઈડે સાનરે પ્રા૦ ૧
દાન સ્નાન આયુધને ભોજન, એટલાં રાતે ન કીજે;
એ કરતું સુરજની સાખે, નીત વચન સમઝીજેરે. પ્રા૦ ૨

ઉત્તમ પસુ પંખી પણ રાતે, ટાલે ભોજન ટાણો;
તુમેતો માનવી નામ ધરાવો, કીમ સંતોષ ન આણોરે. પ્રા૦ ૩

માંખી જુ કીડી કોલીઆવડો, ભોજનમાં જો આવે;
કોડ જલોધર વમન વીકલતા એહવા રોગ ઉપાવેરે પ્રા૦ ૪

છનુભવ જીવ હત્યા કરતાં, પાતીક જેહ ઉપાયે;
એક તલાવ ફોડતાં તેટલો દોખણ સુગુરૂ બતાયોરે પ્રા૦ ૫

એકડોતર ભવ સર ફોડયા સમ, એક દવ દેતાં પાપ;
અડલોતર ભવ દવ દિધા જીમ એક કુંવણુજ સંતાપરે પ્રા૦ ૬

એકસોને ચુવાલીસ ભવ લગે; કુવણુજના જે દોખ;
કુડો એક કલંક દિયંતાં, તેહવો પાપનો પોખરે પ્રા૦ ૭

એકસો એકાવન ભવ લગે દિધાં કુડાં કલંક અપાર;
એકવાર સિલ ખંડયા જેહવો, અનરથનો વીસ્તારરે. પ્રા૦ ૮
એકસો નવાણું ભવ લગે ખંડયાં સિલ વીખય સબંધ;
એક રાત્રી ભોજને તેહવો, કર્મ નીકાચીત બંધરે. પ્રા૦ ૯
રાત્રી ભોજન દોખ ઘણા છે, સ્યો કહીએ વિસ્તાર;
કેવલી કહેતાં પાર ન પાવે, પુરવ કોડી મજારરે પ્રા૦ ૧૦
રાત્રે નિત ચોવીહાર કરીને શુભ પરિણાંમ ધરીજે;
માસ માસે પાસખમણનો લાભ ઈણીપરે લીજેરે. પ્રા૦ ૧૧
મુનિ વસતાની એ સીખામણ, જે પાળે નર નારી;
સુરનર સુખ વીલસીને તેહને, મોક્ષતણા અધિકારીરે પ્રા૦ ૧૨

ઢંઢણ મુનીની સજ્ઝાય.

ઢંઢણ રૂષીને વંદણા હું વારી, ઉતકષ્ટો અણગારરે હુંવારી લાલ,
અભીગ્રહ લીધો આકરો હું૦ લબ્ધે લેશું આહારરે હું ઢં૦ ૧
દીન પ્રતી જાવે ગોચરી, હું૦ ન મીલે શુધ્ધ અહારરે, હું૦
ન લીએ મુંની અસુજતો હું૦ પીંજર હુવો ગાતરે હું૦ ઢં૦ ૨
હરી પુછે શ્રીનેમને હું૦ મુનીવર સહસ અઢારરે હું૦
ઉતકષ્ટો કુણ એહમાં હું૦ મુંજને કહો કૃપાળરે હું૦ ઢં૦ ૩
ઢંઢણ અધીકો દાખીયો હું૦ શ્રીમુખ નેમ જીણંદરે હું૦
સ્નેહે ઊમાહયોવાંદવા હું૦ ધન જાદવ કુલ ચંદરે હું૦ ઢં૦ ૪

ગલીઆરે મુનીવર મોલ્યા હું० વાંદે ક્રસ્ન નરેસરે હું०
કીણહી મીથાતી દેખને હું० આયો ભાત વીશેષરે હુ. ઢં० ५
આવો મુજ ઘર સાધુજી હું० લ્યો મોદીક છે સુધરે હું०
રૂષીજી લેઈ આવીયા હું० પ્રભુજી પાસ વીસુધરે હું. ઢં० ६
મુજ લબધે મોદીક મીલ્યા હું० મુજને કહો કૃપાલરે હું०
લબધ નહી વછ તાહરી હું० શ્રી પતી લબધ નીહાલરે હું. ઢં० ७
તો મુજને લેવો નહીં હું० ચાલ્યો પરહણ કાજરે હું०
ઈટનીવાહે જાયને હું० ચુરયાં કર્મ સમાજરે હું. ઢં० ८
આઈ સુધી ભાવના હું० પામ્યો કેવળ ગ્નાનરે હું०
ઢંઢણ રૂષી મુગતે ગયા હું० કહે જીન હરષ સુજાણરે હું. ઢં० ९

इलाचो पुत्रनी सझाय.

નામ ઈલા પુત્ર જાણીયે, ધનદત્ત શેઠનો પુત્ર;
નટડી દેખીને મોહીઓ, જે રાખે ઘર સુત.
કરમ ન છુટેરે પ્રાણીયા. પુરવ નેહ વીકાર;
નીજ કુળ છંડીરે નટ થયો, નાણી શરમ લગાર. કરમ० २
એક પુર આવ્યોરે નાચતા, ઊંચો વાંસ વીસેસ;
તીહાં રાય જોવારે આવીઓ, મળીયા લોક અનેક. કરમ० ३
દોય પગ પહેરીરે પાવડી, વાંસ ચડચો ગજ ગેલ;

નીરધારા ઊપર નાચતો, ખેલે નવ નવા ખેલ. કરમ૦ ૪
ઢોલ બજાવેરે નટવી, ગાવે કીંનર સાદ;
પાયતલ ઘુઘરારે ધમ ધમે, ગાજે અંબર નાદ. કરમ૦ ૫
તીહાં રાય ચીતમેરે ચીંતવે, લુબધો નટવીને સાથ;
જો નટ પડેરે નાચતો, તો નટવી મુજ હાથ. કરમ૦ ૬
દાન ન આપેરે ભુપતી, નટ જાણે નૃપ વાત;
હું ધન વંછુરે રાયનો, રાય વંછે મુજ ઘાત. કરમ૦ ૭
તવ તિહાં મુનીવર પેખીઓ, ધન ધન સાધુનીરાગ,
ધિગ ધિગ વિખીયારે જીવને, એમ પામ્યો વઈરાગ. ક૦ ૮
થાળ ભરી સુદ્ધ મોદકે, પદમણી ઊભેલાં બાર;
લો લો કેછે લેતા નથી, ધન ધન મુની અવતાર. ક૦ ૯
સંવર ભાવેરે કેવળી, થયો મુની કર્મ ખપાય;
કેવળ મહીમાજી સુર કરે, લબ્ધીવીજે ગુણ ગાય. ક૦ ૧૦

સાખિયો.

વિર જીનેશ્વર સાહિબો, ભમીયો કાળ અનંત;
પણ સમકિત પામ્યા પછી, અંતે થયા અરિહંત. ૧

જગમાં તીરથ દો વડા, સેત્રુંજો ગીરનાર;
એક ધડ રિખવ સમોસર્યા, એક ધડ નેમ કુમાર. ૨

ગાવાનાં ગીતો.

સાત વાર.

આદીતે અરીહંત અમ ઘેર આવોરે;
મારા સ્યામસલુણા નેમ દીલમાં લાવોરે. ૧
સોમે તે શુભ સણગાર સજીએ અંગરે;
મારા જુગજીવનની સાથ રમવું રંગેરે. ૨
મંગળ શુભ દીન આજ મંગળ ચારૂરે;
કાંઈ નવ ભવ કેરો સ્નેહ હું સંભારૂરે. ૩
બુધ ઘેર આવો નાથ બુદ્ધીના બળીઆરે;
પ્રભુ એક સેંહસને આઠ લક્ષણ ભરીઓરે. ૪
ગુરૂ ગીરવા ગુણવંત શીવા દેવીનારે;
કાંઈ સમુદ્ર વીજય કુળચંદ નેમ નગીનારે. ૫
શુકર સેહેસાવંન ચાલો સુજનીરે;
મારે સમય થયો પ્રભાત વીતી રજનીરે. ૬
સનીસર સંજમ લીધ પ્રીત વધારીરે;
દોનું પામ્યા પરમાનંદ નેમને નારીરે. ૭
મુળચંદ કહે એમ આશા ફળશેરે;
જે નીરમળ પાળે શીયળ ભવ જળ તરશેરે. ૮
અમે નમીએ નેમી જીણંદ ધડ ગીરનારેરે;
રાણી રાજુલ જુવે વાટ સાતે વારરે. ૯

गरबी.

(પડવેની પણ પ્રીત ગટમટ ભુલીરે. એ રાહ.)

ચાલો સખીઓ મમ સાથ જીન ઘર જઈએરે;
અવલોકી આદીનાથ પાવન થઈએરે. ૧
મોહન મરૂદેવી નંદ જગ જયકારીરે;
જસુ વદન પુનમનો ચંદ જાઉ બલીહારીરે ૨
કંચન ગીરી હરી જીનરાજ જઈ નવરાવેરે;
કરવાને આતમ કાજ • સચી હુલરાવેરે. ૩
વીનતા નગરીનો રાય, હરખું નીરખીરે;
પણ છે સત ધનુષની કાય, સોવન સરખીરે. ૪
હમ દીલ વશીઆ એ દેવ, રંગ રશીલારે;
જસ શુરવર સારે સેવ છેલ છબીલારે. ૫
સ્વામી શીવરમણીના કંથ, કામણગારારે;
સુખ આપો સાદી અનંત, પુરણ પ્યારારે. ૬
પ્રભુ • પુરણ પુન્ય પસાય, અમે દીઠુંરે;
આ હરખ મનમાં ના માય લાગે મીઠુંરે. ૭
રમઝમ કરી જીન ગુંણ રાસ રમીએ રંગેરે;
આવો જીનજી આવાસ સખીઓ સંગેરે. ૮
પુજે હરીહર શીર તાજ, કેસર ઘોળીરે;
અંબોડા લઈએ આજ સૈયર ટોળીરે. ૧૦

पंदर तीथीयो.

જે જીન મુખ કમળાને રાજેરે, સરસતીને નમું સુભ સાજેરે;
નેમ ગુણ ગાવાને કાજે, વાલા મારા નેમ જીણંદ કયારે મળશેરે.
પ્રભુ દેખીને દુખડાં ટળશે. વાહાલે૦ ૧

મારો શામ સુંદર કયારે મળશેરે, જેણે રથ તોરણથી વાળ્યોરે;
જેણે પસુઓનો ભય ટાળ્યોરે, જેણે જાદવ કુળ અજવાળ્યો. વા૦ ૨

રાજુલ પ્રભુ રંગે રાતીરે, પીયુ વીરહે તપે જેની છાતી રે;
પંદરે તીથી એણી પેરે ગાતી. વાહાલે૦ ૩

પડવે તીથી પહેલી વખાણુંરે, પીયું મળશે મન એમ જાણુંરે,
એને ઉપસમ રસનું ટાણું. વાહાલે૦ ૪

બીજે દુવીધ ધરમના રાગીરે, પસુ કરૂણા કરી મને ત્યાગીરે;
જાણું શીવરમણીના રાગી. વાહાલે૦ ૫

ત્રીજે ત્રણ જોગને મન સાધેરે, જેમ મારગ સુધ આરાધેરે;
દયા વીના ધરમ ન ધાવે. વાહાલે૦ ૬

ચોથે ચોથુ વ્રત ચીતે ધારીરે, ગયા તોરણથી તજી નારીરે;
વાલમજી એ વાત ન સારી. વાહાલે૦ ૭

પાંચમે વ્રત પાંચને પાળીરે, જાણુ દોષ સવી તમે ટાળીરે;
નીજ નારીને કેમ ન સાંભળી, વાહાલે૦ ૮

છઠે છ કાયને રાખીરે, આ અબળાને દુખમાં નાખીરે;
તુમે કુણ આગળ કર્યો સાખી. વાહાલે૦ ૯

સાતમે સુભ ચીતને કીજેરે, જગ જીવના ભય વારીજેરે.
તો મુજને કેમ દુખ દીજે. વાહાલો૦ ૧૦

આઠમે આઠ કરમને તોડીરે, શીવ નારી સાથે પ્રીત જોડીરે;
મુજથી ન કરી એ થોડી. વાહાલો૦ ૧૧

નવમે નવ ભવનો નેહ ટાળીરે, મન મોહ દીશાથી વાળીરે;
મુને વલવલતી ન સાંભળી વાહાલો૦ ૧૨

દસમે દસ વીધી જતી ધરમેરે, આદર્યો ચીત જાણ્યો મરમેરે;
મુને એમ પડે છે ભરમે. વાહાલો૦ ૧૩

અગ્યારશે રસના ધામીરે, એમ શીધ હોવે કીણ કામીરે;
વણ અવગુણે તજીએ વામી. વાહાલો૦ ૧૪

બારશે બુધીવંતા મીતરે, નવી જાણી રૂપીનો નીતરે;
એવી ખોટી કરોછો અનીત. વાહાલો૦ ૧૫

તેરસે તેરસમે આહીરે, પછી જાજો મુજને વાહીરે,
રાખીશ પીયુડા કર સાહી, વાહાલો૦ ૧૬

ચઉદશે ચતુરે ચીત ચીંતેરે, મને મેલી ગયા નીજ કંતરે
હુંતો અવગુણી ગુણી ભગવંત. વાહાલો૦ ૧૭

પુનમે પખવાડુ થાયરે, કંથ નાવ્યા રાજુલ તીહાં જાયરે;
જઈ વંધા પ્રભુજીના પાય. વાહાલો૦ ૧૮

તમે અનંત ગુણી ભગવાનરે, વ્રત આપી વધારો વાંનરે;
મુને દીજીએ વંછીત દાન. વાહાલો૦ ૧૯

સંજમ દેઈ તારી નારીરે, એહ દંપતીની બલીહારીરે;

શીવ પહોતાં સરવ દુઃખવારી. વહાલો૦ ૨૦

જગ ગુરૂ ચીતમાં લાવેરે, અનુભવ રંગે ગુણ ગાવેરે;

તે મનવંછીત સુખપાવે. વહાલો૦ ૨૧

સુરતમાં સંખેશ્વર પાસરે, પ્રણમ્યા પુરે મન આશરે;

કહે ક્રષ્ણ વીજયનો દાસ. વહાલો૦ ૨૨

પનરે તીથી ગાઈ ઉમંગરે, રહી જીણેંદ્રસુરી સંગેરે;

રંગવીજય ચડતે રંગે. વહાલો૦ ૨૩

ગીત.

(મીથ્યાત વામીને કોસ્યા સમકીત પામીરે. એ દેશી.)

રૂડો માસ વસંત ફળી વનરાજીરે, રાયણને સહકાર વાલા;
કેતકી જાયને માલતીરે, ભમર કરે ઝંકાર વાલા.
કોયલ મદભર ટહુકતીરે, બેઠી આંબા ડાળ વાલા.

હંસ જુગળ જળ ઝીલતાંરે, વીમળ સરોવર પાળ વાલા.
મંદ પવનની લહેરમાંરે, માતા સુપન નીહાળ વાલા. આંકણી
દીઠો પ્રથમ ગજ ઉજળોરે, બીજે રીખભ ગુણવંત વાલા.
તીજે સીંહજ કેસરીરે, ચોથે શ્રીદેવી મહંત વાલા.

માળ જુગલ ફુલ પાંચમેરે, છઠે રોહણી કંત વાલા.
ઉગતો સુરજ સાતમેરે, આઠમે દ્બજ લેહકંત વાલા. રૂડો૦ ૧

નવમે કળશ રૂપા તણોરે, દસમે પદમસર જાણ વાલા.
અગ્યારમે રતનાગરૂરે, બારમે દેવ વીમાન વાલા.
ગંજ રતનનો તેરમેરે, ચઉદમે વગ્ની વખાણ વાલા.
ઉતરતાં આકાશથીરે, પેસતાં વદન પ્રમાણ વાલા. રૂડો૦ ૨
માતા સુપન લહી જાગીયાંરે, અવધી જુએ સુરરાજ વાલા.
શક્ર સ્તવન કરી વંદીયાંરે, જનની ઉદર જીનરાજ વાલા.
એણે સમે ઈંદ્રિ તે આવીયારે, મા આગળ ધરી લાજ વાલા.
પુણ્યવંતી તમે પામીયુંરે, ત્રણ ભુવનનું રાજ વાલા. રૂડો૦ ૩
ચઉદ સુપનના અરથ કહીરે, ઈંદ્ર ગયા નીજ ઠામ વાલા.
ચોસઠ ઈંદ્ર મળી ગયારે, નંદીસર જીન ધામ વાલા.
ચવન કલ્યાણક ઓછવેરે, શ્રીફળ પુજા ઠામ વાલા.
શ્રી સુભવીર તેણે સમેરે, જગત જીવ વીસરામ વાલા. રૂડો૦ ૪

(મેંતો સાહજાદેકું ઢુંઢણ ચલિયાં એ રાગ)

મેંતો જોતી ફિરૂં જીનરાયારે, નેમ સ્યામ નહી પાયારે. મેં૦ એક બન ઢુંઢે દુજો બન ઢુંઢયો, મેંતો ઢુંઢ લીયા વન સારારે. મેં૦ ૧ બનમ્રગ પીંજર સુવા જુરૂ, મેરે નયનસેં નીર વહાયાંરે. મેં૦ ૨ પાવમેં પીંજની ગલે વીચ માળા, મેંતો સેલ્હીકા સ્વાંગ બનાયારે. મેં૦ ૩ ચંદન શીવ્ય કહે ધનધન રાજુલ, મેંતો પ્રભુ ચરણ ચિત્ત લાયારે. મેં૦ ૪

લાવણીઓ.

જીનદાસ કૃત ધન.

તુંમ જપો મંત્ર નવકાર, ઉનસે ઉતરોગે ભવપાર;
હોયે તેરી કાયાકો આધાર, સફલ કર લે અપનો અવતાર;
ધ્યાન તુમ મનમાં ધરો નરનાર, ખાંણુ દુખકો એ હે સંસાર.
કરો પ્રભુ ન્યાલ જીનદાસે, રખો તેરે ચારણોકે પાસે.

સરક જા કુમતી નાર કાલી, તેરી સોબતસે ગઈ લાલી;
સોબત સુમતીકી મેં ટાલી, આતમા તપમેં નહી ઘાલી;
અનંત ભવ વીત ગયા ખાલી, વેદના નીગોદકી ઝાલી
અમરપદ જીનદાસ માગે, સદાએ પ્રભુજીકુ પાયે લાગે. ૨

શીશ નીત નમું નાભી નંદન, ચરણપર ચડે કેસર ચંદન;
કરત સબ ઈંદ્રાદીક બંદન, કટત હે કર્મોકા ફંદન;
સાધ્યો તેં શીવપુરકો સાધન, સર્વ જીવનકુ સુખ કંદન;
જીણુંદ ગુણુ જીનદાસ ગાવે, શીશ ચરણોંમેં નમાવે. ૩


બોલત હૈયા મેરા હસકર, ચડાવું ચંદન ચુવા ઘસકર;
પેઠા મેં ધરમોમેં ધસકર, પાપ દલદુર ગયા ખસકર;
ચેતન અબ ખડા કમર કસકર, હઠાવો કર્મોકા લશ્કર;
શ્રી જીનરાજ ઝાઝ ખાસા, સરણે જીનદાસ લીઆ બાસા.

આદિનાથની લાવણી.

શ્રી આદિનાથ નિરવાણી નમું એશે ધ્યાની, ભવજીવ તરણુકે વાજ બણાઈ વાણી: આંકણી. તુમ નાભી રાય કૂલ ધારી બડે અવતારી. ખુલ રહી ખલકમેં ખુબ કેસરકી કયારી; તુમ મમતા મનકી મારી આતમા તારી, તજ દઈ વીપત વીખયનકી જાંનકર ખારી; તુમ કરી મુગત પટરાણી જગતમેં જાણી. ભ૦ ૧ જાણ્યા સુરનર સુખરાસી હુવા હે ઉદાસી, જલ ગઈ જબલ જંજાલ જગતકી ફાંશી; તુમ જગતપતિ અવીનાશી મુક્તીકે વાસી., તેરે દરશનસેં સબ દુખ દુર ગયો નાશી; પ્રભુ કરી સફ્ળ જંદગાની મેરે મન માંની. ભ૦ ૨ બડે જોતવંત જીનરાજ જગતમેં બાજે, તેરો દરશણ હે સુખદાય સુધારે કાજે; તેરી ધુન ધવનમેં ગાજે સુરપત લાજે, ચલ ગયા ગરવ પાખંડ કામના ભાજે, નાટક નાચે ઈંદ્રાણી અધિક ધુન આંણી. ભ૦ ૩ તેરી મહીમા કશી ન જાવે પાર નહી પાવે, ગાંધર્વ સુરપત સબ તેરે ગુણ ગાવે; તેરે ચરણોસે લપટાવે સરમ લવલાવે; નરનાર હીયાકે માંહે ભગતી તેરી ચ્હાવે; તેરી ત્રણ્ણા સબ વીરવાણી મુગતિ કુઠાંણી. ભ૦ ૪ મરૂદેવા કુખકા જાયા અમર પદ પાયા, છપન કુમરી નારી મીલિ જસ ગાયા; દુરગતકો દુખ વીરલાયા સફ્ળ કરી કાયા, જીનદાસ નિરંજન દેખ સરણ તેરે આયા; સમકીતકી સેજ પીછાણી મીલી મોહે ટાંણી. ભ૦ ૫

કેસરીઆની લાવણી.

સુનીયોરે બાતાં સદાસીવજી, મત ચઢ જાના ધુલદેવા;
ગઢપતી ઊનકા બડા એ ડંકા, મત છેડો તમે ઉન દેવા.
સગતારે પત ચુડાવત બોલે, અમહી નોકર ઈનહુકા;
હીંદુ પતસે હાથ જોડકર, તીન ભવનમે હે ટીકા. સુનીયો૦ ૧
સરગ મરત પાતળ સુનીયે, સુરી નર મુનીજન ધાવત હે;
ઈંદ્ર ચંદ્ર મુની દરીશન આવે, મનકી મોજા પાવતહે. સુની૦૨
ગયા રાજ દીન કેસે આવે, નીરધનીયાકું ધન દેવે.
બાજ ખીલાવે સુંદર લડકા, સદા સુખી રહે તુમ સેવે. સુની૦
તારે ઝાઝ સમુદર માંહે, રોગ નીવારે ભવ ભવકા.
ભુપકો રંગ રંગ દીયોહે, ચોરન બંધન હરી દેવા. સુનીયો.
ધું ધું ધું ધું ધુસા બાજે, દેશો દેશપર હે ડંકા;
બાઊ તાતરીયા યું કર બોલે, મત બતલાવો બડ બંકા. સુની
રાંણાજી કહે ઉમરાવ વજીરને, માનત નહી અમ એ બાતાં
તારી કરણી તું પાવેગા, મેં નહીં આવું તુમ સાથા. સુનીયો૦
મુછ મરોડી ચઢે અભીમાને, ઝેર ભરયા હે નજરોમેં;
રીખભ દાસ કહે સાહેબ સચા, દેખ તમાસા ફજરોમેં.સુની૦૭



ગુંહલીઓ.

ગોરમાની દેશી.

બેહની ચંપાનયરી ઉદ્યાંન કે જીનવર આવીયારે લોલ;
બેહની સુરનર સારે સેવ ભવીક મન ભાવીયારે લોલ,
બેહની ચઉદ સહસ અણગાર કે સાથે ગણધરૂરે લોલ;
બેહની અનુંતર સુરથી અનંતો રૂપ મનોહરૂંરે લોલ. ૧
બેહની કોણીકરાય સુજાણ કે દિએ વધામણીરે લોલ;
બેહની આવે વંદન કાજકે સાથે રીદ્ધ ઘણીરે લોલ,
બેહની દેઈ પ્રદક્ષણા ત્રણ કે વંદે જગ ધણીરે લોલ;
બેહની જીનવાણી સુણવાને ઉત્કંઠા ઘણીરે લોલ. ૨
બેહની દીએ દેશના મનોહર કે ભવીકજન તારવારે લોલ;
બેહની જનમ મરણ જંજાળ કે ભવ દુઃખ વારવારે લોલ,
બેહની વાંણી ગુણ પાંત્રીસ કે વરસે જલધરૂરે લોલ;
બેહની ભાવ દયા ભંડારકે મળિયું જીનવરૂંરે લોલ. ૩
બેહની કોણીક ભૂપતિ નારીકે જીન આગળ રહીરે લોલ;
બેહની ગહુલી કરે મનોહર કે મન હરખીત થઈરે લોલ;
બેહની લુંછણા કરે મન રંગ કે લેઈ વળી ભામણારે લોલ.
બેહની લળીલળી નમે પાયકે કરે વળી ખામણારે લોલ. ૪
બેહની ચઉ ગતિ ચૂરણ સાથિઓ એમ ભાવે કહોરે લોલ;
બેહની શ્રીફળ સિવ ફળ કાજકે વળી ઉપર ધરેરે લોલ,

બેહની મણીઉદ્યોત ગુરૂ રાજની સેવા સારીએરે લોલ;
બેહની પાંમી મનુષ અવતારકે સંકા વારીએરે લોલ. ૫

(કોંકણ દેશની ઘોડીરે. એ દેશી)

પ્રભુ મારો ભોગ કરમ જાણીરે, પ્રભુ મારો પરણ્યો સંજમ રાણીરે; પ્રભુ મારો ત્રીસ વરસ ઘરવાસરે, પ્રભુ-મારો સંજમ લેવા ઊલાસરે; પ્રભુ તુમે વિહાર હૈયામાં ધાર્યોરે. અમને ગમસે નહી નિરધારરે ૧ પ્રભુ તુંતો ગ્નાનાદીક ગુણ દરિયોરે, પ્રભુ હુંતો નિરાશ્રય રહ્યો પડીયોરે; પ્રભુ મારા માતા પિતાનો નહિ જોગરે પ્રભુ મારા બંધવનો નકરો વિજોગરે. ૨ પ્રભુ મારા તુમ વિના ઘર સુની વેડીરે, પ્રભુ મહારા નગમે મોહોલને મેડીરે; પ્રભુ માહારા તુમ આણા વેહેતો ઉલાસરે, પ્રભુ માહારા બંધવ વિના થયો જગદાસરે. ૩ પ્રભુ માહારા ચોસઠઈંદ્ર પરવરીયોરે, પ્રભુ માહારા સિદ્ધારથ વન સંચરીયોરે; પ્રભુ માહારો મુખ ઊચરી એમ ભાખેરે, બંધવ માહારા કરશું વિહાર ઉલાસરે. ૪ પ્રભુ માહારો એમ કહી ચાલ્યો તેણી વારરે, પ્રભુ માહારા નયણે આંસુની ધારરે. પ્રભુ માહારા નિજ નયરિ કિમ જાસ્યુંરે, પ્રભુ માહારા મુજ મન થયો ઉદાસરે. ૫ પ્રભુ તુંતો નીરાગી નીચિંતરે, પ્રભુ માહારા દરશનથી કરજો પવીત્રરે; પ્રભુ તુંતો કરૂણા રસનો કુંપોરે, પ્રભુ મુને એકલડો કિમ મુંકોરે. ૬ પ્રભુ માહારો

મણિ ઉદ્યોત પર દીપેરે, પ્રભુ માહારો અસંખ્ય સુરજ તે જ ઝીપેરે પ્રભુ માહારા વરસીદાને જસ લીધોરે, પ્રભુ માહારા દયા પાળી કારજ સીધોરે. ૭

શ્રી માહાવીર સ્વામીનું પાલણું.

માતા ત્રિસલાએ પુત્ર રત્ન જાઈઓ, ચોસઠ ઈંદ્રનાં આસન કંપે સાર; અવધિ જ્ઞાને જોઈ ધાયો શ્રીજિન વીરને. આવે ક્ષત્રીકૂંડ નયર મોઝાર. માતા૦ ૧ વીર પ્રતિબિંબ મુકી માતાકને, અવસરપણી નિદ્રા દિએ સાર; એમ મેરૂ શીખરે જીનને લાવે ભક્તીસું; હરી પંચરૂપ કરીને મનુહાર, માતા૦ ૨ એમ અસંખ કોટાકોટી મળી દેવતા, પ્રભુને ઓછવ મંડાણે લેઈ જાય; પાંડુકવન શિલાએ જિનને લાવે ભક્તીથી; હરી અંગે થાપે ઈંદ્રપણું ઉછાય, માતા૦ ૩ એક કોડ સાઠલાખ કળસે કરી; વીરનું સનાત્ર મોછવ કરે સાર; અનુંક્રમે વીર કુંમરને લાવે જનની મંદીરે, દાસી પ્રીયંવદા જાયે તેણી વાર. માતા૦ ૪ રાજા સીધારથને દીધી વધામણી, દાસીને દાન માન દીએ મનુહાર, ક્ષત્રી કુંડમાંહે ઓછવ મંડાવીયો; પ્રજા લોકોને હરખ અપાર. માતા૦ ૫ ઘરઘર શ્રીફળ તોરણ તાડજ બાંધીયાં, ગોરી ગાવે મંગળ ગીત રસાળ; રાજા સીધારથ જન્મઓછવ કરે, માતા ત્રીસલા થઈ ઊજમાળ. માતા૦ ૬ માતા ત્રી-

સલા ઝુલાવે પુત્ર પાલણે. ઝુલે લાડકડા પ્રભુજી આણંદભેર; હરખી નિરખીને ઇંદ્રાણીઓ જાયે વારણે, આજ આણંદ રૂડા વીર કુંવરને ઘેર. માતા૦ ૭ વીરના મુખડા ઉપર વારૂ કોડી ચંદ્રમા, પંકજ લોચન સુંદર વિશાલ કપોલ; સુખ ચંચુક સરખી દીસે નીરમળ નાસીકા, કોમળ અધુર અરૂણ રંગ રોલ. માતા૦ ૮ ઓપધી સોવન મંદીરે સોહીએ હાલરૂ, નાજુક આભ્રણ સઘળા કંચન મોતીહાર; કર અંગુઠો ધાવે વીરકુમાર હરખે કરી, કાંઈ બોલાવતાં કરે કીલકાર. માતા૦ ૯ વીરને કપાળે કીધો છે કુમકુમ ચાંદલો સોભે જડીત મુગટ મણીમય દીસે લાલ, જુગતે આંજીછે અણીઆળી બેઊ આંખડી, સુખકર કસ્તુરીનું ટબકુ કીધું ગાલ માતા૦ ૧૦ કંચન સોળે જાતના રત્ને જડીઉ પાલણું, ઝુલાવતી વેળા થાય ઘુઘરનો ઘમકાર. ત્રિસલા વિવિધ વચને હરખી ગાવે હાલારૂ, ખેંચે ફુમતીઆળી કંચન દોરી સાર. માતા૦ ૧૧ મારો લાડકવાઓ સરખા સંગે રમવા જશે, મનોહર સુખડલી હું આપીશ એહને હાથ; ભોજન વેળા રમઝમ રમઝમ કરતો આવશે, હુંતો ધાઈને બીડીસ રૂદીયા સાથ. માતા૦ ૧૨ હંસ કારડવ કોકીલ પોપટ પારેવા, માંહે બપઈયાના સાદ ચકોર; મેના મોર મેલ્યાં છે રમકડાં રમવા તાણાં, ઘમઘમ ઘુઘરો બજાવે ત્રીસલા નંદ કીસોર. મતા૦ ૧૩ મારો વીર કુંવર નીશાળે ભણવા જશે, સાથે સજન કુટંબ પરીવાર, હાથી ઘોડા રથ પાળા એ ભલા સોભતા, કરીશ નીશાળગરણું અતી મનોહાર. માતા૦ ૧૪ મારા

વીર સમાણી કન્યા એહને લાવસ્યું, મારા વીર કુંવરને પરણાવીશ મોટે ઘેર. મારો લાડકડો વરરાજા ઘોડે બેસશે મારો વીર તે કરસે સદાએ લીલા લહેર માતા૦ ૧૫ ત્રિસલા માતા ગાવે વીર કુંવરનું હાલરૂ, મારો નંદન જીવજો કોડા કોડી વરસ, એતો રાજ રાજેસર થસે ભલો દીપતો. મારા મનના મનોરથ પુરસે જગીશ. માતા૦ ૧૬ ધંન ધન ક્ષત્રી કુંડ નયન મનોહરૂં, જ્યાં વીર કુંવરનો જન્મ ઓછવ ગવાય. રાજા સીધારથના કુળ માંહે દીનમણી, ધન ધન ત્રીસલા રાણી જેહુની માય. માતા૦ ૧૭ એમ સઈયર ટોળે મળી ગાવે હાલરૂ. થાશે મનના મનોરથ તેહને ઘેર; અનુક્રમે રૂપવીજય મહોદય પદવી પામસે, ગાય અમીવીજય કહે થાશે લીલા લહેર. માતા ત્રીશલા૦ ૧૮

ओच्छव.

ઓછવ રંગ વધામણાં પ્રભુ પાસને નામે,
કલ્યાણક ઓછવ કીયો, ચડતે પરીણામે ઓછવ૦ ૧
સત વરસાયુ જીવીને, અક્ષય સુખ સ્વામિ;
તુમ પદ શેવા ભક્તિમાં, નવી રાખું ખામી. ઓછવ૦ ૨
સાચી ભગતે સાહિબા, રીઝો એક વેળા;
શ્રી શુભ વિર હોયે સદા, મન વંછીત મેળા. ઓછવ૦ ૩

आरतीओ.

આરતી ૧

જે જે આરતિ આદી જીનંદા;
નાભિ રાયા મરૂદેવીકો નંદા. જે જે૦ નાભી૦
પહેલી આરતી પુજા કીજે;
નરભવ પામી લાવો લીજે. જે જે૦ નાભી૦
દુસરી આરતી દીન દયાળ;
ધુળેવ મંડપમાં જગ અજવાળ્યાં. જે જે૦ નાભી
તીસરી આરતી ત્રીભોવન દેવા;
સુરીનર ઇંદ્ર કરે તારી શેવા. જે જે૦ નાભી૦
ચોથી આરતી ચઊ દશ ચુરે;
મન વંછીત ફળ શીવસુખ પુરે. જે જે૦ નાભી૦
પાંચમી આરતી પુન્ય ઉપાયા?
મુળચંદજી રીખવ ગુણ ગાયા. જે જે૦ નાભી૦

આરતી. ૨

પેહેલી આરતી પ્રથમ જીણંદા, સેત્રુંજા મંડણ રીખવ જી-
ણંદા. ૧ દુસરી આરતી મરૂદેવા નંદા, જુગલા ધર્મનીવાર
ન ખંડા; ત્રીસરી આરતી ત્રીભોવન મોહીયે, રત્ન સીંધા-
સન મારા પ્રભુજીને સોહીએ, ૨ ચોથી આરતી નીત નવી

પુજા, દેવ નિરંજન અવર ન દુજા, પંચમી આરતી પ્રભુજી કે સોહીએ; પ્રભુજી કે ગુણ સેવક ગાવે. ૩ આરતી કીજે પ્રભુ સાંત્તી જીણુંદકી, હરણ લંછનકી મેં જાઉ બલિહારી, વિસ્વસેન અચરાજીકો નંદા, સાંતીનાથ મુખ પુનમ ચંદા. ૪ આરતી કીજે પ્રભુ નેમજીણુંદકી, સંખ લંછનકી મેં જાઉ બલિહારી, સમુદ્રવીજે સિવાદેવિકો નંદા, નેમનાથ મુખ પુનમ ચંદા. ૫ આરતી કીજે પ્રભુ પાસ જીણુંદકી, મણીધર લંછન જાઉ બલિહારી, અશ્વસેન વામાજીકો નંદા, પારશ્વનાથ મુખ પુનમ ચંદા. ૬ આરતી કીજે પ્રભુ વીર જીણુંદકી, સિંહ લંછનકી મેં જાઉ બલિહારી; સીધારથ રાજા ત્રીસલા દેવિકો નંદા, વીર જીણુંદ મુખ પુનમ ચંદા. ૭ આરતી કીજે પ્રભુ ચોવીસ જીણુંદકી ચોવીસ જીણુંદકી મેં જાઉં બલિહારી. ૮

મંગળદીવો.

દીવોરે દીવો મંગળીક દીવો, આરતી ઉતારોને બહુ ચિરંજીવો. શોહમણો ઘેર પરવ દીવાળી. અમર ખેલે અબળા નારી; દીપાળ ભણે એને કુળ અજુવાળી, ભાવે ભકતે વદન નિહાળી, દીપાળ ભણે જેણે એ કળીકાળે, આરતી ઉતારી રાજા કુંવર પાળે; તમ ઘર મંગળીક અમ ઘર મંગળીક, ચતુરવીધ સંઘને હોજો, દીવોરે દીવો મંગળીક દીવો, આરતી ઊતારોને બહુ ચિરંજીવો.

શ્રી નવ અંગ પુજાના દુહા.

જળ ભરી સંપુટ પત્રમાં, જુગલીક નર પુજંત;
રીખભ ચરણ અંગુઠડે, દાયક ભવજળ અંત. ૧
જાનું બળે કાઉસગ રહ્યા, વિચરયા દેશ વિદેશ;
ખડાં ખડાં કેવળ લહ્યું, પુજો જાનું નરેસ. ૨
લોકોંતિક વચને કરી, વરસ્યા વરશીદાન;
કરકંડે પ્રભુ પુજતાં, પુજો ભવિ બહુ માન. ૩
માન ગયો દોય હંસથી, દેખી વીરજય અનંત;
ભુજા બળે ભવજળ તરયા, પૂજો ખંધ મહંત. ૪
સિદ્ધસલા ગુણ ઉજળી, લોકંતે ભગવંત;
વશીયા તેણે કારણ ભવી, સિધ શીખ્યા પુજંન. ૫
તિરથંકર પદ પુન્યથી, ત્રિભુવન જન શેવંત;
ત્રિભુવન તીલક સમા પ્રભુ, ભાળ તિલક જયવંત. ૬
સોળ પહોર પ્રભુ દેશના, કંઠે વિવર વરતુલ;
મધુરધુની સુરનર સુણે, તીણે ગળે તિલક અમુલ. ૭
રૂદય કમળ ઉપસમ બળે, બાળ્યા રાગને રોશ;
હેમ દહે વન ખંડને, રૂદય તીલક સંતોષ. ૮
રત્ન ત્રઈ ગુણ ઉજળી, સકળ શુગુણ વીશરામ;
નાભી કમળની પુજના, કરતાં અવિચળ ધામ. ૯
ઉપદેશક નવ તત્વના, તિણે નવ અંગ જીણંદ;
પુજા બહુ વીધ રાગશું, કહે શુભવીર મુણંદ. ૧૦

અથ ચૈતવંદન કરવાની વિધી.

(પ્રથમ) ઈચ્છામિ ખમાસણો વંદિઊજાવણિજ્જાએ
નિસીહિએઆએ મચ્થેણ વંદામિ. ૧ (પછી)
ઈચ્છાકારેણ સંદિસહ ભગવાન્ ચૈતવંદન કરૂં.
(એમ કહીને ચૈતવંદન કરવું. પછી)

अथ जंकिंचि.

જંકિચિ નામતિથ્થં, સગ્ગે પાયાલિ માણુશેલોએ; જાંઈ જીણ બિંબાઈ, તાઈ સવાઈ વંદામિ. ૧

अथ नमुथ्थुणं.

નમુથ્થુણં, અરિહંતાણં ભગવંતાણં. ૧ આઈગરાણં તિથયરાણં સયસંબુધાણં. ૨ પુરિસુત્તમાણં પુરિસસીહાણં, પુરિસવર પુંડરિઆણં; પુરિસવર ગંધહથ્થીણં. ૩ લોગત્તમાણં લોગનાહાણં લોગહિયાણં લોગપઈવાણં લોગપજ્જોગરાણં. ૪ અભયદયાણં ચખ્ખુ દયાણં મગ્ગંદયાણં શરણ દયાણં બોહિદયાણં. ૫ ધમ્મ દયાણં ધમ્મ દેસયાણં ધમ્મનાયગાણં ધમ્મ સારહીયાણં ધમ્મવર ચાઉરંત ચક્કવટ્ટીણં. ૬ અપ્પડિહય વરનાણં દંસણધરાણં વિયટ્ટ છઉમાણં. ૭ જીણાણં જાવયાણં તિન્નાણં તારયાણં બુદ્ધાણં બોહીયાણં મુત્તાણં મોયગયાણં. ૮ સવ્વનૂણં સવ્વ દરિસીણં સીવ

મયલ મરૂઅ મણંત મખ્ખય મવ્વાબાહ મપુણ રાવિત્તી સિદ્ધિગઈ નામધેઅં ઠાણં સંપત્તાણં નમો જીણાણં જિય ભયાણં, ૯ જેઅ અઈઆ સિદ્ધા જેઅ ભવિસ્સંત્તણા ગએકાલે સંપઈઅ વટ્ટમણા સવ્વેતિવિહેણં વંદામિ. ૧૦

अथ जावंतिचेइआए.

જાવંતિ ચેઈઆએ ઉઢેઅ અહેઅ તિરિઅલોએઅ સવ્વાઇ તાઇવંદે ઈહસંતો તથ્થસંતાઇ. ૧

જાવંતકેવિસાહુ ભરહેરવય મહાવિદેહેઅ સવ્વેસિંતેસિપણઓ તિવિહણં તિદંડ વિરયાણં. ૨

अथ प्रमेष्टीनमन.

નમોર્હત્ સિદ્ધાચાર્યોપાધ્યાય સર્વ સાધુભ્યઃ

[એટલું કહ્યા પછી સ્તવન કેહેવું. પછી હાથ જોડીને.]

अथ जयवीअराय.

જયવીઅરાય જગગુરૂ હોઉ મમં તુહ પભાવઓ ભયવં ભવનિવ્વેઓ મગ્ગાણુસારિઆ ઈઠ્ઠફલ સિધ્ધિ. ૧ લોગ વિરૂદ્ધ ચ્ચાઉ ગુરૂજણ પુઆ પરથ્થ કરણંચ સુહગુરૂજોગો તવ્વયણ સેવણા આભવ મખંડા. ૨ વારિજઇજઇ વિનિઆણ બંધણ વીઅરાય તુહસમયે તહવિમમ હુજ્જસેવા ભવે ભવે તુમ્હ ચલણાણં. ૩ દુખ્ખખ્ખઓ કમ્મખ્ખઓ

સમાહિ મરણુંચ બોહિલાભોઅ સંપજ્જઉ મહએઅં તુહ-નાહ પ્રણામ કરણેણું. ૪ સર્વ મંગળ માંગલ્યં સર્વ કલ્યાણ કારણં પ્રધાનં સર્વધર્માણું જૈનં જયતિ સાસનં. ૫

[પછી ઉભા થઈને]

अथ अरिहंतचेइआणं.

અરિહંત ચેઈઆણું કરેમિ કાઉસ્સગં વંદણ વત્તિ-આએ, પુઅણ વત્તિઆએ; સક્કારવત્તિઆએ, સમ્માણ વ-ત્તિઆએ; બોહિલાભ વત્તિઆએ, નિરૂસગ્ગ વત્તિઆએ. ૨ સિદ્ધાએ મેહાએ ધિઈએ ધારણાએ અણુપ્પેહાએ, વદ્ધમા-ણીએ ઠામિકાઉસ્સગ્ગં. ૩

अथ अन्नथ्थउसासिएणं.

અન્નથ્થઉસસિએણં નીસસિએણં ખાસિએણં છીએ-ણં જંભાઈએણં ઉડુએણં વાયનિસગ્ગેણં ભમલિએપિત્તમુ-છાએ. ૧ સુહુમેહિં અંગસંચાલેહિં સુહુમેહિં ખેલસંચાલેહિં સુહુમેહિં દિઠ્ઠસંચાલેહિં. ૨ એવમાઈએહિં આગારેહિં અ-ભગ્ગો અવિરાહિઓ હુજ્જમે કાઉસ્સગ્ગો. ૩ જાવ અરિહં-તાણું ભગવંતાણું નમુક્કારેણું નપારેમિ. ૪ તાવકાયં ઠાણે-ણં મોણેણં ઝાણેણં અપ્પાણું વોસિરામિ. ૫

[પછી ઉભા થઈ એક નવકારનો કાઉસગ પાળીને પછી થોય કહેવી, પછી ખમાસમણ લેવું.]

સમાપ્ત.

જાહેર ખબર.

આ ઉપરથી સર્વે લોકોને ખબર આપવામાં આવેછે કે હરેક જાતના કાયદા વારતાઓ છોકરાઓને ભણવાની સરકારી ચોપડીઓ અને જૈન ધર્મનાં પુસ્તકો વિગેરે અમદાવાદમાં રીચીરોડના રસ્તા ઉપર બુકસેલર શા. બાલાભાઈ નગીનદાસની દુકાનેથી તથા ઝવેરીવાડે નીસા પોળમાંથી રોકડી કીમતે મળશે તથા અમારા સીલા પ્રેસમાં સારૂ સસ્તુ અને સફાઈદાર કામ કરી આપવામાં આવશે.

સહી. બાલાભાઈ નગીનદાસ.